ISSN-0971-8397

# યોજના

જૂન-૨૦૧૫ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૧૦

## વૈકલ્પિક દવાઓ : સર્વાંગી આરોગ્ય માટેનો કુદરતી માર્ગ







યોગા : તંદુરસ્ત રહેવાનો સુખી માર્ગ

આયુર્વેદના ઉદ્‌ભવ અને વિકાસનાં વિવિધ પાસાં

હોમિયોપેથી : મૃદુ દવા વડે સૌમ્ય સારવાર

International Day of Yoga
21 June
Yoga for Harmony & Peace

ભારત પ્રગતિના પંથે

ઊર્જા ક્ષેત્રને નવી ઊંચાઈએ પહોંચાડવાનું લક્ષ્ય

મૂડીરોકાણ, વિકાસ અને રોજગારી માટે સુધારા પર ધ્યાન કેન્દ્રીત કરતી સરકાર

શ્રમ સુધારા : વેપારને સફળ બનાવવા તરફનું પગલું

આપ જાણો છો ?

## હવાની ગુણવત્તાનો રાષ્ટ્રીય સૂચકાંક

એર ક્વોલિટી ઈન્ડેક્ષ (AQI) એ "એક નંબર - એક રંગ - એક વિવરણ" મિકેનિઝમ(સંરચના) છે જે દ્વારા સામાન્ય માનવી પણ હવાની ગુણવત્તાનું માપ કાઢી શકે છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત દેશભરમાં સ્વચ્છતાનું વલણ અમલી બનાવવાનાં સરકારના મિશનનો આ એક ભાગ છે. એર ક્વોલિટી ઈન્ડેક્ષ હવાની ગુણવત્તાની અસરકારક વિગતો લોકોને મળી રહે તે માટેનું એક સાધન છે. સ્વચ્છતાના મુદ્દાને મિશન મોડમાં લાવવા હવાની સ્વચ્છતાની જાળવણી લોકઝુંબેશનો એક ભાગ રહેશે. આ પગલાંનો હેતુ વાતાવરણને સુધારવાનો, તેનું જતન કરવાનો અને તેના વિકાસનો છે.

હવાની ગુણવત્તા હાલનાં માપ અનુસાર તેમાં આઠ પેરામીટર્સનો સમાવેશ કરાયો છે. એર ક્વોલિટી ઈન્ડેક્ષની છ કેટેગરી છે : સારી, સંતોષકારક, મધ્યમ, ખરાબ, અતિ ખરાબ અને અતિશય રીતે પ્રદૂષિત. આ સૂચિત ઈન્ડેક્ષ આઠ પ્રકારનાં પ્રદૂષકો અંગે વિચારણા/સમીક્ષા કરશે, જે માટે ટૂંકા ગાળાના (૨૪ કલાકની અવધિનો સરેરાશ સમયગાળો) નેશનલ એમ્બીયન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ નિયત કરાયા છે. આ તારણો, ધોરણો અને આરોગ્ય પર થનારી અસરોને આધારે આ બધાં પ્રદૂષકો સંબંધમાં એક પેટાઈન્ડેક્ષની ગણતરી કરાશે. ખરાબમાં ખરાબ પેટાઈન્ડેક્ષ સરેરાશ હવાની ગુણવત્તા દર્શાવશે.

ખાસ કરીને આપણા શહેરી વિસ્તારોમાં હવામાં ફેલાતું પ્રદૂષણ વાતાવરણને બગાડે છે અને આરોગ્ય માટે પણ જોખમ ઊભું કરે છે. કેન્દ્રીય તથા રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે મળીને રાષ્ટ્રીય એર મોનિટરિંગ કાર્યક્રમ અમલી બનાવાયો છે. આથી એ મહત્ત્વનું છે કે હવાની ગુણવત્તા અંગેની માહિતી લોકો સમક્ષ એ રીતે મૂકવી જેથી સામાન્ય વ્યક્તિ પણ સરળતાથી સમજી શકે. સ્વચ્છતાની આદતને વિસ્તૃત બનાવવા શાળા/કૉલેજના અભ્યાસક્રમમાં સંવેદનશીલતા અંગેનો કાર્યક્રમ દાખલ કરવા પણ વિચારાયું છે.

### પહલ (PAHAL) યોજના

પહલ એટલે એલ.પી.જી. માટેની પ્રત્યક્ષ હસ્તાંતરિત લાભ યોજના. કેન્દ્ર સરકાર દ્વારા ૧ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ આ યોજના શરૂ કરાઈ છે જેનો હેતુ રાંધણગેસનાં ગ્રાહકોને લાભાન્વિત કરવાનો છે. આ યોજના હેઠળ, એલ.પી.જી. સિલિન્ડર કેશ ટ્રાન્સફર કમ્પ્લાયન્ટ વપરાશકારને બજાર કિંમતે વેચવામાં આવે, જેમાં રોકડ સબસિડીને લાભાર્થીનાં બેન્કના ખાતામાં સીધે સીધી હસ્તાંતરિત કરવામાં આવે છે. આ માટે નીચે પ્રમાણેની બે પદ્ધતિઓ છે :

૧. **મુખ્ય પદ્ધતિ :** જે વપરાશકારો પાસે આધાર નંબર હોય તે બેંક ખાતામાં સબસિડી સીધી મેળવવા તેને બેંક એકાઉન્ટ સાથે જોડી દેવી.

૨. **અન્ય (ગૌણ/વૈકલ્પિક) પદ્ધતિ :** જેમની પાસે આધાર નંબર નથી તેવા વપરાશકારોને તેમના ખાતામાં સબસિડી મેળવવા તેમનો ખાતા નંબર, ખાતા ધારકનું નામ, આઈ.એફ.એસ.સી. કોડ વગેરે જેવી સંબંધિત બેંકના ખાતાની વિગતો એલ.પી.જી. વિતરક પાસે જમા કરાવ્યા બાદ મેળવી શકે છે.

સબસિડી સીધી તેમના બેંક ખાતામાં જમા કરાવતા વપરાશકારોને કેશ ટ્રાન્સફર કમ્પ્લાયન્ટ (સી.ટી.સી.) વપરાશકારો કહેવાય છે. આમ છતાં નોન-સી.ટી.સી. વપરાશકારોને સી.ટી.સી. વપરાશકાર બનવા માટે ત્રણ મહિનાનો (વધારાના ત્રણ મહિનાના પાર્કિંગ સમયગાળા સાથે) ગ્રેસ પીરિયડ આપવામાં આવે છે. પરંતુ આ સમય દરમ્યાન, નોન-સી.ટી.સી. વપરાશકારોને એલ.પી.જી. સિલિન્ડર બજાર કિંમતે આપવામાં આવશે.

પહલ યોજના સાથે જોડાતા દરેક સી.ટી.સી. વપરાશકારને એક વખત માટે આગોતરી રકમ આપવામાં આવશે. આગોતરી રકમ સમયાન્તરે સરકાર દ્વારા નક્કી કરવામાં આવશે અને તે નાણાકીય વર્ષ દરમ્યાન તે સ્થિર રહેશે. આ આગોતરી રકમ વપરાશકારો પાસે તેમના કનેક્શન બંધ કરાવવા સુધી રહેશે.

પહેલા તબક્કામાં દેશના ૫૪ જિલ્લાઓમાં અને દેશના બાકી ભાગોમાં ૧ જાન્યુઆરી, ૨૦૧૫થી આ સુધારેલી યોજનાનો પુન:પ્રારંભ કરાયો છે.


આગામી આકર્ષણ

જુલાઈ ૨૦૧૫

આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નવા પરિમાણ

# યોજના

YR. XLIII VOL. III

નિયામક અને મુખ્યતંત્રી
**દીપિકા કચ્છલ**

નાયબ નિયામક : **અમિતા મારુ**
તંત્રી : **અજય ઇન્દ્રેકર**

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતાં લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

**છૂટક નકલ : રૂ. ૧૦-૦૦**
**વાર્ષિક લવાજમ : રૂ. ૧૦૦-૦૦**
**બે વર્ષ : રૂ. ૧૮૦-૦૦**
**ત્રણ વર્ષ : રૂ. ૨૫૦-૦૦**

લવાજમની રકમ “S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦ Yojana (Guj.)”ના નામે મનીઓર્ડર/ચેક/બેંક ડ્રાફ્ટથી મોકલી શકાશે. લવાજમ મોકલવાનું સરનામું :

**યોજના કાર્યાલય**

લોંગ લાઈફ હોસ્પિટલ બિલ્ડિંગ,
યુ.કો. બેંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦


# આયોજન અને વિકાસને સમર્પિત


**વર્ષ : ૪૩ અંક : ૩ જૂન-૨૦૧૫ સળંગ અંક : ૭૭૪**


## વિષયસૂચિ


| | | |
|---|---|---|
| યોગા : તંદુરસ્ત અને સુખી થવાનો યોગ્ય માર્ગ | ડૉ. ઈશ્વર વી. બાસવરાડ્ડી | ૫ |
| આયુર્વેદના ઉદ્ભવ અને વિકાસના વિવિધ પાસાં | ડૉ. ડી. સી. કટોચ | ૧૧ |
| ઊર્જા ક્ષેત્રને નવી ઊંચાઈએ પહોંચાડવાનો લક્ષ્યાંક | કે. આર. સુધામન | ૧૭ |
| હોમિયોપેથી - એકદમ મૃદુ દવા વડે સૌમ્ય સારવાર | ડૉ. રાજ કે. માનચંદા અને ડૉ. હરલીન કૌર | ૨૨ |
| મૂડીરોકાણ, વિકાસ અને રોજગારી માટે સુધારા ઉપર ધ્યાન કેન્દ્રીત કરતી સરકાર | પ્રવાકર સાહૂ અને અભિરૂપ ભુનીઆ | ૨૫ |
| શ્રમ સુધારા : વેપારને સરળ બનાવવા તરફનું પગલું | દિપક રાઝદાન | ૩૧ |
| સિધ્ધ — પ્રાચીન ઉપચાર પ્રણાલી | ડૉ. કૃષ્ણામાચારી | ૩૬ |
| યુનાની — સ્વાસ્થ્ય અને ઉપચારનું વિજ્ઞાન | પ્રોફેસર રઈસ-ઉર રહમાન | ૩૯ |
| વૈકલ્પિક ઉપચારમાં સમૂહ માધ્યમોની ભૂમિકા | મિત્તલ રાજગોર | ૪૪ |
| આર્થિક વિકાસમાં પ્રવાસનની ભૂમિકા | પ્રેમ સુબ્રમણ્યમ | ૪૭ |
| ભારતનું પર્યટન : એક અનુભવ | ખુશાલી જે. પટેલ | ૫૧ |
| જન સુરક્ષા યોજના : સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવી | — | ૫૪ |


## ટાઈટલ


- આવરણ ડિઝાઈન : — ૧
- આપ જાણો છો ? : હવાની ગુણવત્તાનો રાષ્ટ્રીય સૂચકાંક ૨
- ઈન્ડિયા/ભારત ૨૦૧૫ : ઈ-બુક્સનાં સ્વરૂપમાં ૩
- પ્રકાશન વિભાગનાં પુસ્તકો : — ૪



**Website : www.yojana.gov.in**
**E-mail Address : yojanagujarati@gmail.com**

# તંત્રીલેખ

ઘણા સમય પહેલાં ચાર્લ્સ ડાર્વિને ઉત્ક્રાંતિ માટેનો સિદ્ધાંત આપ્યો તે પ્રમાણે પર્યાવરણ સાથે અનુકુલન સાધી શકતી પ્રજાતિઓની ટકી શકવાની શક્યતા, પર્યાવરણ સાથે અનુકૂલન સાધી ના શકતી પ્રજાતિઓથી વધારે છે. આ સ્પર્ધા અને ટકવાની ઇચ્છાને કારણે માનવજાતને નવી નવી શોધો કરવા અને જીવવાના નવીન અને ટકાઉ રસ્તા શોધવા ફરજ પાડે છે. આજના સમયમાં રોજિંદી જિંદગીમાં કોઈપણ આધુનિકરણની ઉપયોગિતા અને અસરોને અવગણી શકાય નહિ. ખાસ કરીને આ નવીનતાઓ દરરોજની જિંદગીને સરળ બનાવે છે આ બાબત વ્યવહારિક રીતે સાચી છે કેમ કે સંદેશાવ્યવહાર અને મુસાફરી કરવામાં ઘણી ઝડપ આવી છે અને દવાના ક્ષેત્રે નવા સોપાનો સર કર્યા છે. અદ્યતન નિદાન તકનિકો અને સારવાર માટેની સગવડોએ જીવન બચાવવાના વ્યવસાયને એક તદ્દન જુદું જ પરિમાણ પૂરું પાડ્યું છે.

તે જ સમયે સિક્કાની બીજી બાજુ એ છે કે માનવના કુદરત સાથેના વધુ પડતા હસ્તક્ષેપ અને બિનઆરોગ્યપ્રદ જીવનશૈલીના પરિણામે વધુ ગંભીર અને કોઈ તબીબી ઉપચાર શક્ય હોય નહિ તેવી બીમારીઓના સ્વરૂપમાં વેદના વધુને વધુ વધતી જાય છે. જ્યાં આધુનિક  ટેક્નોલૉજી બિમારીઓની સારવાર માટેના નવા નવા રસ્તાઓ શોધવા પ્રયત્ન કરે છે, તે આ પ્રક્રિયાને અટકાવી શકતી નથી અથવા તો તેની અસરને ઉલટાવી પણ શકતી નથી. આ પરિસ્થિતિમાં માનવજાતે પાછળ ફરીને કુદરત તરફ જોવાનું શરૂ કર્યું છે અને ત્યાં જ વૈકલ્પિક દવાઓ અને ઉપચારોની ભૂમિકા આવે છે. તે કુદરતના સમતોલનને પુનઃસ્થાપિત કરવાના સિદ્ધાંત ઉપર કાર્ય કરે છે અને માનવજીવનમાં ફરીથી કુદરત સાથે સુમેળ લાવે છે. ભારતની પરંપરાગત ચિકિત્સા પદ્ધતિ આ જ મૂળ હેતુ ઉપર આધારિત છે. જેનો આશય રોગની સારવાર કરવાને બદલે સમગ્ર સ્વાસ્થ્ય સુધારણા કરવાનો  હોય છે. આયુર્વેદ, હોમિયોપેથી, નેચરોપથી, યોગ, યુનાની, સિધ્ધા આ બધી વૈકલ્પિક ચિકિત્સાઓ એક એવી જીવનશૈલીની હિમાયત કરે છે કે જેનાથી સ્વસ્થ શરીર, સ્વસ્થ મન અને એકંદરે આપણા મન અને શરીરની સુખાકારીને જાળવી રાખે.

આયુર્વેદ અને યોગ એ ૫૦૦૦ વર્ષથી પણ વધુ પ્રાચીન એવી ભારતીય વિદ્યાઓ છે. તેમ જ સિધ્ધા એ પ્રાચીન ભારતીય દવાની પદ્ધતિઓમાંની એક છે જે દક્ષિણ ભારતમાં પ્રચલિત હતી, યુનાની પારંપરિક પદ્ધતિનાં મૂળ પ્રાચીન ગ્રીસમાં જોવા મળે છે. હોમિયોપેથી ૧૮મી સદીની શરૂઆતમાં જર્મન તબીબ સેમ્યુઅલ હેનમેનને વિકસાવી હતી. આ બધી પદ્ધતિઓને વર્ષોથી લોકો દ્વારા પ્રોત્સાહન મળતું આવ્યું છે. બધી જ વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓને હાલના સમયમાં વિશ્વભરમાં સ્વીકૃતિ અને લોકપ્રિયતા પ્રાપ્ત થઈ છે. આ માટેનું કારણ એ હોઈ શકે કે આ પદ્ધતિઓ અસરકારક હોવાની સાથેસાથે સસ્તી છે, આડઅસરો વિનાની, આ ઉપચાર પદ્ધતિઓ કેટલીક ક્રોનિક (લાંબાગાળાની) બિમારીઓમાં અને છેલ્લા સ્ટેજના દર્દીઓને પણ રાહત આપવા શક્તિમાન છે. આધુનિક ચિકિત્સા પાસે આવી પરિસ્થિતિઓ માટે નિરાકરણ કે જવાબ હોય તે જરૂરી નથી. વિશ્વભરની સંસ્થાઓએ આ બધી પદ્ધતિઓને વધુ ઊંડાણથી સમજવા સંશોધનો હાથ ધર્યા છે.

વિશ્વભરમાં સરકારો આ ચિકિત્સાઓને લોકપ્રિય બનાવવા માટે નીતિઓ નક્કી કરવા પ્રયત્ન કરે છે જેથી સમાજના ગરીબ લોકો વધુ ફાયદો મેળવી શકે. ભારતમાં આયુર્વેદ, યોગ અને નેચરોપથી, યુનાની, સિધ્ધા અને હોમિયોપેથી પદ્ધતિ (AYUSH)માં શિક્ષણ અને સંશોધન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સંપૂર્ણ વિકસિત મંત્રાલય રચવામાં આવ્યું છે. મંત્રાલય, આયુષ (AYUSH)ના શૈક્ષણિક ધોરણોનું સ્તર ઊંચું લાવવા, ગુણવત્તા જાળવવા અને ઔષધોના માનક નક્કી કરવા, સંશોધન અને વિકાસ અને આજની પેઢીમાં દેશમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની અસરકારકતા વિષે જાગૃતિ લાવવા ઉપર ભાર મૂકતું રહે છે.

સંયુક્ત રાષ્ટ્રોએ પણ યોગના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુખાકારી માટેના સંયુક્ત ફાયદાઓને ઓળખ્યા છે અને ડિસેમ્બર, ૨૦૧૪ની તેમની સામાન્ય સભામાં દર વર્ષની ૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવા માટે એક ઠરાવ પસાર કર્યો હતો. ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ પહેલા વર્ષની ઉજવણી થશે.

આ પ્રસંગે 'યોજના' એ પણ વાચકોને કેટલીક વૈકલ્પિક પદ્ધતિઓ, તેનું સંચાલન કરતા સિદ્ધાંતો, તેમનાથી થતાં ફાયદાઓ તેમજ ખામીઓનું આંતરદર્શન કરાવવાનો નિર્ધાર કર્યો છે. હાલની સરકારને સત્તામાં એક વર્ષ પૂર્ણ થવામાં છે ત્યારે, છેલ્લા વર્ષ દરમ્યાન હાથ ધરાયેલા કેટલાંક મુખ્ય પગલાંઓમાંના એક તરીકે અને રોજગારીની તકો ઊભી કરવા, ગરીબી નાબૂદ કરવા, ગરીબ અને અમીર વચ્ચેની ખાઈ પૂરવા અને ભારતીય અર્થતંત્રના એકંદરે વિકાસ ઉપર તેની અસરોના પૃથ્થકરણ વચ્ચે આ મુદ્દાને પણ એક ઝલક મળી છે.

કોઈપણ એવા તારણ પર આવી  શકે કે વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિ, એ વૈકલ્પિક જરાય નથી, પરંતુ સ્વાસ્થ્ય જાળવણીની પદ્ધતિનો પાયો છે અને તેથી તે દરેકની જિંદગીનો એક ભાગ બની જવો જોઈએ. તેને પર્યાપ્ત અને ઉચિત સરકારી નીતિઓ  સાથે જોડી દઈને દરેક ભારતીય નાગરિક માટે સરળ અને સ્વસ્થ જિંદગી સુનિશ્ચિત કરી શકાય છે.

# યોગા : તંદુરસ્ત અને સુખી થવાનો યોગ્ય માર્ગ

• ડૉ. ઈશ્વર વી. બાસવરાડ્ડી •

**પરિચય**

યોગા એ સંપૂર્ણપણે સૂક્ષ્મ વિજ્ઞાન પર આધારિત એક આધ્યાત્મિક અભ્યાસનો વિષય છે, જે મન અને શરીર વચ્ચે સંવાદિતા લાવવાનું કામ કરે છે. તે એક કળા અને તંદુરસ્ત રીતે જીવવાનું વિજ્ઞાન છે. યોગાનો સમગ્ર દૃષ્ટિકોણ ખૂબ સારી રીતે પ્રસ્થાપિત થયેલો જ છે અને તે જીવનના તમામ પાસાઓમાં સંવાદિતા લાવવાનું કામ કરે છે. અને આમ તે રોગ અટકાવવાનું, આરોગ્ય વૃદ્ધિનું અને જીવનની શૈલીને કારણે થતાં વિકારોનું વ્યવસ્થાપન કરે છે.

યોગા શબ્દ મૂળભૂત રીતે સંસ્કૃતના 'યુજ'માંથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ જોડાવવું અથવા એક થવું એવો થાય છે. યોગના હસ્તલિખિત શાસ્ત્ર કે ધર્મપુસ્તકમાં જણાવ્યાં પ્રમાણે યોગા કરવાથી વ્યક્તિગત આંતર પ્રતીતિ સભાનતાને વૈશ્વિક આંતર પ્રતીતિ સાથે જોડવાનું કામ કરે છે અને તેનાથી મન અને શરીર તથા માનવી અને પ્રકૃતિ વચ્ચે સંપૂર્ણ સંવાદિતા બને છે. યોગાનો હેતુ આત્મજ્ઞાન મેળવવાનો છે જેનાથી તમામ પીડાઓ ઉપર કાબૂ મેળવીને મોક્ષ કે સ્વતંત્રતા (કૈવલ્ય) તરફ જઈ શકાય. નિયમિત યોગા કરવાથી જીવનના દરેક પાસાથી સ્વતંત્રતા, તંદુરસ્તી અને સંવાદિતાના મુખ્ય હેતુ મેળવી શકાય છે. વિશ્વમાં સભ્યતા-સંસ્કૃતિની શરૂઆત થઈ તે સમયકાળથી જ યોગાની શરૂઆત થઈ હોવાનું મનાય છે. યોગા સિંધુ સરસ્વતી ખીણ સભ્યતા કે જે ઈ.સ. પૂર્વે ૨૭૦૦માં વિકસી હતી તે સભ્યતાનું અવિનાશી સાંસ્કૃતિક બાહ્ય સ્વરૂપ એટલે યોગા, એમ મુખ્યત્વે માનવામાં આવે છે અને યોગાએ પૂરવાર કર્યું છે કે તે માનવતાના ભૌતિકવાદ અને આધ્યાત્મિકતાવાદ એમ બંનેના ઉત્થાનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

**યોગાનો મૂળ અને વિકાસ**

વિશ્વમાં પ્રથમ ધર્મ કે માન્યતા પદ્ધતિનો જન્મ થયો તેના વર્ષો પહેલાં યોગાનું વિજ્ઞાન અસ્તિત્વમાં હતું. આમ યોગા વિજ્ઞાનના મૂળ હજારો વર્ષ પહેલાના છે. યોગ માન્યતા પ્રમાણે, ભગવાન શિવને પ્રથમ યોગી કે આદિયોગી અને પ્રથમ ગુરુ કે આદિગુરુ માનવામાં આવે છે. કેટલાય હજારો વર્ષ પહેલાં હિમાલયમાં કાંતિસરોવરના કાંઠે આદિગુરુ, શિવજીએ દંતકથા સમાન સપ્તઋષિ એટલે કે સાત ઋષિમુનિઓમાં પોતાના પ્રકાંડ જ્ઞાનનો ઉમેરો કર્યો હતો. આ ઋષિમુનિઓ ત્યારબાદ આ શક્તિશાળી યોગાશક્તિને એશિયા, મધ્યપૂર્વ ઉત્તરિય આફ્રિકા અને દક્ષિણ આફ્રિકા સહિત વિશ્વભરમાં, વિશ્વના જુદા જુદા ભાગોમાં લઈ ગયા હતા. રસપ્રદ રીતે આજના આધુનિક નિષ્ણાતોએ વિશ્વમાં ફેલાયેલી પ્રાચીન સંસ્કૃતિમાં આ બાબત સમાંતર રીતે હોવાનું નોંધ્યું છે અને આ બાબત કંડારેલી છે. આમ છતાં, ભારત જ એકમાત્ર એક એવો દેશ છે કે જ્યાં યોગા સંપૂર્ણપણે વિકસેલો અને ફેલાયેલો છે. સપ્તર્ષિ પૈકીના એક અગસ્ત્ય ઋષિએ સમગ્ર ભારત વર્ષનો પ્રવાસ કરીને યોગા સંસ્કૃતિની કળાને પ્રચલિત કરીને યોગાને જીવનનો એક ભાગ બનાવ્યો હતો.

સિંધુ સરસ્વતી ખીણ સંસ્કૃતિ કાળના મળી આવેલા સંખ્યાબંધ સિક્કાઓ, મુદ્રાઓ અને અશ્મીભૂત અવશેષોમાં યોગાનો હેતુ અને યોગાકૃતિ એટલે કે યોગસાધના કરી રહ્યાં હોય તેવી મુદ્રા સાથેના સિક્કાઓ વગેરે સૂચવે છે કે પ્રાચીન સમયમાં યોગાની ઉપસ્થિતિ હતી. ઉત્તેજનાત્મક પ્રતિકો, મા દેવીની મૂર્તિઓના સિક્કાઓ દર્શાવે છે કે તે વખતે યોગા પણ અસ્તિત્વમાં હતું. યોગાની ઉપસ્થિતિ ક્યાં નથી ? લોકસંસ્કૃતિ પરંપરા, સિંધુ સરસ્વતી ખીણ સંસ્કૃતિ, વૈદિક અને ઉપનિષદ વારસો, બૌધ્ધ અને જૈન પરંપરા, દર્શનશાસ્ત્રો, ભગવતગીતા સહિતના મહાભારત અને રામાયણ મહાકાવ્યો, શૈવની આસ્તિક પરંપરા, વૈષ્ણવ અને તાંત્રિક પરંપરા એમ તમામમાં યોગાની ઉપસ્થિતિના પુરાવા છે. જો કે વૈદિક કાળ પહેલાંથી યોગાનું ચલણ હતું તેમ છતાં મહાન ઋષિ મહર્ષિ પતંજલિએ તે વખતના અસ્તિત્વમાં રહેલા યોગાને પદ્ધતિસરનું અને સંહિતાબધ્ધ અર્થાત તેનું યોગ્ય બંધારણ ઘડીને યોગાસૂત્રના આધારે તેના અર્થ અને તે સંબંધિત માહિતી-જ્ઞાન વગેરે તૈયાર કર્યા હતા. મહર્ષિ પતંજલિ બાદ,

ઘણાં ઋષિઓ અને યોગા નિષ્ણાતોએ પોતાના સમયકાળમાં યોગાનું દસ્તાવેજીકરણ અને સાહિત્યમાં તેને સ્થાન આપીને યોગાને જાળવી રાખવાનું તથા તેને વિકસાવવામાં પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો હતો. આજે, આજના સમયે દરેક વ્યક્તિ માને છે કે, યોગા કરવાથી રોગ નિવારી શકાય છે, આરોગ્યની જાળવણી થઈ શકે છે અને તેનાથી તન-મન તંદુરસ્ત રહી શકે છે. યોગનિષ્ણાતો અને જાણીતી હસ્તીઓ દ્વારા યોગાનું શિક્ષણ આપવાથી આજે સમગ્ર વિશ્વમાં યોગા ફેલાયેલું છે.

યોગામાં વિવિધ માન્યતાઓ, પરંપરા, દર્શનશાસ્ત્ર, વંશપરંપરાગત અને ગુરુ-શિષ્યની પરંપરાને પગલે અનેક પ્રકારની યોગાની શાળાઓનો ઉદ્ભવ થયો છે. જેમ કે જ્ઞાનયોગા, ભક્તિયોગા, કર્મયોગા, ધ્યાનયોગા, પતંજલિયોગા, કુંડલિની યોગા, હઠયોગા, મંત્રયોગા, ક્ષયયોગા, રાજયોગા, જૈનયોગા, બૌધ્ધયોગા વગેરેનો સમાવેશ થાય છે. દરેક શાળાના પોતાના આગવા સિધ્ધાંતો અને કાર્યશૈલી છે કે જે છેવટે તો યોગાનો હેતુ અને વિષયવસ્તુ તરફ જ દોરી જાય છે.

યોગાની ભૂમિ ભારતમાં વિવિધ સામાજિક રીતરિવાજો અને પરંપરાઓમાં રહેલી છે જે પરિસ્થિતિવિષયક બાબતોનું સંતુલન, અન્ય રીતરિવાજો વિચારો પ્રત્યે સહિષ્ણુતા અને તમામ સર્જનો પ્રત્યે સહાનુભૂતિ તથા પ્રેમ દાખવે છે. તમામ પ્રકારની યોગ સાધના એ અર્થપૂર્ણ જીવન અને જીવવાનું રામબાણ ઇલાજ મનાય છે. તેનું સર્વગ્રાહી આરોગ્ય અંગેનું અભિગમ, વ્યક્તિગત અને સામાજિક એમ બંને, તે તમામ ધર્મ, જાતિ અને રાષ્ટ્રીયતાના લોકોના જીવનને મૂલ્યવાન બનાવે છે.

પ્રાચીન સમયકાળથી આજના સમય સુધી જાણીતા યોગાનિષ્ણાતો દ્વારા જેની જાળવણી કરવામાં આવી, જેને આગળ ધપાવવામાં આવ્યું તે યોગાને કારણે આજે લાખો-કરોડો લોકોને તેનાથી લાભ થયો છે.

**આરોગ્ય અને સુખાકારી માટે યોગા**

મુખ્યત્વે જે યોગસાધના કરવામાં આવે છે તેમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહારા, ધરણાં, ધ્યાન (મેડિટેશન), સમાધિ-સંયમ, બંધ અને મુદ્રા, શતકર્મ, યુક્તાહાર, યુક્તાકર્મ, મંત્રજાપ વગેરેનો સમાવેશ થાય છે.

યમ એ કઠોર છે જ્યારે નિયમ એ વિધિપર્વ છે. યોગ સાધના માટે તે એક પ્રકારની પૂર્વશરત મનાય છે. આસન એ શરીર અને મનની સ્થિરતાને શક્ય બનાવે છે જેમાં મનોશારીરિક પેટર્ન અપનાવાય છે, જેથી તે લાંબા સમય સુધી શરીરને એક ચોક્કસ પ્રકારની સ્થિતિમાં રાખવાની શક્તિ પ્રદાન કરે છે. યોગ સાધનામાં તંદુરસ્તી માટે સાધનોનો બહોળો ઉપયોગ થાય છે.

પ્રાણાયામમાં માનવીના શરીરમાં શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયાનું નિયમન થાય છે અને તેના થકી માનવીને શ્વસન એટલે કે શ્વાસના રોગોમાં રાહત મળે છે. પ્રાણાયામ કરવાથી મન, મસ્તિષ્ક અને શરીર ઉપર નિયંત્રણ રાખવાની શક્તિ વિકસાવવામાં આવે છે. પ્રાણાયામના પ્રાથમિક તબક્કામાં નાક, મોં અને શરીરના અન્ય ભાગોમાંથી શ્વાસોચ્છ્વાસની આદર્શ પ્રક્રિયા વિકસાવવામાં આવે છે, જેનાથી માનવી આંતરિક અને બાહ્ય માર્ગ કે લક્ષ્ય તરફ જઈ શકે છે. ત્યારબાદ આ ઘટના કે પ્રક્રિયામાં પરિવર્તન લાવીને શ્વાસ ઉપર નિયંત્રણ લાવી શકાય છે, જે શરીરમાં ખાલી જગ્યાને ભરે છે (પરક). તેને ભરેલી સ્થિતિ (કુંભક)માં રાખે છે અને નિયમન, અંકુશ તથા દેખરેખ રાખવાથી શ્વાસના ખાલીપણાને (રેચક) ભરે છે.

પ્રત્યાહારા શરીરના અંગોથી સભાનવસ્થાથી દૂર (વીડ્રોલ) તરફ લઈ જાય છે અને તે બાહ્ય વિષયવસ્તુ સાથે જોડવામાં મદદ કરે છે. ધરણા દ્વારા દર્શાવવામાં આવે છે કે તે (શરીરની અને મનની અંદર) ધ્યાનનું ક્ષેત્ર ઉપર આધારિત છે અને તે ધ્યાન કેન્દ્રિત કરવું એમ સમજવામાં આવે છે. ધ્યાન (મેડિટેશન) એ (શરીર અને મનની આંતરિક બાબતો પર ધ્યાન ખેંચવા) માટેનું ધ્યાનમગ્ન સ્થિતિની અવસ્થા છે જ્યારે સમાધિ એ સંકલિત અવસ્થા છે.

બંધ અને મુદ્રાઓ પ્રાણાયામની સાથે જોડાયેલી અવસ્થા છે. તેને એક ઉચ્ચસ્તરીય યોગક્રિયા માનવામાં આવે છે કે જે મોટાભાગે શરીરને (મનોશારીરિક) પેટર્ન અપનાવીને તેની સાથે સાથે શ્વસનતંત્ર ઉપર પણ કાબૂ મેળવે છે. આમ તે આગળ જતાં મન ઉપર કાબૂ મેળવીને ઉચ્ચસ્તરીય યોગ પ્રાપ્તિ તરફ લઈ જાય છે. શતકર્મ એ શરીરમાંથી બિનઝેરીકરણની પ્રક્રિયા છે અને તે શરીરમાં રહેલાં ઝેરી તત્ત્વોને દૂર કરવામાં મદદ કરે છે અને એક રીતે જોતાં તે દવાનું કામ કરે છે.

યુક્તાહાર (યોગ્ય ખોરાક અને અન્ય ખાદ્યસામગ્રીઓ) આરોગ્યપ્રદ જીવન માટે યોગ્ય ખોરાક, ખોરાકી ટેવની હિમાયત

કરે છે. જોકે ધ્યાન (મેડિટેશન)ની ક્રિયા આત્મજ્ઞાનમાં મદદ કરે છે જે ભૌતિક વિશ્વની મર્યાદાઓથી પર લઈ જાય છે અને એક રીતે જોતા તે યોગસાધનાનો સારતત્ત્વ છે. જો કે, આમ છતાં આસન, પ્રાણાયામ અને ધ્યાન એમ ત્રણેયનો ઉચિત સંકલન સાધવામાં આવે તો તે વ્યક્તિને આરોગ્યપ્રદ, સ્વસ્થ અને રોગમુક્ત બનાવે છે.

જેઓ યોગા કરે છે તેમને તેનાથી શું લાભ થયો છે તેની યોગ સાધના હેઠળ ઊંડાણપૂર્વકનો અભ્યાસ પણ થયો છે. આજે આપણે એ બાબતથી સારી પેઠે માહિતગાર છીએ કે યોગસાધનાથી માનવી પર મનોવિજ્ઞાન, શારીરિક મનોવિજ્ઞાન, જૈવ-રસાયણ અને દાર્શનિક ઘટનારૂપે શું રચનાત્મક અસરો થાય છે. એટલું જ નહીં પણ સમગ્ર માનવજાત માટે તે એક સંતોષજનક બાબત છે. આ ઉપરાંત તેના પ્રસારણની અસરો અને મૂલ્ય વિશ્વસ્તરે જેમ કે ઇન્ટરનેટનું છે એવું જ યોગના જ્ઞાને પ્રચાર-પ્રસારમાં વૈશ્વિક છલાંગ લગાવી છે. યોગામાં જે શીખવાડવાનું ધોરણ છે તેના મૂળ આજના આધુનિક શિક્ષણપદ્ધતિના ધોરણોમાં પડેલા છે. સમગ્ર વિશ્વમાં આજે યોગાનું શિક્ષણ આપતી લાખો શાળાઓ શૈક્ષણિક સંસ્થાઓ વૃધ્ધિ પામી છે. યોગામાં વધુ વૈજ્ઞાનિક ઢબનું અને દાર્શનિક-સાહિત્ય સંશોધન વૈશ્વિક સ્તરે યોગાના મૂલ્યાંકન માટેની પ્રોત્સાહક નિશાની છે.

**જીવનશૈલી અને યોગા**

જીવનશૈલી એટલે લોકો કઈ રીતે રહે છે, કઈ રીતે જીવે છે, શું ખાય છે અને શું પીવે છે તે બાબત. આ બાબત વ્યક્તિના આરોગ્ય કે રોગ પર પુષ્કળ અસરો પહોંચાડે છે. કોઈની જીવનશૈલી તેના જીવનના આરંભકાળથી વિકસિત થઈ જાય છે તેથી એવું સલાહભર્યું છે કે નાનપણમાં જ આરોગ્યપ્રદ જીવનશૈલીનું ઘડતર થવું જોઈએ. કોઈ એકની જીવનશૈલી માટે ઘણાં બધાં પરિબળો ભાગ ભજવતાં હોય છે. આર્થિક બાબતોનો દરજ્જો એ નક્કી કરે છે કે જો ગરીબ હોય તો કુપોષિત થાય છે અને જો શ્રીમંત હોય તો તેનામાં મેદસ્વીપણું આવે છે. વસ્તીમાં સમાજના સાંસ્કૃતિક મૂલ્યો ખાણીપીણીની પસંદગી કે અગ્રતા નક્કી કરે છે. બેઠાડું જીવનને કારણે હૃદયરોગ સંબંધિત પીડાઓ સહન કરવી પડતી હોય છે જ્યારે વ્યક્તિગત ટેવો જેવી કે ધૂમ્રપાન અને મદીરાપાનને કારણે હૃદયરોગનો હુમલો અને લીવરના રોગો લાગુ પડે છે, જેને સોરાયસીસ ઑફ લીવર પણ કહે છે. આરોગ્યપ્રદ જીવનશૈલી માટે સારો ખોરાક, શારીરિક પ્રવૃત્તિઓ, સારી ટેવો, આરામ અને રાહતો વગેરે મહત્ત્વનાં અંગો છે.

સંપૂર્ણ જીવનશૈલી માટે યોગા એક નમૂનારૂપ છે, કેમ કે તેમાં સર્વગ્રાહી અને સ્વભાવગત સંવાદિતા રહેલી છે. જીવનશૈલીમાં યોગાના સિધ્ધાંતો આપણને હકારાત્મક આરોગ્ય વિકસાવવામાં અને મજબૂત કરવામાં મદદ કરે છે. જેનાથી આપણે માનસિક તનાવમાં પણ સ્વસ્થ રહી શકીએ છીએ. વૈવિધ્યસભર યોગા નિયમિત કરવાથી માનસિક તનાવને પહોંચી વળવાની શક્તિ મળે છે, જેને પ્રતિક્રિયા આપવાનો આશાવાદ જાગે છે અને શરીરના બાહ્ય ભાગ જેમ કે પેટ બહાર નિકળી જવાની ચિંતામાંથી પણ મુક્તિ મળે છે અને તેથી જ યોગાને 'આરોગ્ય વીમો' પણ કહેવાય છે. આજના સમયમાં યોગાને કારણે ઉપચાર થઈ શકે છે તેનાથી સારું થઈ જવાય છે. તેવી તેની વિશ્વસનિયતાને કારણે યોગા લોકપ્રિય છે, ઉપરાંત વિશ્વભરમાં આરોગ્ય સેવા સાથે જોડાયેલા અને અલગ અલગ પધ્ધતિથી સારવાર કરતાં તબીબો દ્વારા પણ યોગાને એક સન્માનજનક દવા તરીકે ઉપયોગમાં લેવાય છે તે તેની લોકપ્રિયતાની પ્રતીતિ છે.

**ઉપચારમાં યોગા**

કોઈ સારવારમાં યોગાની ક્રિયા તેના નિયમોનો ઉપયોગ કરવામાં આવે તો તેને યોગા સારવાર પધ્ધતિ કહેવામાં આવે છે. ઉપચારના હેતુ તરીકે યોગાક્રિયાનો ઉપયોગ તે પોતાની બાય પ્રોડક્ટ છે. યોગાક્રિયા મન-મસ્તિષ્ક કેન્દ્રિત ક્રિયા છે. અને જો આપણે યોગાને વિવિધ સંદર્ભોમાં ચકાસીએ જેમ કે ઉપનિષદ, ગીતા, યોગસૂત્ર, શાસ્ત્રીય હઠયોગ લખાણો અથવા અન્ય યોગ લખાણો પર નજર નાખીએ તો તે સ્પષ્ટ થાય છે કે યોગા એક અધ્યયન છે, જેનો હેતુ મનની સ્વતંત્રતા અને તેની વિવિધ શાખાઓમાંથી મુક્તિનો લક્ષ્ય રહેલો છે. મન એ અનુભૂતિ કે સંવેદનાનું એક સાધન છે. અને તેનો ઉપયોગ પોતાનામાંથી ઉપર તરફ જવું એટલે કે અવલોકન કરનારને તેની સ્થિતિની સ્પષ્ટતા પણ દર્શાવે છે. પતંજલિના યોગસૂત્રમાં જો કે કોઈ બિમારીમાં સારવાર માટે યોગા જ એક માત્ર શ્રેષ્ઠ સાધન છે તેવો કોઈ સીધો ઉલ્લેખ નથી તેમ છતાં ચેપ્ટર ૧ સૂત્ર ૩૦માં એક અંતરાય (ઓબ્લ્સટકલ) તરીકે ભાવિ શબ્દનો ઉલ્લેખ છે જેનો અર્થ બિમારી એવો થાય છે. તેમ છતાં એવો

સીધો ઉલ્લેખ જોવા મળે છે કે જે દર્શાવે છે કે ક્રિયા, આસનો, પ્રાણાયામ અને મુદ્રાઓ વગેરે કઈ રીતે બિમારીમાં ઉપયોગ કરવાથી તેનાથી લાભ થાય છે. જેમ કે હઠયોગ, પ્રદિપીકા, ઘેરંડા સંહિતા, યોગ જ્ઞાનવલ્ક્ય સંહિતા, યોગરહસ્યો વગેરેમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે. વર્ષોના વર્ષો પછી યોગાકાર્યો દ્વારા ઉપચારના હેતુસર યોગાની એક આખી પધ્ધતિ વિકસાવવામાં આવી છે. તેનો તેના અનુયાયીઓ ઉપર પ્રયોગ કરાયો છે અને તેનો અમલ હવે તે યોગા સારવાર પરંપરા તરીકે ઉપયોગમાં લેવાય છે.

યોગાથેરાપી નીચેના સિધ્ધાંતો અને અભિગમ પર આધારિત છે :

- પતંજલિના યોગસૂત્રમાં ચિત્તવૃત્તિ નિરોધ, ક્રિયાયોગા અને અસ્તાંગ સિધ્ધાંતનો ઉલ્લેખ છે.
- ઉપનિષદમાં 'પંચકોષા' લખાણ કે સિધ્ધાંતનો ઉલ્લેખ જોવા મળે છે.
- હઠયોગા અને પતંજલિમાં 'શુધ્ધિ'ના વિવિધ પ્રકારોનો ઉલ્લેખ છે.
- હઠયોગ અને કુંડલિની યોગામાં વાયુની બંધ નળી અને પ્રાણ (નાડીશુધ્ધિ) ખોલવી, કમળ અને ચક્રો ખોલવા, પ્રાણાયામ, મુદ્રા અને દૃષ્ટિ સિધ્ધાંતોનો ઉલ્લેખ છે.
- પતંજલિયોગા સૂત્ર, મંત્રયોગા અને હઠયોગ વડે મન સાથે કામ કરવું.
- ભગવદ્ગીતા અનુસાર કર્મ-જ્ઞાન-ભક્તિ પ્રમાણે કાર્ય કરવું.
- કેટલીક યોગાક્રિયામાં સંકલિત રીતે કેટલીક બાબતોમાં તંત્રયોગાનો ઉલ્લેખ છે.

વિશ્વમાં ઘણાં ભાગોમાં આજે યોગાથેરાપી (ઉપચાર પધ્ધતિ) એક વૈકલ્પિક આરોગ્ય કાળજી માટેની સારવાર તરીકે ઉપયોગમાં લેવાય છે. આશ્ચર્યજનક રીતે આજે યોગા કરનારાઓ અર્થાત્ યોગા દ્વારા સારવાર કરનારાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. યોગા દ્વારા અનેક લાભોના વર્ણનો જોવા મળે છે, તેમાં જેના પર સૌથી વધુ અભ્યાસ થયો છે તે લોહીના દબાણ (બીપી) પર અંકુશ અંગે થયો છે. લોહીના દબાણમાં ઘટાડો કરવા માટે અને હૃદય સંબંધિત રોગના જોખમોમાં યોગાથી સક્ષમ રીતે લાભો થતાં હોવા અંગેની સંખ્યાબંધ સમીક્ષાઓ થઈ છે, પરંતુ યોગાથેરાપી કેટલી હદ સુધી લોહીના દબાણમાં ઘટાડો કરી શકે અને તેની બદલાયેલી અસરો કેટલી સક્ષમ છે તે સ્પષ્ટ થતું નથી. યોગાથેરાપીને કારણે વયસ્કોમાં ટાઇપ-ટુ પ્રકારના મધુપ્રમેહ (ડાયાબિટીસ)ના જોખમમાં ઘટાડો થતો હોવાનું નોંધાયું છે, જેમાં ગ્લુકોઝ સહનશીલતા, ઇન્સ્યુલીનની સંવેદના તથા બીપીનો સમાવેશ થાય છે. યોગા કરવાથી શરીરમાં કોષોને કાટ લાગવાથી થતાં નુકસાનમાં ઘટાડો થાય છે, ધમનીમાં દ્રવ્યને મજબૂત બનાવવાનું કામ કરે છે અને વયસ્કોમાં ડાયાબિટીસ અને તે સંબંધિત કાળક્રમે થતાં રોગોની પ્રક્રિયા ઘટાડવામાં ઉપયોગી નિવડે છે. યોગા કરવાથી ડાયાબિટીસના દર્દીઓને જે દવાઓની જરૂર પડતી હોય છે તેમાં ઘટાડો કરવામાં ઉપયોગી નિવડી શકે છે. એટલું જ નહીં, આ વસ્તી કે જનસંખ્યામાં હૃદય સંબંધિત મુશ્કેલીઓ સર્જાતી હોય છે અને તેને અટકાવવામાં મદદરૂપ નિવડી શકે છે. ખૂબ જાણીતાં અને ગણમાન્ય પત્ર-પત્રિકાઓમાં એવા સંખ્યાબંધ અભ્યાસલેખો પ્રસિધ્ધ થયાં છે જે પુરવાર કરે છે કે જીવનશૈલી સંબંધિત થતાં રોગના વ્યવસ્થાપનમાં યોગાથેરાપી અસરકારક નિવડે છે. તાજેતરના વર્ષોમાં મેડિકલ સંશોધનો દ્વારા એ બાબત બહાર આવી છે કે યોગા કરવાથી ઘણી શારીરિક અને મનોવિજ્ઞાન બાબતોમાં લાભ થાય છે તથા આ અંગેના અનુભવના વર્ણનો યોગા કરનારાઓ દ્વારા થઈ રહ્યાં છે.

**યોગા કઈ રીતે કામ કરે છે તેની પ્રક્રિયા**

નીચે કેટલીક બાબતોનો ઉલ્લેખ કરાયો છે કે જેના દ્વારા યોગા મન-શરીર દવાના સંકલન તરીકે કામ કરે છે :

૧. વિવિધ શુધ્ધિક્રિયા દ્વારા શરીરના ઝેરી તત્ત્વોને દૂર કરવાનું કામ કરે છે અને યોગા સૂક્ષ્મ વ્યાયામ દ્વારા રાહત અને તાજગીનું સર્જન કરે છે. શરીરના તમામ ભાગોમાં મુક્તપ્રવાહ વહે છે જે શરીરમાં પેદા થતાં કેટલાક ચેપને અટકાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

૨. જીવનમાં યોગાને જીવનશૈલીના એક ભાગ તરીકે, યોગ્ય પોષક આહાર સાથે અપનાવવામાં આવે તો શરીરમાં ઝેરી તત્ત્વો સામે લડવાની હકારાત્મક શક્તિ ઉત્પન્ન કરે છે, તેનાથી શરીરમાં સમતુલન જળવાય છે અને શરીરના કાયાકલ્પમાં સહાયરૂપ નિવડે છે.

૩. વિવિધ શારીરિક મુદ્રા દ્વારા સમગ્ર શરીરને સુચારુરૂપ બનાવે છે અને કોઈપણ જાતના તનાવ વગર અનુકૂળ રીતભાતમાં રહે છે. શારીરિત સંતુલન અને સરળ છે તેવી અનુભૂતિને કારણે માનસિક લાગણીશીલ સમતુલનમાં વધારો કરે છે. તંદુરસ્ત રહેવા માટે તમામ

શારીરિક પ્રક્રિયાને શક્ય બનાવે છે.

૪. શ્વાસ લેવાની પેટર્નથી વ્યક્તિ આપમેળે શ્વસનતંત્રની કામગીરી ઉપર નિયંત્રણ મેળવે છે જે ઊર્જા ઉત્પન્ન કરે છે અને તેનાથી લાગણી સ્થિરતામાં વધારો થાય છે. મન અને લાગણીઓ આપણી શ્વાસ લેવાની પધ્ધતિઓ અને દર સાથે જોડાયેલી છે અને તેથી ધીમે ધીમે શ્વાસ લેવાની યોગ્ય પધ્ધતિને કારણે શરીરને આરોગ્યપ્રદ બનાવવામાં ભાગ ભજવે છે.

૫. શ્વાસની સાથે સંકલિત શરીર હલનચલન મનોવિજ્ઞાની સંવાદિતા બનાવે છે. યોગામાં શારીરિક એટલે કે માનવીનું શરીર અન્નમય કોષ (આપણું શારીરિક અસ્તિત્વ) સાથે જોડાયેલું છે અને મન, મનોમય કોષ (આપણા મનોવિજ્ઞાની અસ્તિત્વ)ની સાથે જોડાયેલું છે. પ્રાણાયામ કોષ (આપણું શારીરિક અસ્તિત્વ કે જે શ્વાસની ઊર્જા ઉપર ટકેલું છે) તે બેની વચ્ચે રહેલું છે, તેથી શ્વાસ એ શારીરિક સંવાદિતા માટે ચાવીરૂપ છે.

૬. જે કામ કરવામાં આવે તે પ્રવૃત્તિમાં મનને હકારાત્મક રીતે પરોવે છે અને તેના પગલે ઊર્જાના પ્રવાહમાં વધારો કરે છે જે શરીરના વિવિધ ભાગો અને આંતરિક અંગો તંદુરસ્ત પ્રસારણમાં પરિણમે છે. જ્યાં મન જાય છે ત્યાં પ્રાણ વહે છે !

૭. ગહન ચિંતન પ્રક્રિયાથી શાંત આંતરિક પર્યાવરણ સર્જે છે જે માનવીના જીવનને સામાન્ય બનાવવામાં ભાગ ભજવે છે. યોગા તમામ સમતુલનની ઉપર છે અથવા તમામ કક્ષાએથી 'સામતવમ્'ને તેમાં તબદીલ કરે છે. માનસિક સંતુલન અને શારીરિક સંતુલન બનાવે છે.

૮. શારીરિક અને માનસિક રીતભાત કે ક્રિયાઓને કારણે શરીર-લાગણી-મનના સંકુલમાં રાહત આપે છે જે આપણને પીડા સહન કરવાની શક્તિમાં વધારો કરી આપે છે અને તેની સાથે સાથે બાહ્ય અને આંતરિક તનાવની સ્થિતિમાં તેનો પ્રતિકાર કરવાની શક્તિમાં બમણો વધારો કરે છે. કેટલાક કેસોમાં કે જ્યાં અન્ય સારવાર પધ્ધતિઓ માનવીને સાજા કરવામાં સફળ થતી નથી તેવા ઘણાં કિસ્સાઓમાં તે જીવનની ગુણવત્તામાં વધારો કરે છે.

૯. યમ-નિયમ અને અન્ય યોગા મનોવિજ્ઞાન સિધ્ધાંતો અપનાવવાથી આત્મવિશ્વાસમાં અને આંતરિક ઉપચાર ક્ષમતામાં ઉમેરો થાય છે. ઉપરાંત જીવનમાં યોગ્ય વલણનું ઘડતર થાય છે જે છેવટે નૈતિક-પારંપરિક જીવન જીવવા તરફ લઈ જાય છે.

૧૦. યોગા માનવીના શરીરમાં તમામ પધ્ધતિઓમાં સામાન્યપણું સ્થાપવા પ્રત્યે કાર્ય કરે છે, ખાસ કરીને માનસિક-મસ્તિષ્ક રોગપ્રતિકારક શક્તિ ઉપર ભાર મૂકે છે. આપણાં શરીરમાં રોગને પ્રવેશતા અટકાવવાની શક્તિના સ્થાપન ઉપરાંત યોગાનો ઉમદા હેતુ હકારાત્મક તંદુરસ્તી કે આરોગ્યને પ્રોત્સાહિત કરવાનો છે જે છેવટે જીવન દરમિયાન ઉદ્ભવતા આરોગ્ય સંબંધિત પડકારોને પહોંચી વળવામાં મદદ કરે છે. હકારાત્મક આરોગ્યનો આ નવતર અભિગમ એ આજના આરોગ્ય જાળવણીના યુગમાં યોગાનો એક અજોડ ફાળો છે. કેમ કે યોગામાં સામૂહિક આરોગ્ય જાળવણીમાં રોગ અટકાવવાનો અને આરોગ્યને ટકાવી રાખવાના ગુણો રહેલાં છે. તે એક બિનખર્ચાળ છે અને દર્દીઓના સાથે યોગાનો પણ ઉપયોગ અને અમલ થઈ શકે છે.

**યોગા અને આયુર્વેદ**

યોગા અને આયુર્વેદ બંને અભિગમ એટલે કે એકબીજાથી જુદા પાડી ન શકાય તેવી બે બહેનો છે. બંનેનું મૂળ મહાન વૈદિક જ્ઞાન પધ્ધતિનો એક ભાગ છે. યોગા અને આયુર્વેદનો આધાર ત્રિગુણ (સત્ત્વ, રજસ અને તામસ) તથા પંચમહાભૂત (પૃથ્વી, પવન, અગ્નિ, જળ અને અંતરિક્ષ)ના સિધ્ધાંતો પર રહેલો છે. યોગા અને આયુર્વેદ બે બાબત સમજવામાં સફળ નિવડે છે કે આપણું શરીર કઈ રીતે કામ કરે છે (દોષ-ધાતુ-મળ-સિધ્ધાંતો) અને અન્ન તથા દવાની શરીર ઉપર કઈ રીતે અસર થાય છે (રસ-વીર્ય-વિપકા). યોગા અને આયુર્વેદ બંને એકબીજાના પૂરક કે સન્માનજનક છે અને સંવાદિતા ભૂમિકા સમાન છે. બંનેમાં શરીરના આરોગ્ય અંગેની સામાન્ય સમજ છે કે આરોગ્ય અને મનનાં સંતુલન ઉપર જ આધાર રહેલો છે. આ બંને દેખીતી રીતે જ એક જ આધ્યાત્મિક શરીર રચના વિજ્ઞાન અને શારીરિક બાબતો વહેંચે છે જેમાં ૭૨ હજાર નાડીનું મુખ્ય ચક્ર (ઊર્જાકેન્દ્રો) પંચકોષ અને કુંડલિની શક્તિ (સર્પશક્તિ)નો સમાવેશ થાય છે. આયુર્વેદ

યોગાની શરીર રચનાનો શ્રેષ્ઠ ઉપયોગ કરી બતાવે છે અને નિયમિત યોગા કરવાથી દર્દીને સંપૂર્ણપણે સાજો કરે છે. સારવારમાં, આયુર્વેદ નિયમિત આસનો, પ્રાણાયામ અને ધ્યાનની હિમાયત કરે છે તો તેની સાથે સાથે જડીબુટીઓ, શરીર શુધ્ધિકરણ પ્રક્રિયાઓ, ખોરાક અને શારીરિક તથા માનસિક આરોગ્ય માટે મંત્રોચ્ચારના ઉપયોગ અંગે પણ ભાર મૂકે છે. યોગા અને આયુર્વેદ આપણને શરીર, શ્વાસ, સભાનપણું મન અને ચેતનાની રહસ્યશક્તિઓ અંગે માહિતગાર કરે છે. સૌથી વધુ મહત્ત્વનું એ છે કે તે યોગ્ય આહાર, જડીબુટીઓ, પંચકર્મ, યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનના માધ્યમથી તેની કામ ઉપર શું અસરો પડે છે તેનો ચિતાર પણ આપે છે. જે આપણાં જીવનની શૈલીની તમામ બાબતો, તમામ તબક્કાઓને આવરી લે છે. યોગા અને આયુર્વેદ જાણે છે કે શરીર અને મનને જીવનના ચાર હેતુઓને પૂર્ણ કરવા માટે સ્વસ્થ રાખવું કેટલું જરૂરી છે. જીવનના આ ચાર હેતુઓમાં પુરુષાર્થ ચાતુસ્થય, ધર્મ (ફરજ), અર્થ (સંપત્તિ), કામ (ઇચ્છા) અને મોક્ષ (મુક્તિ)નો સમાવેશ થાય છે. આમ, વૈદિક દવા આયુર્વેદ અને આધ્યાત્મિક ક્રિયા (યોગા) શરીર અને મનને આરોગ્યપ્રદ તથા સંવાદિતા માટે એકબીજાની સાથે હળીમળીને કામ કરે છે જે છેવટે આત્મજ્ઞાન તરફ દોરી જાય છે.

**ઉપસંહાર**

આજના આધુનિક સમયમાં વૈશ્વિક આરોગ્ય જાળવણી આધુનિક દવાઓ ઉપર આધારિત અને અસર હેઠળ છે. દવાની કિંમતો આજે ગરીબ અને મધ્યમ વર્ગને પોષાય તેમ નથી. બીજી તરફ આપણાં સમાજને સલામત, અસરકારક પોષાય શકે તેવી અને સહેલાઈથી મળી શકે એવી આરોગ્ય જાળવણીની ભારે જરૂર છે. યોગા અને અન્ય પ્રાચીન આરોગ્ય પધ્ધતિઓનું સમગ્ર જ્ઞાન આવશ્યક ડહાપણ, અનુભવ અને સામર્થ્ય દર્શાવે છે જે પરિવર્તનીય ફેરફારો માટે નિર્ણાયક બને છે. માત્ર વિકાસશીલ દેશોમાં જ નહીં પરંતુ ઔદ્યોગિકરણયુક્ત અને દેખીતી રીતે સૌથી આગળ પશ્ચિમના રાષ્ટ્રોમાં વૈકલ્પિક દવાનો ઉપયોગ જે રીતે વધી રહ્યો છે તે એક રહસ્યમય ગૂઢ બાબત છે. સામાજિક ઘટના તરીકે યોગાને એક ઉપચાર પધ્ધતિ તરીકે ખૂબ સારી રીતે સમજવામાં આવ્યું નથી અથવા આધુનિક દવા તરીકે તે ખૂબ જ ઊંડાણપૂર્વકનું સંશોધન માગી લે છે. તે એક વિચિત્ર બાબત છે કે તેનો વિકાસ એવા દેશોમાં થઈ રહ્યો છે કે જ્યાં પશ્ચિમ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક પધ્ધતિઓ સામાન્ય રીતે આરોગ્ય જાળવણી માટેના મુખ્ય આધારસ્તંભ તરીકે સ્વીકાર્ય છે, એટલું જ નહીં જ્યા 'પુરાવા આધારિત' વ્યવહારો મુખ્ય આદર્શરૂપ ગણાય છે ત્યાં તેનો વિકાસ થઈ રહ્યો છે. દવા અનુભવ તરીકે તેના જ્ઞાનના પાયામાં ઘણી બાબતો રહેલી છે અને કેટલીક દવાઓમાં તે તબીબી કાળજી બાબતમાં તદ્દન નવો જ અભિગમ દાખવે છે. એમ જણાય છે કે, સામાન્ય લોકોમાં પ્રાચીન દર્શનશાસ્ત્ર, માન્યતાઓ અને તબીબી કાળજી માટેના અભિગમ પ્રત્યે લાલસા રહેલી છે. પૂરક અને પારંપારિક દવાની લોકપ્રિયતાનું એક કારણ એ પણ છે કે આધુનિક એલોપથી તબીબી કાળજીની કિંમતમાં તોતિંગ વધારો અને તેનાથી થતી આડઅસરો જવાબદાર છે. વિક્રમજનક કહી શકાય તેવી ઝડપે નવી ટેક્નોલૉજી વિકસાવવામાં આવી, સંખ્યાબંધ તબીબી, સર્જીકલ અને પાચનશાસ્ત્રનું નાવિન્યપૂર્ણ ઉત્પાદન થયું છે. તેમાં મોટાભાગમાં સફળ સુધારો થયો છે, પરંતુ તે તમામ એટલું મોંઘું પણ છે કે વસ્તીના મોટાભાગના લોકોથી તે દૂર જ છે. લોકોના મનમાં કે લોકોની એક એવી મજબૂત ઇચ્છા પ્રબળ બની રહેલી જણાય છે કે માનવીની બિમારીઓમાં ખાસ કરીને અસાધ્ય પ્રકારના રોગોની સારવાર માટે પૂરક ઉપચાર પધ્ધતિની એક આખી વિશાળ શ્રેણીનું સર્જન થાય તે આવશ્યક છે. આજના સમયકાળમાં આરોગ્ય કાળજીમાં યોગા આવી જ એક પૂરક અને પારંપારિક પધ્ધતિ સૌથી વધુ ઇચ્છનીય કે સ્વીકાર્ય પૂરવાર થઈ રહી છે.

**લેખક મોરારજી દેસાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ યોગા, આયુષ મંત્રાલય, ભારત સરકાર નવી દિલ્હી ખાતે નિયામક છે.**

**આગામી અંકનો વિષય**

**જુલાઈ-૨૦૧૫**

**આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નવા પરિમાણ**

# આયુર્વેદના ઉદ્‌ભવ અને વિકાસના વિવિધ પાસાં

• ડૉ. ડી. સી. કટોચ •

**સ્વા**સ્થ્યની સંપૂર્ણ દેખરેખની વ્યવસ્થા તરીકે આયુર્વેદની ઉત્પતિ કે તેના મૂળિયાં વેદિક સાહિત્યમાં સ્વાસ્થ્ય અને તબીબી જાણકારીમાં રહેલા હોવાનું જાણીતું છે. આશરે ૫,૦૦૦ વર્ષ અગાઉ આયુર્વેદના મૂળિયા અથર્વેદમાં રહેલાં હોવાનું માનવામાં આવે છે. આયુર્વેદને પાંચમો વેદ અને જીવનનું વિજ્ઞાન પણ ગણવામાં આવે છે. શરૂઆતમાં તેના અમૂલ્ય વારસાનું જતન મૌખિક સ્વરૂપે એક પેઢીમાંથી બીજી પેઢી દ્વારા થયું હતું. પછી આર્યુવેદની વિભાવના, મૂળભૂત સિદ્ધાંતો અને તબીબી પદ્ધતિઓનું દસ્તાવેજીકરણ આશરે ઈ. સ. પૂર્વે ૧૦૦૦માં ચરકસંહિતા અને સુશ્રુતસંહિતા તરીકે ઓળખાતા બે ગ્રંથોમાં થયું હતું. આ બંને ગ્રંથો પર આધારિત અન્ય બે સારગ્રંથો પાછળથી પ્રસ્તુત થયા હતા, જેના નામ અષ્ટાંગ સંગ્રહ અને અષ્ટાનંદ હ્રદયમ છે. ઈ. સ. પૂર્વે ૧૦૦૦ના અંત સુધીમાં આયુર્વેદ બે મુખ્ય પ્રવાહમાં સ્થાપિત થયું હતું – અત્રેય સંપ્રદાય, જે ચિકિત્સકોનો પંથ હતો અને ધનવંતરી સંપ્રદાય – જે વિવિધ રોગના સંબંધમાં તબીબી અને શસ્ત્રક્રિયા સાથે સંબંધિત હતો. તે સમયે તબીબીશાસ્ત્ર સિદ્ધાંતોને આઠ વિશેષ શાખાઓમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા – કાયાચિકિત્સા, શલ્ય (સર્જરી), શાલક્ય (આંખ-કાન-ગળા), કૌમાર ભ્રૃત્ય (બાળકોના રોગો), અગાદ તંત્ર (વિષવિજ્ઞાન), ભૂતવિદ્યા (માનસિક ચિકિત્સા), રસાયણ અને વાજીકરણ (પૌરુષ અને સ્વસ્થ સંતતિ વિજ્ઞાન). આ આઠ શાખાઓ સંયુક્તપણે અષ્ટાંગ આયુર્વેદ તરીકે ઓળખાતી હતી. તબીબી ચિકિત્સા અને ઔષધિની મૂળભૂત વિભાવનાઓ અને વિષયોને શાસ્ત્રીય ગ્રંથોની બે ત્રયી 'બૃહદ્ ત્રયી' અને 'લઘુ ત્રયી' તરીકે ઓળખાય છે, જેમાં બૃહદ ત્રયીમાં ચરકસંહિતા, સુશ્રુતસંહિતા અને અષ્ટાંગ સંગ્રહ સામેલ છે અને લઘુ ત્રયીમાં માધવનિદાન, શર્ણગધારા સંહિતા અને ભાવપ્રકાશ સામેલ છે. સદનસીબે આયુર્વેદના તમામ મુખ્ય અધિકૃત ગ્રંથો આજે ઉપલબ્ધ છે અને આર્યુવેદિક દવાઓની કાયદેસર વ્યાખ્યાના હેતુ સર દવા અને કોસ્મેટિક્સ ધારા, ૧૯૪૦ની પ્રથમ સૂચિમાં સામેલ છે.

આયુર્વેદના વિવિધ પાસાં સમયની સાથે વિકાસ પામ્યાં છે અને તેનું દસ્તાવેજીકરણ થયું છે, જેના કારણે આયુર્વેદિક ગ્રંથો ચોક્કસ હેતુઓ ધરાવે છે અને અન્ય તબીબી શાખા કરતાં તેના પર વધારે ભાર મૂકવામાં આવે છે. ચરકસંહિતામાં જીવન, સ્વાસ્થ્ય અને દવાની ફિલસૂફી અને વિવિધ રોગો માટેની સારવારની શાસ્ત્રીય સારવાર પર ભાર મૂકવામાં આવે છે. સુશ્રુતસંહિતા રોગો આંખ, કાન, ગળા, નાક અને દાંતના રોગોના નિદાન અને શસ્ત્રક્રિયા મારફતે સારવારને વ્યવસ્થિત અભિગમ પર ભાર મૂકે છે. કશ્યપસંહિતા મુખ્યત્વે બાળકોની સારસંભાળ, માધવનિદાન અસાધારણ સ્થિતિના પાસાં અને રોગોના નિદાન, ભાવપ્રકાશ રોગની સારવાર આધારિત ફોર્મ્યુલેશન અને ખાદ્ય ચીજવસ્તુઓના વર્ણન અને શર્ણગધારા સંહિતા દવા અને તેના પ્રમાણના વિવિધ પાસાં સાથે સંકળાયેલ છે. સમયની સાથે સતત નવીનીકરણ પામેલ, સમાવેશ થયેલ અને જરૂરી સુધારણાઓ સાથે આયુર્વેદના સૈદ્ધાંતિક માળખા અને લાગુ કરવાના પાસાંનો ઉપયોગ વધારવા પ્રદાન કરવામાં આવતી આ સૈદ્ધાંતિક બાબતો છે. તેના મૂળ વર્ણનો પરના ભાષ્યો કે ટિપ્પણીઓ વિષયવસ્તુની જટિલતા ઓછી કરે છે અને તેને સરળ બનાવે છે તેમજ અસ્પષ્ટતા અને ગૂંચવાડો ઉકેલવામાં મદદ કરે છે. સતત પ્રયાસના કારણે અત્યારે આયુર્વેદ તેના મૂળભૂત સિદ્ધાંતો, તેની વિભાવનાઓ અને તેના ઉપયોગની વધુ સ્પષ્ટતાના તબક્કે પહોંચી ગયું છે.

આયુર્વેદ મુજબ, મનુષ્યનું શરીર નાનું વિશ્વ છે, જે પંચતત્ત્વ – પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશનું બનેલું છે અને સૌથી મહત્ત્વપૂર્ણ તત્ત્વ ચેતન કે આત્મ તત્ત્વ કહેવાય છે, જે સભાનતા અને જીવનનો મહત્ત્વપૂર્ણ સંકેત છે. કુદરતના નિયમ મુજબ, બ્રહ્માંડ અને મનુષ્યના શરીર વચ્ચે સમાનતા અને

સહસબંધ પ્રવર્તે છે. શરીરમાં કાર્યરત વ્યવસ્થાઓને યોગ્ય પ્રમાણમાં ભૌતિક તત્ત્વોના સંતુલનમાંથી ઊર્જા મળે છે. આ તત્ત્વો ત્રિદોશ તરીકે ઓળખાય છે, જેનું નામ વાત, પિત્ત અને કફ છે. શરીરની સ્વસ્થતા માટે આ ત્રણ તત્ત્વો વચ્ચે સંતુલન જળવાઈ રહે તે આવશ્યક છે અને તેમની વચ્ચે અંસતુલન એક યા બીજા રોગ તરફ દોરી જાય છે. શરીરની રચના કરતાં વિવિધ અંગોમાં પોષણ ધાતુઓ પૂરું પાડે છે, જે રસ, રક્ત, માંસ (પેશીઓ), મેદ (ચરબી), અસ્થિ (હાડકાં), મજ્જા અને શુક્ર તરીકે ઓળખાય છે. શરીરમાં તમામ પાચન અને જૈવપરિવર્તન અગ્નિ અને શ્રોતના હાથમાં હોય છે, શરીરમાંથી બિનજરૂરી કચરો 'મળ' તરીકે ઓળખાય છે, જેમાં મળ, પેશાબ, પરસેવો વગેરે સામેલ છે. દોષ, ધાતુ અને મળનું સંકલિત સંતુલન અને આત્મા, મન અને ઇન્દ્રિયોની ખુશી સ્વસ્થતા તરફ દોરી જાય છે અને આ પરિબળોનું અસંતુલન વિકારનું કારણ બને છે. સુશ્રુત સંહિતામાં સ્વાસ્થ્યની વ્યાખ્યા અતિ વિસ્તૃતપણે આપવામાં આવી છે, જે સુખાકારી અને જીવનની સંવાદિતાની સંપૂર્ણ સ્થિતિનો ચિતાર છે. સ્વાસ્થ્યને જીવનના વિવિધ પાસાંને માણવા માટે મૂળભૂત જરૂરિયાત ગણવામાં આવે છે, જેમાં ફરજ પ્રત્યેની સભાનતા અને સામાજિક, આર્થિક અને આધ્યાત્મિક લક્ષ્યાંકો સામેલ છે. વિવિધ સંયોજનો અને સંચયમાં પંચતત્ત્વની ગતિશીલ ભૂમિકાના કારણે વ્યક્તિની શારીરિક અને માનસિક સ્થિતિ આકાર લે છે, જે 'પ્રકૃતિ' તરીકે ઓળખાય છે એટલે શરીર-મનનું બંધારણ રોગના કારણ, નિદાન, સારવાર તેમજ જીવનશૈલીના વ્યવસ્થાપનમાં મહત્ત્વપૂર્ણ છે. એવી ધારણા છે કે વ્યક્તિની મૂળભૂત રચના ગર્ભધારણ અને વિકાસના તબક્કામાં થાય છે, જે જીવનમાં પછી ક્યારેય બદલાતી નથી, પણ જન્મસ્થળ, જ્ઞાતિ, વય, સિઝન અને વ્યક્તિગત આદતો જેવા પરિબળો તેના પર અસર કરે છે

આયુર્વેદ રોગના નિદાન અને તેના ઉપચાર માટે અલગ પ્રકારનો અભિગમ પ્રદાન કરે છે. સૈદ્ધાંતિક રીતે આયુર્વેદિક રીતે રોગના નિદાનમાં તેને સંપૂર્ણપણે સમજવા માટેના પરિબળો અને વ્યક્તિગત રીતે તેના નિવારણની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. રોગ થવાની પ્રક્રિયાને અટકાવવા અને રોગ પૂર્વેની સ્વસ્થ સ્થિતિ પુનઃમેળવવા દોષ, ધાતુ અને મળનું સંતુલન જાળવવાના હેતુસર સારવાર કરવામાં આવે છે. તેમાં રોગના તપાસની દ્વૈધ નિદાન પદ્ધતિ સંકળાયેલી છે અને વ્યક્તિગત રીતે રોગ થવાની પ્રક્રિયા તેમજ દર્દીની ક્ષમતાને સમજવામાં આવે છે. તેમાં રોગના પરિબળોને ટાળવા, દવાઓ સાથે ઉપશામક સારસંભાળ, આહાર અને વર્તણૂક, પંચકર્મ પદ્ધતિઓ દ્વારા શરીરનું શુદ્ધિકરણ અને જરૂરી સાવચેતીઓનું અવલોકન અને સ્વસ્થ સ્થિતિ મેળવવા અને રોગની સ્થિતિ પર નિયંત્રણ મેળવવા જીવનશૈલીમાં પરિવર્તન જેવા ઉપચાર પગલાંઓ લેવામાં આવે છે. આ રીતે દર્દીની સ્થિતિને જોઈને તેને અનુરૂપ સારવાર કરવામાં આવે છે એટલે આયુર્વેદની સારવાર સંપૂર્ણ ગણાય છે.

આયુર્વેદમાં તમામ પદાર્થોનો રસ કાઢવામાં આવે છે અને તાર્કિક ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તે ઉપચાર માટેની સંભવિતતા ધરાવે છે તેવું માનવામાં આવે છે. આયુર્વેદિક દવાઓ માટે કાચો માલ મૂળભૂત રીતે વનસ્પતિ, પ્રાણી અને ખનિજ તત્ત્વોમાંથી મેળવવામાં આવે છે, જેમાંથી જુદી જુદી દવાઓ બનાવવા વિવિધ પ્રક્રિયા કરવામાં આવે છે. હર્બલ, હર્બો-ખનિજ અને ખનિજ આધારિત સંયોજનોને તેમના ઘટકોના આધારે આયુર્વેદિક દવાઓની મોટી રેન્જમાં વર્ગીકૃત કરવામાં આવે છે. ખનિજ તત્ત્વોમાંથી બનેલી દવાઓનું 'રસઔષધિઓ' તરીકે જૂથ બનાવવામાં આવે છે, જેનું શોધન, મારન, અમૃતકરણ વગેરે ચોક્કસ પ્રક્રિયાને આધિન રહીને ઉત્પાદન કરવામાં આવે છે. આયુર્વેદનું પ્રાચિન સાહિત્ય ઔષધ વનસ્પતિઓમાંથી ફોર્મ્યુલેશન પર આધારિત એક ઘટક અને બહુ ઘટકથી સમૃદ્ધ છે, જેનો ઉપયોગ અત્યારે પણ થાય છે અને નેશનલ ફોર્મ્યુલરી એન્ડ ફાર્માકોપિયા ઓફ આયુર્વેદમાં સૂચિબદ્ધ છે. અનુપના (મધ, દૂધ, ગરમ પાણી, ઉકાળો જેવા દવાના માધ્યમો) અને ભેષજા કાલા (દવાના ઉપયોગ સમયે)નું આયુર્વેદિકમાં અતિ મહત્ત્વ છે. જ્યારે તીવ્રતા અને રોગની સ્થિતિ તેમજ દર્દીની સાધારણ સ્થિતિના આધારે ઉપચાર સારવાર કે પ્રક્રિયા આપવામાં આવે, ત્યારે ઇચ્છિત પરિણામો મેળવવા દવાઓને ચોક્કસ પ્રમાણમાં, ચોક્કસ સમયે આપવામાં આવે છે. સ્થળ અને રોગની પ્રકૃતિ, લાક્ષણિકતા, પાચનની સ્થિતિ, દવાના પ્રમાણ વગેરેને આધારે દવા લેવાના અગિયાર પ્રકારના સમય આર્યુવેદ સાહિત્યમાં સૂચવવામાં આવ્યાં છે. આયુર્વેદ વિવિધ રોગ માટે

દવાઓ અને સારવાર સૂચવવા સક્ષમ છે, તેમ છતાં તેનો સૌથી વધુ ઉપયોગ સ્વાસ્થ્યની સારસંભાળને પ્રોત્સાહન આપવા ગંભીર અને ફરી ન થતા રોગો અને પાચન અને પેટ સંબંધિત સમસ્યાઓ માટે પંચકર્મની ઉપચાર પદ્ધતિઓ અને પ્રકૃતિ આધારિત જીવનશૈલીમાં છે.

આયુર્વેદને હંમેશા લોકોનું સંરક્ષણ મળ્યું છે અને આઝાદી પૂર્વેના મુશ્કેલ ગાળા દરમિયાન પણ તેણે તેનું અસ્તિત્વ જાળવી રાખ્યું છે. આઝાદ ભારતમાં આયુર્વેદ સત્તાવાર હેલ્થકેર અને તબીબી જ્ઞાન વ્યવસ્થાનું પ્રતિનિધિત્વ કરતું હતું, જે સ્પષ્ટ સંહિતાબદ્ધ, પૂરતું સંગઠિત છે અને દેશના હેલ્થકેર નેટવર્કનો સંકલિત ભાગ છે. આયુર્વેદ અને અન્ય આયુષ વ્યવસ્થાઓ માટેની સંવર્ધક નીતિઓ સતત વિકસી રહી છે અને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ – ૧૯૮૩, રાષ્ટ્રીય વસતિ નીતિ – ૨૦૦૦ અને રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય અભિયાન – ૨૦૦૭ના માળખાના અમલીકરણમાં ચોક્કસ વ્યૂહરચનાઓ સાથે આયુર્વેદ ક્ષેત્ર વિકસતું રહ્યું છે. વર્ષ ૧૯૯૫માં આયુષ વિભાગની સ્થાપના અને ભારતીય ચિકિત્સા અને હોમિયોપેથી – ૨૦૦૨ માટે રાષ્ટ્રીય નીતિની જાહેરાત સાથે આયુર્વેદના સંકલિત વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ છે અને તે મુજબ વિવિધ કાર્યક્રમોનું અમલીકરણ થઈ રહ્યું છે. પંચવર્ષીય યોજનાઓ દરમિયાન અનુકૂળ નીતિઓ અને અંદાજપત્રીય સમર્થનમાં વૃદ્ધિથી વ્યૂહરચનાઓ અને યોજનાઓના અમલીકરણને વેગ મળ્યો છે, જે આયુર્વેદના ક્ષેત્રમાં માળખા, કાર્યકારી ક્ષમતાઓ, સેવાઓ અને સમકાલીન ટેકનોલોજીનો ઉપયોગ વધારવા નોંધપાત્ર અસર ધરાવે છે. આ પ્રકારના વિવિધ પ્રોત્સાહનના પરિણામો સંસ્થાકીય નેટવર્કમાં વૃદ્ધિ, ધારાધોરણો અને ગુણવત્તા નિયંત્રણ માટેની વિવિધ પહેલો, આયુર્વેદિક સેવાઓના વિસ્તરણ અને સુલભતા અને આયુર્વેદના મજબૂત પાસાં વિશે જનજાગૃતિ સ્વરૂપે દેખાઈ રહ્યાં છે. રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય અભિયાન, કેન્દ્ર સરકાર પ્રાયોજિત યોજનાઓ અને આઈઈસી કાર્યક્રમ હેઠળ આયુષ વ્યૂહરચનાએ આયુર્વેદની પહોંચ, સ્વીકાર્યતા અને માગમાં નોંધપાત્ર વધારો કરવામાં મદદ કરી છે. સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ, ખાસ કરીને બિનચેપી રોગોના નિવારણ અને વ્યવસ્થાપનમાં આયુર્વેદિક પદ્ધતિઓના ઉપયોગની શક્યતા અને સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચની સુલભતાએ સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓ માટે સરકાર પાસેથી વધુને વધુ સમર્થન મેળવ્યું છે અને સ્વાસ્થ્યની સારસંભાળ વ્યવસ્થામાં આયુર્વેદની પુરાવા આધારિત સહભાગિતાને પ્રોત્સાહન મળ્યું છે.

નિયમનકારી મોરચે આયુર્વેદનું શિક્ષણ અને તેનો અમલ સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિનના નિયંત્રણ હેઠળ છે, જેની રચના ભારતીય ચિકિત્સા કેન્દ્રિય પરિષદ ધારા, ૧૯૭૦ની જોગવાઈ હેઠળ થઈ છે. પરિષદ આયુર્વેદિક શિક્ષણ, અભ્યાસક્રમ અને કોલેજની માળખાગત સુવિધાઓના ધારાધોરણો સૂચવવા, તેમાં સુધારાવધારા કરવા અને તેનો અમલ કરવા જવાબદાર છે. અત્યારે આયુર્વેદનું અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ શિક્ષણ યોગ્ય રીતે માળખાબદ્ધ છે. માન્યતાપ્રાપ્ત કોલેજોમાંથી સાડા પાંચ વર્ષના બીએમએમએસના ડિગ્રી અભ્યાસક્રમમાં એક વર્ષની ઈન્ટર્નશિપ સામેલ છે અને ૨૨ વિશેષતાઓમાં ત્રણ વર્ષનો પોસ્ટગ્રેજ્યુએટ અભ્યાસક્રમ હાથ ધરવામાં આવે છે. આયુર્વેદિક સંસ્થાઓમાં પીએચ.ડી. પ્રોગ્રામ અને ટૂંકાગાળાથી મધ્યમગાળાનો ઔપચારિક અભ્યાસક્રમ પણ હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૦૩માં ભારતીય ચિકિત્સા કેન્દ્રિય પરિષદ ધારામાં સુધારો થવાની સાથે કોઈ કોલેજ કે કોઈ આયુર્વેદિક અભ્યાસક્રમ દેશમાં કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી વિના શરૂ નહીં થઈ શકે. તે જ રીતે કેન્દ્ર સરકાર પાસે સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન સાથે આયુર્વેદિક લાયકાતને માન્યતા આપવાની સત્તા છે. વિવિધ વર્ગમાંથી ઊભી થયેલી માગને પૂર્ણ કરવા એલોપેથિક અને વિદેશી ડૉક્ટર્સની તાલીમ માટે આયુર્વેદના અભ્યાસક્રમને વિકસાવવાની પહેલ કરવામાં આવી છે. આયુર્વેદિક દવાઓનું ઉત્પાદન અને ગુણવત્તા નિયંત્રણ દવા અને કોસ્મેટિક્સ ધારા, ૧૯૪૦ની જોગવાઈ હેઠળ થાય છે. આયુર્વેદિક દવાઓના ઉત્પાદકોને રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત લાઈસન્સિંગ ઓથોરિટી પાસેથી લાઈસન્સ લેવાની અને ઉત્પાદનની સારી પ્રક્રિયાઓનું પ્રમાણપત્ર મેળવવાની જરૂર છે. આયુર્વેદિક ઉત્પાદનોની ગુણવત્તા સુનિશ્ચિત કરવા તાજેતરમાં નિયમનકારી સુધારણા થઈ છે, જેમાં દવાની વિવિધ કેટેગરીના લાઈસન્સ માટે માર્ગદર્શિકાનું જાહેરનામું, વનસ્પતિના ભાગો માટે લેબલિંગની સુધારેલી જોગવાઈ, ઘટકોનું સ્વરૂપ અને

ફોર્મ્યુલેશનમાં ઉપયોગી વનસ્પતિઓનું વાનસ્પતિક નામ, તેના જીવનચક્રની માહિતી, નિષ્ક્રિય તત્ત્વોનો ઉપયોગ, દવાઓના ઉત્પાદનમાં સંરક્ષકો વગેરે અને આયુર્વેદિક દવાઓના શાસ્ત્રીય નામ સાથે ઉપસર્ગ કે પ્રત્યયના ઉપયોગ પર પ્રતિબંધ સામેલ છે.

ભારત એલોપેથિક સિસ્ટમ અને આયુર્વેદ સહિત તબીબી અને હોમિયોપેથીની ભારતીય વ્યવસ્થા સહિત સ્વાસ્થ્ય સંબંધિત સારસંભાળની બહુમુખી વ્યવસ્થાનો વિશિષ્ટ સમન્વય ધરાવે છે. દેશમાં સામાજિક-આર્થિક, રોગ સાથે સંબંધિત અને વસતિવિષયક માળખું સતત બદલાઈ રહ્યું છે અને વસતિમાં વૃદ્ધિના ઊંચા દર અને મર્યાદિત સંસાધનો સાથે લોકોની ઝડપથી બદલાતી જીવનશૈલી ભારતીય સ્વાસ્થ્ય સારસંભાળની વ્યવસ્થાને વધારે જટિલ અને પડકારજનક બનાવવા માટે જવાબદાર છે, જેનો હેતુ ચેપી અને બિનચેપી રોગોના બમણા ભારણના ઊંચા લક્ષ્યાંકો અને અસરકારક વ્યવસ્થાપનને હાંસલ કરવાનો છે. આ સ્થિતિમાં આયુર્વેદ સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓ અને પ્રાથમિક સારવારની ડિલીવરી માટે પ્રયાસો કરવા અને ગંભીર બિમારીના નિવારણ માટે અડીખમ છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં આયુર્વેદના માળખાકીય નેટવર્કમાં વધારો થયો છે. અત્યારે આ શાખામાં ૩,૯૯,૪૦૦ રજિસ્ટર્ડ પ્રેક્ટિશનર્સ, ૧૫,૧૫૩ દવાખાના, ૨૮૩૮ સરકારી હોસ્પિટલો, દર વર્ષે ૧૩૧૫૨ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની ક્ષમતા ધરાવતી ૨૬૦ ડિગ્રી કોલેજો, વાર્ષિક ૨૫૦ સ્કોલર્સને પ્રવેશ આપવાની ક્ષમતા સાથે ૧૦૦ પોસ્ટગ્રેજ્યુએટ સેન્ટર્સ અને ૭૮૩૫ લાઈસન્સ ધરાવતા ઉત્પાદન એકમો છે. પ્રાથમિક સારવાર કેન્દ્રો, સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્રો, જિલ્લા હોસ્પિટલો અને રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય અભિયાનની આયુષ વ્યૂહરચના હેઠળ અન્ય હોસ્પિટલોમાં આયુર્વેદને જોડવાથી આયુર્વેદિક સેવાઓની સુલભતામાં વધારો પણ થયો છે. આ વ્યૂહરચના સાથે દેશમાં આશરે ૧૮૧૨૮ સ્વાસ્થ્ય સુવિધાઓ આયુષ સેવાઓ પ્રદાન કરે છે, જેમાં મુખ્યત્વે આયુર્વેદ સેવાઓ હોય છે.

આ ઉપરાંત ભારતીય ચિકિત્સા અને હોમિયોપેથીનું ઔષધ પંચ, રાષ્ટ્રીય સંસ્થાઓ, આયુર્વેદ સંશોધન પરિષદ, ભારતીય ચિકિત્સા અને રાષ્ટ્રીય આયુર્વેદ વિદ્યાપીઠની ઔષધ પ્રયોગશાળા આયુર્વેદના વિકાસ માટે વૈજ્ઞાનિક પ્રયાસોને પ્રોત્સાહન આપે છે. નવી દિલ્હીમાં અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાની સ્થાપના સંશોધન અને વિકાસના તબક્કામાં છે અને આયુર્વેદનો આંતરશાખાકીય અભ્યાસ ચાલી રહ્યો છે અને સમકાલીન પ્રસ્તુતતાના સ્વાસ્થ્ય તારણો શોધવા માટેનો માર્ગ પ્રશસ્ત કર્યો છે. ૬૩૫ ફોર્મ્યુલેશન્સ સાથે આયુર્વેદિક ફોર્મ્યુલરીનું પ્રકાશન અને એક દવાના ગુણવત્તાયુક્ત ધારાધોરણોના આશરે ૬૦૦ મોનોગ્રાફ અને એકથી વધારે તત્ત્વોના સંયોજનોના ૧૫૨ મોનોગ્રાફ ધરાવતો આયુર્વેદિક ઔષધગ્રંથ આયુર્વેદિક દવાઓની ગુણવત્તા સુધારવામાં અને ધારાધોરણોના અમલમાં મહત્ત્વપૂર્ણ પગલું છે. વિવિધ કેન્દ્રિય ક્ષેત્રનો અમલ અને કેન્દ્ર સરકાર પ્રાયોજિત યોજનાઓનો હેતુ આયુર્વેદ અને અન્ય આયુષ વ્યવસ્થાઓનો સંપૂર્ણ વિકાસ કરીને ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ પ્રદાન કરવાનો, ગુણવત્તાયુક્ત દવાઓની ઉપલબ્ધતા કરાવવાનો અને વ્યાવસાયિક માનવીય સંસાધનો અને સંશોધનોને પ્રોત્સાહન આપવાનો અને દવાઓને માન્યતા આપવાનો છે. વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, વિજ્ઞાન અને ઔદ્યોગિક સંશોધન વિભાગ, સ્વાસ્થ્ય સંશોધન વિભાગ, બાયોટેકનોલોજી વિભાગ, વિજ્ઞાન અને ઔદ્યોગિક સંશોધન પરિષદ, ભારતીય ચિકિત્સા સંશોધન પરિષદ વગેરે જેવી અન્ય સરકારી સંસ્થાઓની યોજનાઓ મારફતે આયુર્વેદની વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ પહેલો સાથે આયુર્વેદના વૈજ્ઞાનિક પાસાં વધુને વધુ પ્રસ્તુત બન્યાં છે અને પુરાવા આધારિત સલામતી, અસરકારકતા અને ગુણવત્તાને પ્રોત્સાહન આપવામાં આવે છે. નવીની આયુર્વેદ ટેક્નોલોજીઓ, સાધનો અને તબીબી ઉત્પાદનોના વિકાસમાં બૌદ્ધિક સંપત્તિના અધિકારો સંકળાયેલા છે, જેને ભારતીય પેટન્ટ કાયદાની જોગવાઈઓની અંદર સુરક્ષા પ્રદાન કરવામાં આવે છે, તેમ છતાં પરંપરાગત જાણકારીના અભાવે પેટન્ટ મેળવવી મુશ્કેલ છે.

આયુર્વેદમાં સંશોધન અને વિકાસ મુખ્યત્વે આર્યુવેદિક વિજ્ઞાનમાં સંશોધનની કામગીરી કેન્દ્રીય પરિષદને સુપરત કરવામાં આવી છે, જે દેશમાં ૩૦ પ્રાદેશિક કેન્દ્રો ધરાવે છે. પરિષદની પ્રવૃત્તિઓમાં તબીબી સંશોધન, દવા સંશોધન, દવાની શરીર પર અસર સંબંધિત સંશોધન, વનસ્પતિઓનો સર્વે

અને દસ્તાવેજીકરણ, આયુર્વેદિક દવાઓ અને સારવારની સલામતી અને અસરકારકતાના ધારાધોરણો અને માન્યતા સામેલ છે. પરિષદ ૧૭ રોગની સ્થિતિ માટે ૨૬ ફોર્મ્યુલેશનની માન્યતા ધરાવે છે, ૭૦૪ વનવાસી જાતિઓના દાવાઓ અને સ્થાનિક સ્વાસ્થ્ય પરંપરાઓનું દસ્તાવેજીકરણ કર્યું છે. ૧૦ રોગની સ્થિતિ માટે ૩૫ દવાઓ પર માન્યતા મેળવવા માટેના અભ્યાસો પ્રગતિમાં છે અને અન્ય ૬૪ દવાઓને માન્યતા અપાવવાનો લક્ષ્યાંક હાથ ધરવામાં આવ્યો છે. અન્ય સંશોધન અને વિકાસ સંસ્થાઓમાં આયુર્વેદ સંશોધન પરિષદ અને તપાસકર્તાઓને આ દવાઓના વાણિજ્યિક ઉપયોગના નવીન પરિણામો માટે પેટન્ટ મંજૂર કરવાની છૂટ આપવામાં આવી છે. પરિષદે રજૂ થયેલી ૧૭ પેટન્ટ્સ અને ૧૪ પેટન્ટ અરજીઓને મંજૂરી આપી છે અને ૧૦ ઉત્પાદનો માટે ટેકનોલોજી હસ્તાંતરણ કર્યું છે. આયુર્વેદિક ઉપચાર પદ્ધતિઓમાં ઉપયોગી ઉપકરણનું બાયોઇન્સ્ટ્રુમેન્ટેશન ઉદ્યોગસાહસિકો માટે મહત્ત્વપૂર્ણ રસનો વિષય છે, જે માટે આયુર્વેદિક સંસ્થાઓ ટોચની ટેકનોલોજી સંસ્થાઓ સાથે સમજૂતિ ધરાવે છે. સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં આ પ્રકારના વિકાસ સાથે આયુર્વેદમાં સંશોધન માટેના વાતાવરણમાં અભૂતપૂર્વ વધારો થયો છે. કેન્દ્રિય આયુર્વેદિક સંશોધન પરિષદે એકલા હાથે આશરે ૩૫૦૦ વૈજ્ઞાનિક પત્રો પ્રકાશિત કર્યા છે અને આયુષ સંશોધન વેબપોર્ટલમાં ૨૩૦૬૫ સંશોધન લેખો અપલોડ કર્યા છે. એક બિનસરકારી સંસ્થા (એનજીઓ) દ્વારા લોંચ થયેલી વેબસાઇટ આયુર્વેદિક સંશોધન લેખોની ડિજિટલ હેલ્પલાઇન (ધારા) આશરે ૫૪,૦૦૦ લેખો ધરાવે છે, જેમાંથી ૭૩૩૬ની સમીક્ષા હાથ ધરવામાં આવી છે.

ભારતીય તબીબી અને હોમિયોપેથી વ્યવસ્થા પર રાષ્ટ્રીય નીતિ વર્ષ ૨૦૦૨માં અંગીકાર કરવામાં આવી હતી, જેમાં સ્વાસ્થ્યની સારસંભાળ સંબંધિત વ્યવસ્થામાં ભારતીય ચિકિત્સા પદ્ધતિઓને અર્થસભર રીતે તબક્કાવાર સંકલિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો અને સ્વાસ્થ્ય અને માનવીય વિકાસ માટે તમામ યોજનાઓનું સંપૂર્ણ સંકલન સુરક્ષિત કરવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી. તે મુજબ કેન્દ્ર સરકારમાં આયુષ મંત્રાલયે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે લોકોની સ્વાસ્થ્ય સંબંધિત જરૂરિયાતો પૂર્ણ કરવા આયુષના વિકાસને પ્રોત્સાહન આપવા કેટલાંક કાર્યરત ક્ષેત્રોને સંબોધવાનો આદેશ આપ્યો છે. આયુર્વેદ સહિત આ ક્ષેત્રોમાં સ્વાસ્થ્યની સારસંભાળ સાથે સંબંધિત સેવાઓ, માનવીય સંસાધન વિકાસ, સંશોધન, દવાઓનું સંચાલન, માહિતી-શિક્ષણ-સંવાદ, આંતરરાષ્ટ્રીય સહકાર અને વનસ્પતિઓ સામેલ છે. આ સંબંધિત પંચવર્ષીય યોજનામાં હેતુઓ અને વ્યૂહાત્મક હસ્તક્ષેપોના આધારે જરૂરિયાત આધારિત યોજના અને કાર્યક્રમનો અમલ આયુષના વિસ્તરણ અને મજબૂતિમાં અસરકારક છે અને નવા વિકસતા પ્રવાહોને અનુરૂપ તેના વિકાસને વેગ આપે છે. મર્યાદિત સંસાધનો સાથે સ્વીકાર્ય ધારાધોરણો પર વસતિની વધતી જતી સ્વાસ્થ્ય સારસંભાળની જરૂરિયાતોને પહોંચી વળવાના પડકાર સાથે આયુર્વેદ હાલના માળખાની અંદર સામાજિક રીતે સ્વીકાર્ય અસરકારક અને વાજબી હેલ્થકેર ટેકનોલોજી પ્રદાન કરે છે. આ સંદર્ભમાં હેલ્થકેર ડિલીવરી સિસ્ટમમાં પ્રસ્તુત આયુષ પ્રેક્ટિસના કાર્યકારી સંકલન માટેના પ્રયાસો વધુ પ્રસ્તુત લાગે છે.

પરંપરાગત અને પૂરક અને વૈકલ્પિક દવા માટે વૈશ્વિક માગમાં વધારો અને દ્વિપક્ષીય અને બહુપક્ષીય મંચોની રચનાએ આયુર્વેદને આંતરરાષ્ટ્રીય સહકાર અને પ્રોત્સાહનની પહેલ વિકસાવવાની તક પ્રદાન કરી છે. આ હેતુ પાર પાડવા આયુષ મંત્રાલયે નિષ્ણાતો અને અધિકારીઓના આંતરરાષ્ટ્રીય અભ્યાસ કાર્યક્રમ, ભારતીય સંસ્થાઓમાં નિયમિત અભ્યાસ કરવા વિદેશી વિદ્યાર્થીઓને શિષ્યાવૃત્તિની જોગવાઈ, આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો, વેપારી મેળાઓ, રોડ શો વગેરેમાં દવા ઉદ્યોગની ભાગીદારી અને વિદેશી નિયમનકારી સંસ્થાઓ દ્વારા બજાર અધિકૃતતા માટે ઉત્પાદનોની નોંધણી કરવા સેન્ટ્રલ સેક્ટર સ્કીમનો અમલ કર્યો છે. આ યોજનાની મદદથી મલેશિયા, ત્રિનિદાદ અને ટોબેગો, મેક્સિકો, ઈન્ડોનેશિયા, મોરેશિયસ, ક્યુબા, રશિયા, હંગેરી જેવા દેશોમાં ભારતીય રાજદૂત કચેરીમાં આયુષ માહિતી સેલ સ્થાપિત કરવામાં સફળતા મળી છે. વર્ષ ૨૦૦૫-૦૬થી અત્યાર સુધી ભારતમાં એએસયુએન્ડએચ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરવા ૧૧૫ વિદેશી વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ પણ મેળવી છે. વેસ્ટઈન્ડિઝ, ત્રિનિદાદ અને ટોબેગો અને હંગેરીની યુનિવર્સિટી ઓફ ડિબ્રેસીનમાં આયુર્વેદ એકેડેમિક ચેરની સ્થાપના પણ કરવામાં આવી છે. સ્લોવેનિયા અને

ઈન્ડોનેશિયામાં આયુર્વેદ ચેરની સ્થાપના કરવાની આવી જ દરખાસ્તો વિચારણા હેઠળ છે. મલેશિયા, ત્રિનિદાદ અને ટોબેગો, હંગેરી, બાંગ્લાદેશ, નેપાળ અને મોરેશિયસ અને અન્ય કેટલાંક દેશો સાથે સમજૂતિ કરાર (એમઓયુ)ની વિચારણા ચાલી રહી છે, જેનો હેતુ આયુર્વેદ સહિત પરંપરાગત દવાના ક્ષેત્રમાં દ્વિપક્ષીય સમજૂતિ વિકસાવવાનો છે. પરંપરાગત દવાના ક્ષેત્રમાં વિશ્વ આરોગ્ય સંગઠન સાથે આદર્શમૂલક સમજૂતિ આયુર્વેદ સાથે સંબંધિત બે પ્રકાશનો તરફ દોરી ગઈ છે, જે વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૨૦૧૦માં પ્રકાશિત કર્યા હતા. એપ્રિલ, ૨૦૧૩થી વિશ્વ આરોગ્ય સંસ્થાનું સહયોગ કેન્દ્ર આયુર્વેદમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટગ્રેજ્યુએટ ટીચિંગ્સ એન્ડ રિસર્ચ માટે નિયુક્ત થયું છે, જેણે આયુર્વેદના વિકાસ અને વૈશ્વિક સ્તરે દરજ્જો વધારવા કામ કરવાની નવી દિશાઓ ખોલી છે. આયુર્વેદે અનેક દેશોમાં પ્રવેશ કર્યો છે, તેમ છતાં વૈશ્વિક સ્તરે તેની ઉપયોગિતા, ગુણવત્તા અને સલામતીને લઈને સમજણમાં ફરક પ્રવર્તે છે. તબીબી વ્યવસ્થાના ભાગરૂપે આયુર્વેદને હજુ મોટા ભાગના દેશોમાં માન્યતા મળી નથી અને તેની ઓળખ અને કામગીરીને નિયમનકારી અવરોધોનો સામનો કરવો પડે છે. સરકારી પ્રયાસોનો હેતુ આ સમસ્યાઓનું સમાધાન કરવા આંતરરાષ્ટ્રીય સહકારને પ્રોત્સાહન આપવાનો અને આયુર્વેદના પ્રદાનને આગળ ધપાવવાનો છે.

આયુર્વેદની લોકપ્રિયતા એવા તબક્કે પહોંચી ગઈ છે, જ્યાંથી આપણે લોકોના સ્વાસ્થ્યની સારસંભાળ માટે તેને ઓફર કરવા વિચારી શકીએ, તેમ છતાં તેની સલામતી, અસરકારકતા અને ગુણવત્તા એટલી હદે વધારવાની જરૂર છે કે ઉત્પાદનો અને સેવાઓ આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રવર્તમાન ધારાધોરણોનું પાલન થાય. તેમાં સૌથી મોટો પડકાર આયુર્વેદિક દવાઓની શરીર પરની અસર પુરવાર કરવાનો છે અને તેની જૈવ ઉપલબ્ધતા ઊભી કરવાનો અને અન્ય ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોની જેમ નિકાસ કરવાનો છે. ચિકિત્સકીય દવાઓની વૈજ્ઞાનિક માન્યતા, પ્રમાણભૂત સારવાર શિષ્ટાચારનો વિકાસ અને તડફંચી કે ચોર અને દૂરુપયોગથી આયુર્વેદના પરંપરાગત જ્ઞાનનું સંરક્ષણ વિચારવાલાયક મહત્ત્વપૂર્ણ પાસાં છે.

**સંદર્ભ માટે મહત્ત્વપૂર્ણ વિવિધ વેબસાઈટ:**

1. www.indianmedicine.nic.in – Ministry of AYUSH, Govt. of India
2. www.mohfw.nic.in- Ministry of Health & Family Welfare, Govt. of India
3. www.nrhm-mis.nic.in – National Rural Health Mission (NRHM), Govt. of India
4. www.nia.nic.in - National Institute of Ayurveda, Jaipur, Rajasthan
5. www.ravdelhi.nic.in- Rashtriya Ayurveda Vidyapeeth, New Delhi
6. www.ayurveduniversity.edu.in - Institute of Post Graduate Teaching & Research in Ayurveda, Jamnagar, Gujarat
7. www.bhu.ac.in - Banaras Hindu University, Faculty of Ayurveda, Varanasi (U.P), India
8. www.ccimindia.org – Central Council for Indian Medicine, New Delhi
9. www.ccras.nic.in - Central Council for Research in Ayurvedic Sciences, New Delhi
10. www.plimism.nic.in - Pharmacopoeial Laboratory for Indian Medicine, Ghaziabad.
11. www.nmpb.nic.in - National Medicinal Plants Board, New Delhi
12. www.ayushportal.ap.nic.in- AYUSH Research Portal

**લેખક આર્યુવેદ, યોગ અને નેચરોપેથી, યુનાની, સિધ્ધા અને હોમિયોપેથી (આયુષ) મંત્રાલય, નવી દિલ્હી ખાતે આયુર્વેદ સલાહકાર છે.**

**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

# ઊર્જા ક્ષેત્રને નવી ઊંચાઈએ પહોંચાડવાનો લક્ષ્યાંક

● કે. આર. સુધામન ●

ભારતે ઊર્જા ક્ષેત્રમાં લાંબી મજલ કાપી છે. આઝાદી સમયે ૧૯૪૭માં દેશમાં ફક્ત ૧૩૬૨ મેગા વોટ વીજળીનું ઉત્પાદન થતું હતું, જ્યારે સાડા છ દાયકામાં દેશની વીજ ઉત્પાદનક્ષમતા વધીને ૨,૬૧,000 મેગાવોટ થઈ છે. જ્યારે તેમાંથી ૬૦ ટકા હિસ્સો થર્મલ પાવરનો છે, જેમાં મૂળભૂત રીતે કોલસા અને થોડા અંશે વાયુનો ઉપયોગ થાય છે, ત્યારે નવીનીકરણ ઊર્જાનું ઉત્પાદન વધારવા એક વખત ફરી ભાર મૂકવામાં આવી રહ્યો છે. જળવિદ્યુત શક્તિના કિસ્સામાં ૧,૪૮,000 મેગાવોટ જળવિદ્યુત શક્તિના ૭૦ ટકા હિસ્સાનો ઉપયોગ થતો નથી, જેમાં ખાસ કરીને ઉત્તરપૂર્વના રાજ્યોમાં ૫૦,000 મેગાવોટ જળવિદ્યુત શક્તિ હજુ પણ વણવપરાયેલ છે. પરમાણુ ઊર્જામાં પણ અપાર સંભવિતતા છે, પણ તેની સાથે પર્યાવરણ સંબંધિત કેટલીક જટિલતાઓ જોડાયેલી છે. જોકે તેમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે અને અત્યારે ભારતમાં આશરે ૬,000 મેગાવોટ પરમાણુ ઊર્જાનું ઉત્પાદન થાય છે, જેને વર્ષ ૨૦૩૨ સુધીમાં ૬૩,000 મેગાવોટ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક છે. અમેરિકા સાથે વર્ષ ૨૦૦૯માં નાગરિક પરમાણુ સંધિ થઈ છે, જેનો ઉદ્દેશ દેશમાં ૧,000 મેગાવોટથી વધારે પરમાણુ ઊર્જાના ઉત્પાદનની ક્ષમતા ધરાવતા પ્લાન્ટ સ્થાપિત કરવાનો છે. પાછળથી પવન અને સૌર ઊર્જાના ઉત્પાદનમાં અભૂતપૂર્વ સફળતા મળી છે, ખાસ કરીને સૌર ઊર્જામાં. જ્યારે દેશમાં પવન ઊર્જાના ઉત્પાદને વેગ પકડ્યો છે અને તમિળનાડુ, મહારાષ્ટ્ર, ગુજરાત, આંધ્રપ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોમાં આશરે ૨૫,000 મેગાવોટ પવન ઊર્જાનું ઉત્પાદન થઈ રહ્યું છે, ત્યારે આગામી વર્ષોમાં સૌર ઊર્જા ક્રાંતિકારી ફેરફાર લાવશે તેવી શક્યતા છે. જ્યારે દેશમાં ૧.૫ લાખ મેગાવોટ પવન ઊર્જાના ઉત્પાદનની સંભવિતતા છે, ત્યારે દેશમાં ૩,00,000 મેગાવોટ સૌર ઊર્જા ઉત્પાદનની ક્ષમતા છે, જેમાંથી અત્યાર સુધી ફક્ત ૩,૮00 મેગાવોટ વીજળીનું જ ઉત્પાદન થયું છે. સૌર ઊર્જાના ઉત્પાદનના ખર્ચમાં ઘટાડો થવાથી આગામી વર્ષોમાં તેના ઉત્પાદનમાં દેશ હરણફાળ પ્રગતિ કરશે તેવી અપેક્ષા છે અને મોદી સરકારે વર્ષ ૨૦૨૨ સુધીમાં એક લાખ મેગાવોટ સૌર ઊર્જાનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે, જ્યારે યુપીએ સરકારે ૨૦,000 મેગાવોટ સૌર ઊર્જાનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો. તમિળનાડુ, હરિયાણા, દિલ્હી, પંજાબ, ગુજરાત, રાજસ્થાન અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં સૌર ઊર્જાના ઉત્પાદનમાં ક્રાંતિ થઈ રહી છે. આ રાજ્યોમાં રૂફટોપ સોલર પાવર (છત પર સૌર ઊર્જાની પેનલ સ્થાપિત કરવી) માટે નેટ મીટરિંગની વિભાવના પ્રસ્તુત થઈ છે, જેના પગલે ખર્ચમાં ઓછામાં ઓછા ૨૫ ટકાનો ઘટાડો થયો છે, કારણ કે સંગ્રહ કરવા માટે બેટરીની જરૂર હોતી નથી.

૧૯૯૦ના દાયકાથી વીજળીના ઉત્પાદનમાં વધારો થયો હોવા છતાં ભારત હજુ પણ વીજળીની ખાધ ધરાવતો દેશ છે. એટલે ઘણું બધું કરવાની જરૂર છે અને છેલ્લાં એક વર્ષમાં એનડીએ સરકારે દેશમાં વીજ ઉત્પાદનને વેગ આપવા કેટલીક યોગ્ય પહેલ કરી છે. દુનિયામાં ૧.૪ અબજ લોકોને હજુ પણ વીજળી મળતી નથી, જેમાં ભારતના ૩૦ કરોડ લોકો સામેલ છે. આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સીના અંદાજ મુજબ ભારતે વર્ષ ૨૦૫૦ અગાઉ ૬૦૦ ગિગાવોટથી ૧,૨૦૦ ગિગાવોટ વીજળીની નવી ઉત્પાદન ક્ષમતા ઉમેરવી પડશે. સંપૂર્ણ યુરોપિયન યુનિયનની કુલ વીજ ઉત્પાદનક્ષમતા વર્ષ ૨૦૦૫માં ૭૪૦ ગિગાવોટ હતી અને ભારતે વીજળીની ઉત્પાદન ક્ષમતામાં ઘણો વધારો કરવાની

જરૂર છે. ભારતે અપનાવેલ ટેકનોલોજીઓ અને ઇંધણના સ્ત્રોતો વૈશ્વિક સંસાધનોના વપરાશ અને પર્યાવરણ સંબંધિત મુદ્દાઓ પર નોંધપાત્ર અસર કરી શકે છે અને એટલે સરકારે નવીનીકરણ ઊર્જાની સંભવિતતા પર વિશેષ ધ્યાન આપવાનો નિર્ણય કર્યો છે.

આશરે ૮૦ કરોડ ભારતીયો રાંધવા જેવા સામાન્ય ઘરવપરાશ માટે પરંપરાગત ઇંધણો - લાકડું, કૃષિનો કચરો અને છાણનો ઉપયોગ કરે છે. આ પરંપરાગત ઇંધણ ઊર્જાનો અપૂરતો સ્ત્રોત છે અને તેમાંથી મોટા પાયે ધુમાડો છૂટે છે. વિશ્વ આરોગ્ય સંગઠનનો દાવો છે કે, દર વર્ષે બાયોમાસ અને ઘરની અંદર ચુલાના ઉપયોગના કારણે હવાના પ્રદૂષણ અને કાર્બન મોનોક્સાઇડની અસરના કારણે ૩,૦૦,૦૦૦થી ૪,૦૦,૦૦૦ ભારતીયો મૃત્યુ પામે છે. ભારતમાં ઊર્જા ક્ષેત્રમાં વૃદ્ધિ પરંપરાગત ઇંધણનો ટકાઉ વિકલ્પ પ્રદાન કરવામાં મદદ કરી શકે છે અને આ સંદર્ભમાં નવીનીકરણ ઊર્જા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે અને સરકારે યોગ્ય રીતે દેશમાં નવીનીકરણ ઊર્જાના મહત્ત્વાકાંક્ષી વિકાસ પર ભાર મૂકવાનો નિર્ણય લીધો છે. હવાના પ્રદૂષણની સમસ્યાઓ ઉપરાંત ભારતની પાણીના પ્રદૂષણ અને તેની સાથે સંબંધિત પર્યાવરણની સમસ્યાઓના સમાધાન માટે વીજળીનું વિશ્વસનિય ઉત્પાદન અને પુરવઠો આવશ્યક છે તેવું વિવિધ અભ્યાસો સૂચવે છે. ઉપરાંત ઝડપથી વૃદ્ધિ પામતું અર્થતંત્ર, નિકાસમાં વધારો, માળખાગત સુવિધાઓમાં સુધારો અને કુટુંબની આવકમાં વધારો પણ દેશમાં ઊર્જાની માગ વધારશે.

આગામી ચારથી પાંચ વર્ષમાં દેશમાં તમામ નાગરિકોને સતત વીજળીનો પુરવઠો ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા મોદી સરકાર ઊર્જા ક્ષેત્રમાં યોગ્ય ભાર મૂકે છે. આ માટે વીજળીની ચોરી, થર્મલ પ્લાન્ટ્સ માટે કોલસાનો પર્યાપ્ત પુરવઠો ઉપલબ્ધ કરાવવો, ટ્રાન્સમિશનની ઊણપ ઘટાડવી, સૌર અને પવન જેવા નવીનીકરણ ઊર્જાના સ્ત્રોતોને વધુ વિકસાવવા, જળવિદ્યુત શક્તિ સંભવિતતાનો ઉપયોગ કરવો જેવા પગલાં ભરવાની જરૂર છે અને આ માટે મોટા પાયે રોકાણની જરૂર પડશે. અત્યારે મુખ્ય પહેલોને પરિણામે થર્મલ વીજ ઉત્પાદનમાં ૧૫.૮ ટકાનો વધારો થયો છે. સરકારે પણ વીજ ઉત્પાદનક્ષમતામાં ૫૦ ટકા વૃદ્ધિ માટેની યોજનાઓ રજૂ કરી છે અને ગ્રામીણ અને શહેરી ભારતમાં વીજળીનો સતત પુરવઠો પ્રદાન કરવા રૂ. ૧.૧ લાખ કરોડની કેન્દ્રિય સહાય પ્રદાન કરી છે. સરકારે મોટા પાયે રોકાણ કરીને વર્ષ ૨૦૨૦ સુધીમાં કોલસાનું ઉત્પાદન બમણું કરીને ૧૦૦ કરોડ ટન કરવાની યોજના બનાવી છે. તાજેતરમાં થયેલી કોલસાના બ્લોકની હરાજીથી આ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને તેના પગલે સરકારની તિજોરીમાં આશરે રૂ. બે લાખ કરોડ જમા થયા છે, જેમાંથી નોંધપાત્ર રકમ ખાણ ધરાવતા રાજ્યોને મળશે અને પછાત રાજ્યોમાં વિકાસ પ્રવૃત્તિઓને વેગ મળશે.

જ્યારે સરકારે વર્ષ ૨૦૨૨ સુધીમાં એક લાખ મેગાવોટ સૌર ઊર્જાના ઉત્પાદનનો અને ૬૦,૦૦૦ મેગાવોટ પવન ઊર્જાના ઉત્પાદનનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે, ત્યારે આગામી સાત વર્ષમાં નવીનીકરણ ઊર્જાના ક્ષેત્રમાં રૂ. ૧૦ લાખ કરોડનું રોકાણ આવશે તેવી અપેક્ષા છે. સ્થગિત થયેલા જળવિદ્યુત શક્તિના પ્રોજેક્ટ્સને નવજીવન આપવાના પ્રયાસો ઉપરાંત સરકારે નવીનીકરણ ઊર્જા માટેના બજેટમાં ૬૫.૮ ટકાનો વધારો કર્યો છે અને ટૂંક સમયમાં સૌર અને પવન ઊર્જા માટે નવી નવીનીકરણ ઊર્જા નીતિ રજૂ થશે.

ઊર્જા સંરક્ષણ માટેની યોજનાના ભાગરૂપે એનડીએ સરકારે પાંચ ફંડ રજૂ કરવાની યોજના બનાવી છે, જે દરેક ફંડ પાંચ અબજ ડોલરનું હશે, જેનો હેતુ પર્યાવરણને લાભદાયક ઊર્જાના સ્ત્રોતોને પ્રોત્સાહન આપવાનો છે.

નવી અને નવીનીકરણ ઊર્જા મંત્રાલય (એનએનઆરઇ) અને પાવર ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ (પીએફસી), રૂરલ ઇલેક્ટ્રિફિકેશન કોર્પ લિમિટેડ (આરઈસી), ઇન્ડિયન રિન્યૂએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (આઇઆરઇડીએ), આઇએફસીઆઇ લિમિટેડ, એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ અને આઇસીઆઇસીઆઇ બેન્ક લિમિટેડ જેવી સરકારી માલિકીની અને ખાનગી ક્ષેત્રની નાણાકીય સંસ્થાઓની મદદ મેળવવાની યોજના બનાવી છે, જેથી ૨૫ અબજ ડોલરનું ભંડોળ ઊભું કરી શકાય. અમેરિકાએ ૨૦૨૫ સુધીમાં તેના ઉત્સર્જનને વર્ષ ૨૦૦૫ના સ્તરથી

૨૬થી ૨૮ ટકા ઘટાડવાનો નિર્ધાર જાહેર કર્યા પછી ભારત સરકારે પર્યાવરણ માટે લાભદાયક નવીનીકરણ ઊર્જા પર તેનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ચીન વર્ષ ૨૦૩૦ સુધીમાં કાર્બન ડાયોક્સાઇડના નુકસાન ઉત્સર્જનની મહત્તમ મર્યાદા હાંસલ કરશે તે પણ ધ્યાનમાં લેવું જોઈએ.

સરકારે જાહેર કરેલા નવાં પગલાં સ્થાનિક કંપનીઓને ટોચની પ્રાથમિકતા આપશે અને એનટીપીસી, કોલ ઇન્ડિયા, એનર્જી એફિશિઅન્સી સર્વિસીસ, પાવર ગ્રિડ કોર્પોરેશને તાજેતરના મહિનાઓમાં ઊર્જા ક્ષેત્રમાં રૂ. ૧,૦૦,૦૦૦ કરોડના ઓર્ડર્સ આપ્યા છે, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મેક ઇન ઇન્ડિયા અભિયાનને પ્રોત્સાહન આપવા સ્થાનિક ઉત્પાદન ક્ષેત્રને વેગ આપશે. ઉપરાંત સ્થાનિક સૌર અને પવન ઊર્જાના મોટા ઓર્ડર્સ સ્થાનિક ઉત્પાદકોને મળ્યાં છે, જેનો હેતુ તેમની ક્ષમતા વધારીને સ્પર્ધાત્મક બનાવવાનો અને વૈશ્વિક કક્ષાની ટેકનોલોજી મેળવવાનો છે. સરકારી સંસ્થાઓ અત્યાર સુધી સ્થાનિક રીતે ઉત્પાદિત કોષો અને મોડ્યુલ્સનો ઉપયોગ કરતા હોય તેવા ૧૦૦૦ મેગાવોટના સૌર ઊર્જા પ્રોજેક્ટ્સ ખરીદશે. સંરક્ષણ સંસ્થાઓ ૩૦૦ મેગાવોટના સૌર પ્લાન્ટ્સ ખરીદશે. સરકારે પણ બચત મારફતે ૧૦ ટકા ઊર્જાની બચત કરવાની યોજના બનાવી છે. ૧૦,૦૦૦ કરોડ યુનિટ બચાવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે, જે ૧૧ કરોડ લોકોના જીવનમાં અજવાળું પાથરી શકે છે અને રૂ. ૪૦,૦૦૦ કરોડની બચત થઈ શકે તેમ છે.

સરકારની નવીનીકરણ ઊર્જા પર ધ્યાન આપવાની વ્યૂહરચનાનો એક આશય એવો પણ છે કે ભારતનો ઊર્જા આયાતનો ખર્ચ આશરે ૧૫૦ અબજ ડોલર છે, જે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૩૦૦ અબજ ડોલર સુધી પહોંચી જવાની અપેક્ષા છે. ભારત તેની જરૂરિયાતના ૮૦ ટકા ક્રૂડ ઓઇલની અને ૧૮ ટકા કુદરતી ગેસની આયાત કરે છે. એપ્રિલ, ૨૦૧૪ સુધીમાં કુલ થર્મલ પાવર ઉત્પાદન ક્ષમતા ૧૬૮.૪ ગિગાવોટ હતી, જ્યારે જળ અને નવીનીકરણ ઊર્જાની સ્થાપિત ક્ષમતા અનુક્રમે ૪૦.૫ ગિગાવોટ અને ૩૧.૭ ગિગાવોટ હતી. ભારતમાં પવન ઊર્જાનું બજાર આગામી વર્ષ સુધીમાં આશરે રૂ. ૨૦,૦૦૦ કરોડનું રોકાણ આકર્ષશે તેવી અપેક્ષા છે, કારણ કે તમામ ક્ષેત્રની કંપનીઓએ પવન ઊર્જા દ્વારા ૩,૦૦૦ મેગાવોટ વીજક્ષમતા ઉમેરવાની યોજના બનાવી છે. આશરે ૨૯૩ આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક કંપનીઓએ ભારતમાં આગામી પાંચથી ૧૦ વર્ષમાં સૌર, પવન, અર્ધજળવિદ્યુત અને બાયોમાસ આધારિત ૨૬૬ ગિગાવોટ ઊર્જાનું ઉત્પાદન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ માટે ૩૧૦થી ૩૫૦ અબજ ડોલર રોકાણની જરૂર પડશે. ઊર્જા ક્ષેત્રએ એપ્રિલ, ૨૦૦૦થી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન ૯૫૪.૮ અબજ ડોલરનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઇ) મેળવ્યું છે.

ભારતીય ઊર્જા ક્ષેત્રમાં વીજ ઉત્પાદન, વિતરણ, ટ્રાન્સમિશન અને ઉપકરણની અપાર તકને ધ્યાનમાં રાખીએ તો આગામી ચારથી પાંચ વર્ષમાં રૂ. ૧૫ ખરબ (૨૩૭.૩૫ અબજ ડોલર)ના રોકાણની સંભવિતતા છે તેવું કેન્દ્રિય કોલસા, ઊર્જા અને નવીનીકરણ ઊર્જા પ્રધાન શ્રી પિયૂષ ગોયલે જણાવ્યું હતું. સરકારનો ટૂંકાગાળાનો લક્ષ્યાંક વર્ષ ૨૦૧૯ સુધીમાં બે ટ્રિલિયન યુનિટ (કિલોવોટ અવર્સ)નું ઉત્પાદન કરવાનો છે અને રહેણાંક, ઔદ્યોગિક, વ્યાવસાયિક અને કૃષિલક્ષી વપરાશ માટે વીજળીનો સતત પુરવઠો પ્રદાન કરવા હાલની ઉત્પાદન ક્ષમતા બમણી કરવી પડશે.

સૌર ઊર્જા પ્લાન્ટ્સ સ્થાપિત કરવા પ્રતિ મેગાવોટ ક્ષમતા માટે આશરે ૨.૪ હેક્ટર (૬ એકર) જમીનની જરૂર છે, જ્યારે કોલસાની ખાણના જીવનચક્ર, નુકસાનકારક પાણીના સંગ્રહ અને રાખના નિકાલના ક્ષેત્રને ગણતરીમાં લેવામાં આવે અને જળાશયોમાં ડૂબેલા ક્ષેત્રને ગણતરીમાં લેવામાં આવે ત્યારે કોલસા આધારિત વીજ પ્લાન્ટ્સ અને જળવિદ્યુત પ્લાન્ટ માટે જરૂરી જમીનને સમકક્ષ છે. ભારતમાં ૧૩.૩ લાખ મેગાવોટ ક્ષમતા ધરાવતા સૌર પ્લાન્ટ્સ એક ટકા વિસ્તારમાં (૩૨,૦૦૦ ચોરસ કિમી) સ્થાપિત કરી શકાશે. દેશના તમામ વિસ્તારોમાં સૌર ઊર્જા માટે અનુકૂળ જમીનના મોટા પટ્ટા ઉપલબ્ધ છે, જે ઉજ્જડ છે અને વનસ્પતિના ઉછેર માટે લાયક નથી. જ્યારે સૌર ઊર્જા પ્લાન્ટ્સ સ્થાપિત કરવામાં આવે ત્યારે ઉજ્જડ જમીન (૩૨,૦૦૦ ચોરસ કિમી)ના થોડા ભાગમાં ૨૦૦૦ અબજ કિલોવોટ વીજળી

(વર્ષ ૨૦૧૩-૧૪માં કુલ ઉત્પાદનથી બે ગણું)નું ઉત્પાદન થઈ શકે છે, જેમાં એકર દીઠ ૧૫ લાખ રૂપિયાની જમીન ઉત્પાદકતા મળી શકે છે (રૂ. ૬/ કિલોવોટ પ્રાઇસ), જે અનેક ઔદ્યોગિક વિસ્તારોની સમકક્ષ છે અને ખેતીવાડી માટે શ્રેષ્ઠ સિંચાઈની જમીનના ઉત્પાદકતા કરતાં બમણી ઉત્પાદકતા છે. ઉપરાંત આ સૌર ઊર્જા એકમો કોઈ કાચા માલના પુરવઠા પર નિર્ભર નથી. જો ભવિષ્યમાં સૌર ઊર્જા પ્લાન્ટ્સ દ્વારા આંશિક રીતે ઉત્પાદકીય જમીન મેળવવામાં આવે, તો તમામ અશ્મિભૂત ઇંધણની જરૂરિયાતો (કુદરતી ગેસ, કોલસો, લિગ્નાઇટ, પરમાણુ ઇંધણ અને ક્રૂડ ઓઇલ)ના સ્થાને સૌર ઊર્જા સ્થાપિત કરવાની પ્રચૂર સંભવિતતા છે. અમેરિકા/જાપાન જેટલી માથાદીઠ ઊર્જા પૂરી પાડવા ભારતની સૌર ઊર્જાની સંભવિતતાનો જ ઉપયોગ કરવો પડશે.

ભારતમાં સૌર ફાર્મ પ્રોજેક્ટ્સ માટે જમીન સંપાદન કરવી મોટો પડકાર છે. કેટલીક રાજ્ય સરકારોએ આ સમસ્યાનું સમાધાન કરવા નવા માર્ગો અખત્યાર કર્યા છે. દાખલા તરીકે, ગુજરાતમાં વિસ્તૃત સિંચાઈ કેનાલ પ્રોજેક્ટ્સ ઉપર સૌર ક્ષમતા સ્થાપિત કરી છે, જેનાથી બે ફાયદા થાય છે. એક, સૌર ઊર્જાનું ઉત્પાદન થાય છે અને બે, પાણીનું બાષ્પીભવન ઘટવાથી સિંચાઈ માટે પાણી પણ વધારે મળે છે. આવા પ્રથમ પ્રોજેક્ટનો અમલ નર્મદા કેનાલના ૧૯,૦૦૦ કિમી લાંબા નેટવર્ક પર સૌર પેનલ સ્થાપિત કરવા થઈ રહ્યો છે. ભારતમાં આ પ્રકારનો આ પ્રથમ પ્રોજેક્ટ છે. તે પર્યાવરણ માટે પણ લાભદાયક છે. સૌર ઊર્જાનો વ્યાપક ઉપયોગ થવાથી વર્ષ ૨૦૫૦ સુધીમાં દર વર્ષે છ અબજ ટનથી વધારે કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન અટકશે, જે અમેરિકાના હાલના કાર્બન ડાયોકસાઇડના કુલ ઉત્સર્જન કે વૈશ્વિક પરિવહન ક્ષેત્રમાંથી સીધા તમામ ઉત્સર્જન સમકક્ષ છે. ભારતમાં અનેક વિસ્તારોમાં સૂર્યનો પ્રકાશ પ્રચૂર માત્રામાં ઉપલબ્ધ છે અને આકાશ સ્વચ્છ રહે છે. ભારત વર્ષ ૨૦૫૦ સુધીમાં કાર્બન ડાયોકસાઇડના ઉત્સર્જનમાં સૌથી વધુ ઘટાડો કરનાર દેશ બનવા સક્ષમ થશે. ભારત સૌર ઊર્જાનું કેન્દ્ર બનશે અને આ માટે સરકારે નીતિગત માળખું બનાવ્યું છે. અત્યારે દેશમાં સૌર ઊર્જાનું કુલ ઉત્પાદન ૪,૦૦૦ મેગાવોટથી થોડું ઓછું હોવા છતાં રૂફ ટોપ સૌર ઊર્જાનું ઉત્પાદન આગામી પાંચથી સાત વર્ષમાં વધીને ૪૦,૦૦૦ મેગાવોટ થવાની શક્યતા છે. જર્મન ડેવલપમેન્ટ બેન્ક, કેએફડબલ્યુએ રાજસ્થાન અને તમિળનાડુમાં ગ્રીન ટ્રાન્સમિશન કોરિડોર સ્થાપિત કરવા એક અબજ યુરોની ઓછા વ્યાજની લોન પ્રદાન કરી છે અને ટૂંક સમયમાં રૂફ ટોપ સૌર ઊર્જાને પ્રોત્સાહન આપવા વધુ એક અબજ યુરો ડોલરની ઓછા વ્યાજની લોન મંજૂર કરશે, જે ઝડપથી નેટ મીટરિંગ સ્થાપિત કરવા કેટલાંક શહેરોને આવરી લેશે. એકલું દિલ્હી જ ૨,૦૦૦ મેગાવોટ રૂફ ટોપ સૌર ઊર્જા ઉત્પાદન કરવાની સંભવિતતા ધરાવે છે, જે શહેરના કુલ ૬,૦૦૦ મેગાવોટના વપરાશથી ત્રીજા ભાગની છે. તેની જેમ અન્ય તમામ મોટા શહેરો ઊંચી સંભવિતતા ધરાવે છે અને વીજ ઉત્પાદકો અને વ્યક્તિગત નિર્માણ કે મકાનમાલિકો એમ બંને માટે ફાયદાકારક સ્થિતિ છે, કારણ કે તેમના વીજળીના બિલમાં ૬૬ ટકા સુધીનો ઘટાડો થશે અને સૌર ઊર્જાની પેનલમાં રોકાણ ચારથી પાંચ વર્ષમાં વસૂલ થઈ જશે, જે મેઇન્ટેનન્સ ફ્રી અને ૨૫ વર્ષ સુધી ચાલે છે.

ઇન્ડિયન રિન્યૂએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (આઇઆરઇડીએ) સરકારના રૂફ ટોપ અભિયાનને પૂર્ણ કરવા ડેવલપર્સને ઓછા વ્યાજની લોન ધીરવા આગામી થોડા મહિનાઓમાં સરકારની સૌર પહેલોને ટેકો આપવા બજારમાંથી રૂ. ૨,૦૦૦ કરોડના મૂલ્યના કરમુક્ત બોન્ડ્સ ઊભા કરશે તેવી શક્યતા છે તેવું નવી અને નવીનીકરણ ઊર્જા મંત્રાલયે જણાવ્યું છે. તેના સંયુક્ત સચિવ શ્રી તરુણ કપૂરે તાજેતરમાં પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી સમિટમાં તાજેતરમાં જણાવ્યું હતું કે, સરકારે થોડા દિવસ અગાઉ વિવિધ એજન્સીઓ મારફતે તેની સૌર ઊર્જા પહેલોને ટેકો આપવા અને જાળવવા કરમુક્ત બોન્ડ્સ ઊભા કરવા રૂ. ૫,૦૦૦ કરોડની રકમ મંજૂર કરી છે, જેમાંથી આઇઆરઇડીએને રૂ. ૨,૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યાં છે. જો ૨,૦૦૦થી ૩,૦૦૦ મેગાવોટના સૌર પ્રોજેક્ટ્સનો અમલ થાય તો ચાલુ નાણાકીય વર્ષમાં સરકારને સંતોષ થશે. સરકાર નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮થી દર વર્ષે ૧૦,૦૦૦

મેગાવોટ સૌર ઊર્જા ઉમેરવાનો પ્રયાસ કરશે. આ ટકાઉ સ્તરે હશે અને થોડા વર્ષ પછી દર વર્ષે ૧૫,૦૦૦ મેગાવોટ સૌર ઊર્જા ઉમેરી શકાશે તેવું તેમણે ઉમેર્યું હતું.

સંયુક્ત સચિવે એવી જાહેરાત પણ કરી હતી કે સરકારે ઔદ્યોગિક અને વાણિજ્યિક હેતુસર વીજ ઉત્પાદન માટે બિનપરંપરાગત ઊર્જાના લક્ષ્યાંકો હાંસલ કરવા સબસિડીઓ પરત ખેંચવાનો નિર્ણય લીધો છે. તેમણે ઉમેર્યું હતું કે, હોસ્પિટલ, શૈક્ષણિક કેન્દ્રો અને સ્વાસ્થ્ય સંબંધિત પહેલો સહિત સામાજિક ક્ષેત્રો માટે સબસિડી ચાલુ રહેશે. સૌર ઊર્જા ઉત્પાદનનો ખર્ચ યુનિટ દીઠ રૂ. છથી સાત થાય છે એટલે સબસિડીની જરૂરિયાત વધી રહી છે, પણ આ ઉત્પાદનનો ખર્ચ યુનિટ દીઠ ઘટીને રૂ. ૪.૫ થશે તેવી અપેક્ષા છે, જ્યારે થર્મલ પાવરનો ખર્ચ વધી રહ્યો છે. સરકારે આગામી પાંચ વર્ષમાં ૫૦૦ મેગાવોટના એક એવા ૨૫ સૌર પાર્ક વિકસાવવાની યોજના પણ જાહેર કરી છે, જે માટે સરકારે રૂ. ૪,૦૫૦ કરોડ ફાળવ્યાં છે. સૌર પાર્ક્સ રોકાણકારો અને ડેવલપર્સને આકર્ષવાની સુવિધા ઓફર કરે છે. સૌર પાર્ક વ્યક્તિગત નાના પ્રોજેક્ટ ડેવલપર્સને સામનો કરવો પડતી મોટા ભાગની સમસ્યાઓ દૂર કરે છે.

સૌર પ્લાન્ટ્સ સ્થાપિત કરવા કૌશલ્ય સંવર્ધન પર ખાસ ભાર મૂકવાની જરૂર છે. થર્મલ, હાઈડલ અને પવન ઊર્જા પ્લાન્ટ સ્થાપિત કરવા તાલીમબદ્ધ માનવશ્રમ ઉપલબ્ધ છે. મોટા પાયે સૌર ઊર્જાનું ઉત્પાદન કરવા મોટી સંખ્યામાં કુશળ માનવશ્રમની જરૂર પડશે, ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં નાના પ્લાન્ટ્સ અને રૂફટોપ સૌર ઊર્જા સ્થાપિત કરવા, જેનો ઝડપથી પ્રસાર થઈ રહ્યો છે. સરકારે કૌશલ્ય સંવર્ધન માટે યોજના જાહેર કરી દીધી છે, જે દેશના વિવિધ વિસ્તારોમાં સ્થાનિક યુવાનો માટે તક પ્રદાન કરશે. મંત્રી શ્રી પિયૂષ ગોયલે સંકેત આપ્યો હતો કે ચાલુ વર્ષે ડિસેમ્બર સુધીમાં સૌર ઊર્જાના ઉત્પાદનના ખર્ચમાં ૨૫થી ૩૦ ટકાનો ઘટાડો થવાની અપેક્ષા છે એટલે કે એક યુનિટના ઉત્પાદનનો ખર્ચ રૂ.છથી સાતથી ઘટીને રૂ. ૪.૫૦ થશે. તેમણે કહ્યું હતું કે, "અમે સૌર અને પવન ઊર્જાના ઉત્પાદનનો ખર્ચ ઘટાડવા નવીન સમાધાન લાવવા નજર દોડાવી રહ્યાં છીએ. સરકારે દેશમાં સૌર ઊર્જાનું ઉત્પાદન વધારવાની યોજના બનાવવા વૈશ્વિક કન્સલ્ટન્ટ પ્રાઇસ વોટરહાઉસ કૂપરને પણ રોકી છે."

સરકાર દેશના લોકોને ઊર્જા સુરક્ષા પ્રદાન કરવા નવીનીકરણ ઊર્જાનું ઉત્પાદન વધારવાની યોજના ધરાવે છે. આગામી એકથી બે દાયકામાં ભારતનો આર્થિક વિકાસ આઠથી નવ ટકાના દરે થશે તેવી અપેક્ષા હોવાથી વીજળીની ઊંચી માગ ઊભી થશે અને ઓછી માથાદીઠ વીજવપરાશ સાથે વીજળીની ખાધ ધરાવતા દેશમાં વધતી જરૂરિયાતને પહોંચી વળવા વીજ ક્ષેત્રનો વિકાસ સુનિશ્ચિત કરવા સરકાર યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. સરકારે પ્રથમ વખત થર્મલ, વાયુ, જળ, પરમાણુ, પવન, સૌર અને બાયોગેસ વીજ ઉત્પાદનનો યોગ્ય મિશ્રણનો પ્રયાસ પણ કર્યો છે. ભારતે વીજ ક્ષેત્રમાં ચીન જેવી કામગીરી કરવા ઘણું કરવાની જરૂર છે, જે આપણા કરતા ચાર ગણી વધારે વીજળીનું ઉત્પાદન કરે છે અને સૌર અને જળવિદ્યુત ઊર્જાનું મોટા પાયે ઉત્પાદન કરવાની યોજના ધરાવે છે. સૌર ઊર્જાના સંગ્રહ માટે ઓછું વજન ધરાવતી અને સસ્તી લિથિયમ બેટરીઓના વિકાસ સાથે બેકઅપ વીજળી માટે ડિઝલ જનરેટર સેટ્સને બદલવામાં પણ સૌર ઊર્જા ઉપયોગી નિવડશે. ૩૦,૦૦૦ મેગાવોટથી વધારેના ડિઝલ જનરેટર સેટ્સનો ઉપયોગ થાય છે, જેના પરિણામે ઓઇલની આયાતમાં વિદેશી હૂંડિયામણ મોટા પાયે ધોવાઈ જાય છે.

**લેખક શ્રી સુધામન પત્રકારિત્વમાં ૪૦ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. તેઓએ બૈજિંગ અને ઈસ્લામાબાદ ખાતે પી.ટી.આઈ.ના વિદેશ રિપોર્ટર તરીકેની કામગીરી બજાવી છે. તેઓ પી.ટી.આઈ.ના પશ્ચિમ વિભાગ (મુંબઈ)ના તંત્રી ઈન્ચાર્જ રહી ચૂક્યાં છે.**

**આગામી અંકનો વિષય**

**જુલાઈ-૨૦૧૫**

**આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નવા પરિમાણ**

# હોમિયોપેથી - એકદમ મૃદુ દવા વડે સૌમ્ય સારવાર

● ડૉ. રાજ કે. માનચંદા અને ડૉ. હરલીન કૌર ●

તબીબી વિજ્ઞાન બહુ ઝડપથી બદલાઈ રહ્યું છે. નવા વિચાર, નવા સંશોધન આધુનિક વિજ્ઞાનને ધીરેધીરે પરંપરાગત જ્ઞાનવિજ્ઞાન તરફ ધકેલી રહ્યાં છે. પ્રાચીન ઉપચાર પધ્ધતિમાં જેમ દર્દી અને તેની આસપાસના વાતાવરણ, જીવનશૈલી વગેરે માહીતીનો નિદાનમાં ઉપયોગ થતો હતો, તે રીત હવે આધુનિક વિજ્ઞાનને માફક આવતી જાય છે. માનવ આરોગ્યને જાળવી રાખતાં પરિબળોની સમજણ પરંપરાગત પદ્ધતિમાં હતી, જે એલોપેથી વિજ્ઞાનને હવે ધ્યાનમાં આવી છે.

હોમિયોપેથીમાં દર્દીની એક વ્યક્તિ તરીકે ઓળખ બાદ સૌમ્ય દવા વડે કાયમી ઈલાજ થાય છે. ૨૦૦ વર્ષથી અમલમાં આવેલી હોમિયોપેથી આજે દુનિયામાં બીજા નંબરની સારવાર પદ્ધતિ છે. ૧૮મી સદીમાં નિર્દયપણે અંગ અવયવની વાઢકાપ કરી ઈલાજ કરવાની પદ્ધતિમાં પીડાથી અધમૂઆ થઈ જતા દર્દીઓની કરૂણ દશા જોઈ એક જર્મન ચિકિત્સકને નવો વિચાર આવ્યો જે હોમિયોપેથીનો પાયો બન્યો. ડૉ. હેનમેન જેવા જર્મન ચિકિત્સક દર્દીને સાજા કરવાની પ્રેક્ટિસ સાથોસાથ કેમિસ્ટ તરીકે દવાઓના વિવિધ મિશ્રણ કરતા હતા અને ઔષધના વર્ણન તથા ગુણ સમજવા માટે અનેક ગ્રંથ ઉથલાવી તેનો અનુવાદ કરતા હતા. એક વખત ડૉ. હેનેમન મટીરીયા મેડિકા જેવા ગ્રંથમાંથી મેલેરિયાના ઈલાજમાં સિંકોના વૃક્ષની છાલ કેવી રીતે કામ આપે છે તેનો અનુવાદ કરતા હતા ત્યારે હોમિયોપેથી જેવી નવી ઉપચાર શૈલી વિકસાવવા વિચાર બીજનો જન્મ થયો. વર્તમાન દવાઓના ઘટકનું ચૂસ્ત પરિક્ષણ માનવ શરીર ઉપર કર્યા બાદ સામે આવતા તારણોને ધ્યાનમાં લેતા લેતા હોમિયોપેથીના સિદ્ધાંતોને ઘડાયા છે. ૧૯મી સદીમાં ઉપલબ્ધ એલોપેથીના જ્ઞાનનો આધાર લઈ નવી નજરે દવાનો ઉપયોગ કરવાની ઢબ હોમિયોપેથીમાં કેળવાઈ છે.

**સિદ્ધાંત :** હોમિયોપેથીમાં ઈલાજ બે સિદ્ધાંત ઉપર કરાય છે. પહેલો સિદ્ધાંત એટલે જે રોગ થયો હોય તેને સમાંતર અસર કરે તેવી દવા આપવી, જેથી રોગ સામે રોગ કરે તેવી દવા શરીરમાં પ્રવેશતા જ સાજા થવા માટે શરીરમાં ચેતના પ્રગટશે. બીજો સિદ્ધાંત એટલે શરીરની પ્રતિકારક શક્તિમાં નોંધપાત્ર ઉમેરો કરી રોગ મટાડવો. દરેક માનવશરીરમાં માંદગીમાંથી બહાર આવવાની શક્તિ આપોઆપ કાર્યરત થતી હોય છે, હોમિયોપેથી તેમાં ઝડપ આવે છે. ત્રીજો સિદ્ધાંત એટલે દવાનો ખૂબ ઓછો કે નાનો ડોઝ આપવો. નાના ડોઝનો હેતુ શરીરની પોતાની સાજા થવાની શક્તિ પ્રગટાવવાનો છે. શરીર પોતે પોતાને માંદગીમાંથી બહાર લાવવા કામ કરવા લાગે એટલે ઘણીબધી આડઅસર નિર્મૂળ બને છે. અન્ય એક સિદ્ધાંત એવો છે કે, દર્દીને હઠીલા રોગમાં પણ માત્ર એક જ દવા આપવી. એક દવા બનાવીને આપવા માટે જુદાજુદા ઔષધો વિવિધ માત્રામાં ભેગા કરી એક મિશ્રણ તૈયાર કરાય છે જે દર્દીએ લેવાનું હોય છે. આ અનોખી ઔષધિ મિશ્રણ પદ્ધતિ હોમિયોપેથીને અલગ ઓળખ આપે છે.

**વૈશ્વિક ઉપયોગ :** સમગ્ર વિશ્વમાં હોમિયોપેથીની સ્વીકૃતિ તેની નિર્દોષ પ્રકૃતિ અને સંશોધન આધારિત સુધારાઓ કરતા રહેવાના ગુણને લીધે થઈ છે. લોકો પણ આ સૌમ્ય ઉપચાર કરતી મૃદુ દવાઓ પ્રત્યે આકર્ષાયા છે. તાજેતરમાં હાથ ધરાયેલા અભ્યાસમાં બહાર આવ્યું છે કે, હોમિયોપેથીના ચિકિત્સકોની સંખ્યા જ્યાં ખાસ્સી વધતી જાય છે. તેવા દેશોમાં અમેરિકા, બ્રાઝિલ, જર્મની, નોર્વે, ઓસ્ટ્રીયા તથા સ્વિટ્ઝર્લેન્ડનો સમાવેશ થાય છે. અઢી લાખ ચિકિત્સકો સાથે ભારત પહેલા ક્રમે છે.

હોમિયોપેથીની ઉપયોગિતાને પારખીને ભારત સરકારે આ ચિકિત્સા વિજ્ઞાનના શિક્ષણ સંશોધન તથા પ્રેક્ટિસનો સંસ્થાગત ઢાંચો મજબૂત કરવા ખાસ પ્રયાસ કર્યો છે. હોમિયોપેથીમાં સ્નાતક પદવી આપતી ૧૮૭ તથા અનુસ્નાતક પદવી આપતી ૪૨ જેટલી

હોમિયોપેથીક મેડિકલ કૉલેજ દેશભરમાં કાર્યરત છે. સાડા પાંચ વર્ષના અભ્યાસ બાદ બીએચએમએસની ડિગ્રી અને વધુ બે વર્ષના કોર્સ બાદ એમડી પણ થવાય છે. પીએચડી થવાની વ્યવસ્થા હોમિયોપેથી શિક્ષણમાં છે.

ભારતમાં હોમિયોપેથી ચિકિત્સા, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ચાલતી ૨૧૫ હૉસ્પિટલ તથા ૬૮૧૨ ડિસ્પેન્સરીમાં ઉપલબ્ધ છે. સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કીમમાં (GHS) ૩૫, શ્રમ મંત્રાલય હેઠળ ૩૯ તથા રેલવે મંત્રાલય હેઠળ ૧૨૯ જેટલી હોમિયોપેથી ડિસ્પેન્સરી ચાલી રહી છે. ઉપરાંત નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન, નેશનલ એલ્યુમિનિયમ કોર્પોરેશન, સી.આર.પી.એફ. અને બી.એસ.એફ. દ્વારા પણ આવી ડિસ્પેન્સરી અનેક સ્થળે ખોલવામાં આવી છે. પરંતુ ભારતમાં હોમિયોપેથી ચિકિત્સકો વ્યકિતગત પ્રેક્ટિસ પસંદ કરતા હોવાથી કન્સલ્ટિંગ ફીનું ધોરણ તથા દવાની કિંમતમાં ઠેરઠેર તફાવત જોવા મળે છે. ઘણી ખાનગી અને કોર્પોરેટ હૉસ્પિટલોમાં એલોપેથીને સમાંતર અથવા પૂરક બને તેવા હોમિયોપેથી વિભાગ શરૂ કરવામાં આ ક્ષેત્રના ચિકિત્સકોનું દબાણ સફળ થયેલું દેખાય છે. ભારતમાં હોમિયોપેથી કૉલેજોનું જોડાણ હૉસ્પિટલ સાથે રાખી ઓ.પી.ડી. તથા આઈ.પી.ડી. વિભાગ દ્વારા દર્દીઓનો ઉપચાર કરવાનો અભ્યાસ તથા અનુભવ વિદ્યાર્થીઓને અપાય છે. રેડિયોલૉજી અને પેથોલૉજી વિભાગ ધરાવતી હૉસ્પિટલોમાં પણ હોમિયોપેથી ચિકિત્સક કામ કરતા માલૂમ પડે છે.

**લાભ અને ગુંજાયશ :** તદ્દન નજીવા ખર્ચે મળતી દવાઓ અને ચિકિત્સકની વાજબી ફી લેવાની ખાસિયતને લીધે ગરીબમાં ગરીબ માણસને પણ હોમિયોપેથી પરવડે છે. એક અભ્યાસ પ્રમાણે હોમિયોપેથી સારવારનો ખર્ચ એલોપેથી કરતા પાંચમા ભાગ જેટલો ઓછો હોવાથી આ પ્રણાલી જનપસંદ બની ચૂકી છે. દવા લેવાની પદ્ધતિ એટલી સરળ છે કે નાના બાળકથી માંડી મોટી ઉંમરની વ્યક્તિઓ તેમાં સરળતાનો અનુભવ કરે છે. ઉપરાંત બજારમાં મુકાતી પ્રત્યેક હોમિયોપેથીક દવાનું દર્દી ઉપર ક્લિનિકલ પરિક્ષણ થઈ ચૂકેલું હોવાથી તે સલામત હોવાની ખાતરી રહે છે. મોટાભાગની હોમિયોપેથીક દવાઓ પેટન્ટ થયેલી નથી એટલે દરેક ચિકિત્સક પોતાના જ્ઞાન, અનુભવ અને સૂઝના આધારે પ્રાચીન સમયથી વપરાતા ઔષધના ડોઝનું સંયોજન તૈયાર કરી પ્રયોગશીલ બની શકે છે. આ જ્ઞાનવારસો હજુ પેટન્ટની લાલચથી બાકાત રહ્યો હોવાથી જનતાની ભલાઈ અકબંધ છે. દિલ્હી સરકાર દ્વારા ચાલતા હોમિયોપેથી દવાખાનાઓમાં દર્દીઓની સંખ્યા છેલ્લા ૧૦ વર્ષમાં ૫૮ ટકા જેટલી ખાસ્સી વધી હોવાનું એક અભ્યાસમાં જણાયું છે. ચામડીના રોગ, શ્વાસોશ્વાસની તકલીફ, પાચનમાં ઘટાડો તથા સ્ત્રીરોગમાં હવે લોકો આવા દવાખાને જતા થયા છે. મહિલા અને બાળકો સૌથી વધુ પેશન્ટની શ્રેણીમાં છે તો ૨૫ થી ૪૪ વયજૂથમાં હોમિયોપેથી ખાસ પસંદ હોવાનું મોજણીમાં બહાર આવ્યું છે.

અલબત, દરેક ઉપચાર પદ્ધતિની માફક હોમિયોપેથીની પણ કેટલીક મર્યાદાઓ છે. ઇમરજન્સી ધરાવતા કેસમાં હોમિયોપેથી ન ચાલે. શરીરના અંગઉપાંગમાં ફેરફાર થતા હોય કે કોઈ અવયવ જ ન હોય તો પણ પરિણામ મળતું નથી. સર્જરી વગર છુટકો નથી તેવા કેસમાં પણ આ દવા ચાલે નહીં. શરીરની પ્રતિકારક શક્તિ સાવ ક્ષીણ થઈ ચૂકી હોય તેવા એચ.આઈ.વી. ચેપ કે કેન્સરમાં પણ હોમિયોપેથી પાસે ઈલાજ કે ઉકેલ નથી.

એલોપેથી જેવી તબીબી વિદ્યાશાખાના ડૉક્ટર અન્ય ઉપચાર પદ્ધતિમાં વપરાતી દવાઓ લખે તેને "ક્રોસપેથી" કહે છે. જે પ્રથાના લાભ અને નુકશાન બંને છે. એલોપેથી, હોમિયોપેથી કે આયુર્વેદના સ્નાતકો અન્ય "પેથી"ની દવા લખી તેમાં રહેલા ઔષધિય ગુણનો દર્દીને ફાયદો જરૂર આપે છે, પરંતુ નુકશાન એ રહે છે કે હોમિયોપેથી જેવી વૈકલ્પિક ઉપચાર પધ્ધતિ પાસે દર્દીનો પુરો ઈલાજ રહેતો નથી. માટે સફળતા કે નિષ્ફળતાનું કારણ નક્કી કરવું તકલીફદાયક બને છે. ઈમરજન્સી હોય તેવા કેસમાં આવો પ્રયોગ કરવાથી દૂર રહેવું ડોકટર માટે ઈચ્છનીય છે તેવું ઘણા માને છે.

**સંશોધન**

કોઈપણ ઉપચાર શાસ્ત્ર માટે સંશોધન વડે સમૃધ્ધ બની માનવ સેવામાં નિમિત્ત બનવું ઈચ્છનિય છે, આદર્શ પણ છે. નેનો ટેકનોલૉજીના આગમન સાથે ઊભી થયેલી આધુનિક પ્રયોગશાળાઓનો ફાયદો ઉઠાવી હોમિયોપેથી દવાઓના જાણીતા છતાં અજાણ્યા ગુણધર્મો ઉપર

શોધખોળ થવી જોઈએ. અનેક બિમારીઓના લક્ષણને પારખી ચૂકેલી એલોપેથીનું જ્ઞાન લઈ તેના ઉપચારમાં હોમિયોપેથી દવા કેટલી લાગુ પડી શકે તેનું સંશોધન થવું જોઈએ.

એલોપેથીમાં બનતી દવાઓની માફક હવે હોમિયોપેથીક ઔષધની ક્લિનિકલ ટ્રાયલ લેવાનું ચલણ વધતું જાય છે. હઠીલા રોગના ઈલાજ માટે ૧૯૭૫થી ૨૦૦૨ વચ્ચે ૯૩ જેટલી કિલનિકલ ટ્રાયલ ઊંડાણપૂર્વક યોજવામાં આવી હતી, જે પૈકી ૫૦ પ્રયોગમાં હોમિયોપેથી દવા અકસીર પરિણામદાયી સાબિત થઈ હતી. બાળકોના રોગ, ચામડીની તકલીફ તથા શ્વાસનતંત્રની બિમારી માટે હોમિયોપેથીમાં સચોટ ઈલાજ હોવાનું પ્રયોગોએ સાબિત કરી બતાવ્યું છે. રેન્ડમાઈઝ્ડ ક્લિનિકલ ટ્રાયલ જેવા આ પ્રયોગના તારણ હોમિયોપેથીને અકસીર ભલે ગણાવે પણ ઔષધગુણની તાકાત પારખવામાં પૂરેપૂરા સફળ થતા નથી. હોમિયોપેથી દવા લેતા દર્દીમાં નોંધાતા ફેરફારનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવું ચિકિત્સક માટે અનિવાર્ય છે જે ક્લિનિકલ ટ્રાયલ જેવી બાબતમાં સંભવ નથી.

ફાર્માકોજિનોમિક્સ જેવા શાસ્ત્રની ઉત્પત્તિને લીધે પરંપરાગત ઔષધ માટે ''પ્રોગનોસિસ'' જેવું સંશોધન શરૂ થયું છે જેમાં દર્દી ઉપર ઈલાજની કેવી અસર થઈ તેનો બારીક અભ્યાસ કરવામાં આવે છે. એલોપેથીની દવાઓ બધા માટે સરખી માત્રામાં તૈયાર થયેલી બજારમાં મળે છે જ્યારે હોમિયોપેથીમાં દર્દીની ખાસિયત પ્રમાણે ઔષધમિશ્રણ કરાતું હોવાથી દવાની અસર માપવા માટે વ્યક્તિગત દર્દીને ધ્યાનમાં લેવા જરૂરી બને છે. આ પ્રથાનો ફાયદો એ છે કે દર્દીની હાલત પ્રમાણે દવાના ડોઝમાં વપરાતા ઔષધની માત્રા વધારી ઘટાડી શકાય છે. હોમિયોપેથીમાં વપરાતી દવાઓના મૂળ ગુણધર્મોને ઓળખી કાઢવા માટે પણ સંશોધન ચાલતુ રહે છે. હોમિયોપેથીમાં સંશોધન પાછળ થતા પ્રયત્નોમાં ભારતીય ચિકિત્સકો દુનિયામાં અગ્રેસર છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૮૦ રીસર્ચ પેપર તથા ૨૩૭ શોધ પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યા છે. હોમિયોપેથીમાં સમૃધ્ધ સંશોધન સંભવ બનાવવા માટે ૧૯૭૮થી સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન હોમિયોપેથી કાર્યરત છે, જેની પાસે દિલ્હીમાં વડા મથક ઉપરાંત ૨૯ પ્રાદેશિક કેન્દ્ર કાર્યરત છે.

સંશોધન પ્રવૃત્તિમાં મુખ્યત્વે ઔષધગુણ ધરાવતી વનસ્પતિની મોજણી, પ્રાપ્તિ તથા વાવેતરની સાથોસાથ પ્રત્યેક ઔષધના આદર્શ માપદંડ ઘડવાની પ્રવૃત્તિનો સમાવેશ થાય છે. ભારતમાં થતા સંશોધન વિશ્વકક્ષાએ નોંધ લેવાય તેટલા સમૃધ્ધ અને સફળ રહ્યા છે. ઉપરાંત શોધખોળના પરિણામો ગુપ્ત રાખવાને બદલે જનકલ્યાણની ભાવનાથી વેબસાઈટ ઉપર મુકાય છે. સરકારે રચેલી આ કાઉન્સિલ પોતાની મેળે સંશોધન હાથ ધરે છે. સાથોસાથ ચિકિત્સક કે સંસ્થા તરફથી પ્રસ્તાવ મળે તો તેને મંજૂરી સાથે પુરતો સહકાર અપાય છે. હોમિયોપેથીને સૌમ્ય સારવાર આપતી પ્રણાલી તરીકે ઓળખાવતી તમામ વિસ્તૃત જાણકારી આયુષ મંત્રાલયે પોતાની વેબસાઈટ ઉપર પણ મુકી છે.

કલસારીયા કાર્બોનિકલ તથા થુજા જેવી હોમિયોપેથિક દવાઓની કેન્સરના છેલ્લા સ્ટેજમાં હોય તેવા દર્દી ઉપર કેવી અસર થાય છે તેનો સંશોધન અભ્યાસ કોલકાતાની બોઝ ઈન્સ્ટિટ્યૂટ સાથે હાથ ધરાયો છે. કોલકાતાની સ્કૂલ ઑફ ટ્રોપિકલ મેડિસીન સાથે જાપાનીઝ એન્સિફિલીટીઝના ઈલાજનું સંશોધન ચાલી રહ્યું છે. તો મદ્રાસ યુનિવર્સિટી દ્વારા ડાયાબિટીસના ઈલાજ ઉપર કામ ચાલે છે. જ્યારે દિલ્હીની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી ખાતે હોમિયોપેથી દવાના ભૌતિક બંધારણની નેનો સોયન્સની નજરે અવલોકન કરાઈ રહ્યું છે. આટ આટલા પ્રયોગ અને સંશોધન ચાલતા હોવા છતાં હોમિયોપેથી દવાઓની સચોટ અસર થતી અવરોધે તેવા પરિબળો માનવ શરીરમાંથી શોધી કાઢવા બાકી રહે છે. હોમિયોપેથીનું જ્ઞાન વિજ્ઞાન આધુનિક વિજ્ઞાનના સિધ્ધાંતોની કસોટીમાં સફળ બને તેવી કોશિશ ચાલે છે.

દુનિયાભરમાં હોમિયોપેથીની શાખ વધતી જાય છે અને નાની મોટી બિમારીને મૂળમાંથી દૂર કરવા માટે લોકો હવે આ પ્રણાલીનો આશરો લેતા થયા છે. નાની સફેદ મીઠી મીઠી ગોળીઓનો વાહક તરીકે ઉપયોગ કરી હોમિયોપેથી દવા માનવ શરીરમાં મોટો ફાયદો આપવામાં નિમિત બને છે. માનવજાતને માંદગી મુકત કરવામાં હોમિયોપેથીનો જોટો મળે તેમ નથી.

**લેખક ડૉ. માનચંદા આયુષ મંત્રાલયમાં કેન્દ્રીય હોમિયોપેથી સંશોધન કાઉન્સિલના મહા નિયામક છે તથા ડૉ. હરલીન કૌર એ જ કાઉન્સિલનાં પૂર્વ કોમ્યુ. સલાહકાર છે. તેઓ વરિષ્ઠ રિસર્ચ ફેલો છે.**

# મૂડીરોકાણ, વિકાસ અને રોજગારી માટે સુધારા ઉપર ધ્યાન કેન્દ્રીત કરતી સરકાર

• પ્રવાકર સાહૂ અને અભિરૂપ ભુનીઆ •

**લો**કસભાની છેલ્લી ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી અગાઉ દેશમાં ફુગાવાનો ઊંચો દર, ઘટતો જતો આર્થિક વિકાસ, મૂડીરોકાણકારોના વિશ્વાસમાં ઓટ અને ઘણાં બધાં ક્ષેત્રોમાં નીતિવિષયક સુષુપ્તાને પરિણામે ચૂંટણીના અંતે નવી ચૂંટાયેલી કેન્દ્ર સરકાર પાસેથી ભારતીય ઉદ્યોગો, મૂડીરોકાણકારો તથા સામાન્ય પ્રજાની અપેક્ષાઓ ઘણી ઊંચી રહી છે. પ્રત્યેક વ્યક્તિ એની વેદના હળવી થાય અને દેશનું અર્થતંત્ર ફરી પાટા ઉપર આવે એવી કામગીરીની નવી સરકાર પાસેથી આશા સેવતી હતી. કેન્દ્ર સરકારે છેલ્લાં એક વર્ષમાં ઘરેલુ મૂડીરોકાણમાં પ્રાણ પૂરવા ઉદ્યોગ-ધંધા આગળ ધપાવવામાં સરળતા ઊભી કરવા તથા વિદેશી મૂડીરોકાણકારોને, આકર્ષવા કેટલાંક મહત્ત્વના પગલાં ભર્યા છે કે જેથી 'મેક ઈન ઈન્ડિયા'ની નવતર પહેલ સફળ થાય અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને પ્રોત્સાહન મળતાં દેશમાં રોજગારીની તકો વધે અને વિકાસને ઉત્તેજન મળે. નિઃશંકપણે છેલ્લું એક વર્ષ સુશાસનનું રહ્યું છે અને વિકાસદરમાં નોંધપાત્ર વધારો થયો છે. હવે આપણે છેલ્લાં એક વર્ષ દરમ્યાનની સરકારની સિદ્ધિઓ અને એની નીતિવિષયક મુખ્ય બાબતો જોઈએ :

**વ્યાપાર-ધંધામાં સરળતા**

સરકારે ભારતમાં વ્યાપાર-ધંધા-ઉદ્યોગોના કામકાજમાં સરળતા વધે એ માટે ઘણાં પગલાં ભર્યા છે. નવી સરકાર જ્યારે સત્તા ઉપર આવી ત્યારે રૂ. ૧૬ લાખ કરોડ જેટલું જંગી મૂડીરોકાણ અટકી પડ્યું હતું. છેલ્લાં કેટલાંક વર્ષોમાંની નીતિવિષયક સુષુપ્તતા તથા ઉલ્ટી દિશામાંની કરવેરાની નીતિઓને કારણે મૂડીરોકાણકારો હતોત્સાહ થયા હતા. વર્તમાન સરકારે આ અંગેના મોટાભાગના પ્રશ્નો નવા કાયદા ઘડીને જૂના કાયદામાં ફેરફાર કરીને, નવાં પરિપત્રો બહાર પાડીને તથા બજેટમાં ખાસ જોગવાઈઓ કરીને ઉકેલવાના પ્રયાસો કર્યા છે. મૂડીરોકાણમાં કોઈ નાટકીય ઉછાળો આવ્યા હોવાનો દાવો જોકે ન કરી શકાય, પણ ૨૦૧૪-૧૫માં મૂડીરોકાણના દરમાં, સરકારી અંદાજો મુજબ ૪.૧ ટકાનો વધારો થયો છે. વ્યાપાર-ધંધામાં સફળતા લાવવા ભરાયેલાં ચોક્કસ પગલાંમાં વોડાફોન ઈન્ડિયા સાથેના કરવેરાના વિવાદને આગળ નહીં વધારવાનો નિર્ણય તથા પાછલી મુદતથી કરવેરા લાગુ ન પાડવા ૨૦૧૪ના વચગાળાના અંદાજપત્રમાં કરાયેલ જાહેરાત ખાસ ઉલ્લેખ માંગી લે છે.

વૈશ્વિક સ્પર્ધાત્મકતાના ૨૦૧૪ના ઈન્ડેક્ષમાં વિશ્વના ૧૯૦ દેશોની યાદીમાં ભારતનો છેક ૧૪૨મો ક્રમ જોતાં એટલું છતું થઈ જાય છે કે ભારતમાં વ્યાપાર-ધંધા ઉદ્યોગોને આગળ ધપાવવાનું સરળ નથી. ૨૦૧૫-૧૬ના બજેટમાં આ સંબંધમાં ઘણા પગલાં સૂચવાયાં છે. આમાં ઉદ્યોગ-ધંધા શરૂ કરવા માટે સંખ્યાબંધ સ્થળોએથી લેવી પડતી પૂર્વ પરવાનગીની વ્યવસ્થા દૂર કરવા નિષ્ણાત સમિતિની રચના, ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ-જીએસટી-અમલી બનાવવાની પ્રતિબદ્ધતા, સંપત્તિ વેરાની નાબૂદી, કંપની કરવેરાના દર આગામી પાંચ વર્ષમાં ૩૦ ટકાથી ઘટાડી ૨૫ ટકા કરવાની જાહેરાત, નિયમન પરવાનગીઓ ભેગી કરી એક જ સ્થળે મંજૂર કરવા ઈ-પોર્ટલની રચના, રોકાણકારોની સરળ મુક્તિ માટે દેવાળાનો કાયદો ઘડવાનો નિર્ણય, વિવાદોના ઝડપી ઉકેલ માટે જાહેર કરારોનું વિધેયક લાવવાની દરખાસ્ત, કરવેરા ન ભરવા વિરોધી સામાન્ય નિયમને વધુ બે વર્ષ સુધી મોકૂફ રાખવાનો નિર્ણય, તથા વ્યાપારી વિવાદોના ઝડપી ઉકેલ માટે અદાલતોની ખાસ શાખા ઊભી કરવાની દરખાસ્તનો સમાવેશ થાય છે.

**જીએસટી પરત્વે પ્રતિબદ્ધતા**

જીએસટીનો ૧લી એપ્રિલ, ૨૦૧૯થી અમલ કરવાની પ્રતિબદ્ધતા તથા કરવેરાના અસંખ્ય ઝગડા તરફ દોરી જતી કંપની ક્ષેત્ર માટેની કર માફી અને કન્સેશનની દરખાસ્તો તબક્કાવાર દૂર કરવાના નિર્ણય પાછળનો ઉદ્દેશ એક પારદર્શી અને વધુ તર્કસંગત કરવેરાના

માળખાને અમલમાં મૂકવાનો છે. વધુમાં સીધા વિદેશી મૂડીરોકાણ અને વિદેશી પોર્ટફોલિયો રોકાણ વચ્ચેના ભેદભાવને દૂર કરવાનો નિર્ણય તથા બજારોના નિયમન માટે વાયદાબજાર પંચને 'સેબી' સાથે ભેળવી દેવાના નિર્ણય પાછળનો હેતુ, નિયમનો અને વહીવટમાંથી વધુ પડતી સંસ્થાઓને દૂર કરી વ્યાપારી કામકાજમાં પારદર્શિતા અને સરળતા લાવવાનો છે. આ તમામ પગલાંનો ઉદ્દેશ વિલંબકારી કાર્યપદ્ધતિ સુધારવાનો, વિલંબ ઘટાડવાનો, કરારોના અમલને સુધારવાનો અને વિવાદોના ઝડપી ઉકેલમાં સહાયક બનવાનો છે.

જીએસટી કરવેરાના ક્ષેત્રે એક સીમાચિહ્નરૂપ સુધારાનું પગલું છે, જે વ્યાપાર-ઉદ્યોગ માટે મૈત્રીપૂર્ણ ગણાવાય છે. જીએસટીને અમલી બનાવવા બંધારણમાં સુધારો કરવાની આવશ્યકતા છે, જેને સંસદના બન્ને ગૃહો તથા દેશની બહુમતિ રાજ્યવિધાનસભાઓમાં બહાલી મળવી અનિવાર્ય છે. લોકસભાએ ગઈ છઠ્ઠી મે એ એનું વિધેયક કેટલાક સુધારા સાથે પસાર કર્યું છે. આ વિધેયક માલસામાન અને સેવા - ગુડઝ એન્ડ સર્વિસીસના મેન્યુફેક્ચર, વેચાણ અને વપરાશ ઉપર એકસમાન સર્વગ્રાહી વેરો નાંખવાનો ઉદ્દેશ ધરાવે છે. જીએસટી હેઠળ કેન્દ્ર તથા રાજ્યોની સપાટીએ હાલમાં લેવાતાં શ્રેણીબદ્ધ પરોક્ષ વેરાને આવરી લેવાશે. આમાં જકાત, સેવા કર, વેટ, એન્ટ્રી ટેક્ષ, વૈભવી અને મનોરંજન વેરા અને ઉપકર તથા ગુડઝ અને સર્વિસીસ સાથે સંબંધિત સરચાર્જનો સમાવેશ થાય છે. જીએસટી કરવેરાના કાયદાના વધુ સારા પાલનમાં મદદરૂપ થશે અને કરવેરાના આધાર બેઝને વિસ્તારશે. અનેકવિધ કરવેરાને કારણે જે છટકબારીઓ ઊભી થાય છે અને બંધ કરવામાં જીએસટી મદદ કરશે. સરકારની ગણતરી છે કે જીએસટીના અમલને પરિણામે કુલ ઘરેલુ 'પેદાશ' જીડીપીમાં ૧ થી ૨ ટકાની વૃદ્ધિ થશે. હાલના તબક્કે આ વિધેયકમાં જે સુધારા સૂચવાયા છે એમાં રાજ્યોને પાંચ વર્ષ સુધી વળતર આંતર રાજ્ય માલસામાનની હેરફેર ઉપર વધારાનો એક ટકાનો ટેક્સ અને એના અધિકાર ક્ષેત્રમાંથી આલ્કોહોલની નાબૂદીનો સમાવેશ થાય છે, જ્યારે પેટ્રોલિયમ પેદાશો ઉપર જીએસટીને હાલ પૂરતો મોકૂફ રખાયો છે.

**અવરોધોનું નિવારણ**

ભારતમાં વ્યાપારના કામકાજમાં કાર્યપદ્ધતિ, રીતરસમ અને વહીવટના જે અવરોધો અનુભવાય છે એમાંના ઘણાનો ઉકેલ કરાયો છે કે પછી ટૂંકમાં થઈ જશે. આમાંના ઘણા અવરોધો 'પેપર વર્ક'ની ગૂંચવણો અને એના અતિશય પ્રમાણને કારણે જ, જે ભારે વિલંબ સર્જે છે. આ સંદર્ભમાં ડોક્યુમેન્ટેશન સંબંધિત વિવિધ વિધિઓ ઝડપથી પાર પાડી વ્યાપાર-ઉદ્યોગ પ્રવૃત્તિ શરૂ કરવામાં સહાયભૂત થવા ઈ-બિઝ પોર્ટલ શરૂ કરાયું છે. હવે સિંગલ વિન્ડો સિસ્ટમના જીટુબી ઈ-બીઝ પોર્ટલ ઉપર અઠવાડિયાના સાતેય દિવસ ૨૪ કલાક ૨૪ x ૭ - ૧૧ જેટલી સેવાઓ ઝડપથી મેળવી શકાશે. સરકારનું લક્ષ્ય આ પોર્ટલ ઉપર એના નવ વિભાગની ૨૬ સેવાઓ પૂરી પાડવાનું છે.

દેશમાંથી આયાત અને નિકાસ માટે આવશ્યક દસ્તાવેજોની સંખ્યા ૧૦ થી ઘટાડી ૩ કરવામાં આવી છે. આમ વ્યવહારોનો ખર્ચ ઘટાડાયો છે. વિદેશી મૂડીરોકાણ પ્રોત્સાહન બોર્ડ-એફઆઈપીબીની મૂડીરોકાણ માટેની દરખાસ્તો અંગે સલામતીની મંજૂરી જે આપવામાં અગાઉ ૯૦ દિવસ જતા હતા એ ગાળો ઘટાડી ૩૦ દિવસનો કરાયો છે. આવી બાબતોમાં વિવિધ રાજ્યોએ પણ પ્રશસ્ય પહેલ કરી છે. ઉદાહરણ રૂપે જોઈએ તો મહારાષ્ટ્રમાં નવા વીજળી જોડાણ માટે અગાઉ ૭ વિધિઓ કરવી પડતી હતી, જેની સંખ્યા હવે ૩ કરાઈ છે, જ્યારે જોડાણ મેળવવા માટેની સમયમર્યાદા ૬૭ દિવસથી ઘટાડી ૨૧ દિવસ કરવામાં આવી છે.

નિયમનકારી માળખાને સરળ અને ઝડપી બનાવવા વાયદાપંચને સેબીમાં મેળવી ઘણું મહત્ત્વનું પગલું ભરવામાં આવ્યું છે. ભારતમાં મોટા પાયા ઉપર મેન્યુફેક્ચરિંગને વિકસાવવા જરૂરી કામદાર કાયદામાં સુધારાની દિશામાં છેવટે ગયા વર્ષે પહેલ કરાઈ છે. કેન્દ્ર તેમજ રાજ્ય સ્તરના લગભગ ૨૫૦ જેટલા કામદારોને લગતા નિયમોને તર્કસંગત બનાવવાના કોઈ પણ પ્રયાસો ઉદ્યોગક્ષેત્ર માટે આવકાર્ય છે. 'યુનિફાઈડ લેબર અને ઈન્ડ્રસ્ટ્રીયલ પોર્ટલ' તથા કામદાર ઈન્સ્પેકશન યોજના સંબંધમાં સુધારા જાહેર કરાયા છે. લેબર ઈન્સ્પેક્ટર દ્વારા ઔદ્યોગિક એકમોના ઈન્સ્પેક્ટર અંગે પારદર્શી પ્રક્રિયા ઉદ્યોગો ખાસ કરીને લઘુ અને મધ્યમ કદના એકમો માટે મોટી રાહત પહોંચાડનારી અને આવકાર્ય છે. આવા ઘણા એકમો

ઈન્સ્પેક્ટરો દ્વારા કામદાર કાયદા અને નિયમોના મનસ્વી ઉપયોગના ભોગ બન્યાનું કહેવાય છે. કામદારની ઓળખ માટે લેબર આઈડેન્ટિફિકેશન નંબર (એલઆઈએન) દાખલ કરવાથી તેમજ ઈન્સ્પેકશનને યુનાઈટેડ પોર્ટલ ઉપર મૂકવાથી કામદાર કાયદાના અમલમાં ઘણીબધી પારદર્શિતા લાવી શકાશે. અલ્પતમ વેતનની ટોચમર્યાદા રૂ. ૬૫૦૦ થી વધારી રૂ. ૧૫૦૦૦ કરવી, શોષણનો ભોગ બની શકે એવા કામદારોને કર્મચારી પ્રોવિડન્ટ ફંડ યોજનાનો લાભ પૂરો પાડવો અને પેન્શન સિસ્ટમ દાખલ કરવાના પ્રધાનમંત્રીના પ્રયાસો પણ ચોક્કસપણે આવકાર્ય છે.

**કામદાર કાયદામાં સુધારા**

ભારતમાં કામદારોના બજારની એક મોટી સમસ્યા ઉકેલવા આ બજારને મહદ્અંશે નિયંત્રિત કરતા ત્રણ કાયદા– ૧૯૪૮નો ફેક્ટરીનો ધારો, ૧૯૮૮નો કામદાર કાયદાઓનો ધારો અને ૧૯૬૧ના એપ્રેન્ટિસશીપના કાયદામાંની કેટલીક અંકુશાત્મક જોગવાઈઓમાં સુધારાને કેન્દ્રીય કેબિનેટે મંજૂર કર્યા છે અને હવે એ સંસદમાં રજૂ થશે. ઔદ્યોગિક એકમોના મેનેજરો અને માલિકોને સેબી વધુ સત્તા બક્ષવા ફેક્ટરીના ધારામાં સુધારો કરી ત્રણ માસના ગાળામાં ઓવરટાઈમના કલાકો ૫૦ થી બમણા વધારી ૧૦૦ કરવા અને કેટલાક કિસ્સામાં જાહેર હિતના કામોમાં ઓવરટાઈમના કલાકો ૭૫ થી વધારી ૧૨૫ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. કેટલાકને આ જોગવાઈ કામદાર વિરોધી જણાય છે, કારણ કે એમાં કામદારોની સલામતી અને કલ્યાણ સુનિશ્ચિત કર્યા સિવાય એમના ઉપર કામના વધુ કલાકો લાદવામાં આવ્યા છે. ગમે એમ પણ, આ કાયદાના ભંગ બદલ દંડની રકમ વધારવામાં આવી છે કે જેથી કામદારોનું શોષણ અટકાવી શકાય. વધુમાં ઉદ્યોગોના ચોક્કસ ક્ષેત્રોમાં મહિલા કામદારોને કામે રાખવાના નિયમો હળવા બનાવાયા છે. એક ખૂબ જ મહત્ત્વનાં પગલાંમાં એક કર્મચારી માટે પગાર સાથે રજાનો લાભ મેળવવાની યોગ્યતા મેળવવા કર્મચારી માટે અગાઉ ૨૪૦ દિવસ કામ કર્યું હોવાનું જરૂરી હતું, પણ હવે આ મર્યાદા ઘટાડીને ૯૦ દિવસ કરવામાં આવી છે. એટલે કે માત્ર ૯૦ દિવસ કામ કરનાર કર્મચારી રજા સાથેનો પગાર મેળવી શકશે જે પગલું દેખીતી રીતે જ કામદાર તરફી છે.

કામદાર કાયદામાં કરાયેલા સુધારાને પરિણામે કંપનીઓને કામદાર કાયદાની અનેકવિધ જોગવાઈઓ જરૂરિયાતો પૂરી કર્યા સિવાય વધુ કર્મચારીઓને કામે રાખવાની છૂટ બક્ષવામાં આવી છે. નવી દરખાસ્ત મુજબ હવે ૧૦ થી ૪૦ કર્મચારીઓ ધરાવતી કંપનીઓને અનેકવિધ દસ્તાવેજો રજૂ કરવાની અને રિટર્ન ભરવાની જોગવાઈઓમાંથી મુક્તિ મળશે.

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેન્યુફેક્ચરિંગ અને મૂડીરોકાણ**

મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને પ્રોત્સાહન પૂરું પાડવું એ ભારતીય અર્થતંત્રની એક મહત્ત્વની જરૂરિયાત છે. દેશમાં ૨૦૧૩માં બેકારીનો દર ૩.૭ ટકાની આસપાસ હતો અને એ ઉપરાંત દર મહિને આશરે દસ લાખ લોકો કામદાર વર્ગમાં દાખલ થાય છે. આની સાથોસાથ દેશમાં યોગ્ય શિક્ષણ અને કૌશલ્ય ધરાવતા લોકોનો પુરવઠો ઘણો ઓછો છે. આના પરિણામે ઓછાં કૌશલ્યની જરૂરિયાત ધરાવતી મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રની રોજગારીની તકો અર્ધ બેકારી અને બેકારી ઘટાડે એવો મહત્તમ અવકાશ રહેલો છે. ગમે એમ પણ જીડીપીમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો ફાળો વર્ષોથી લગભગ ૧૫ ટકા ઉપર સ્થિગિત રહ્યો છે. એનડીએની સરકારે બેકારી ઘટાડવાની સમસ્યાના ઉકેલ માટે યોગ્ય રીતે જ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર ઉપર મિશનમોડમાં એનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સરકારની મેક ઈન ઇન્ડિયાની યોજના મૂળભૂત રીતે વિશ્વ સમક્ષ એવી ઘોષણા છે કે ભારત મૂડીરોકાણ માટે અગાઉ કરતાં એક વધુ સારું સ્થળ બન્યું છે અને ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માળખાગત સગવડોમાં મૂડીરોકાણ માટેના નિયમો તેમજ કાર્યપદ્ધતિઓને સરળ બનાવવા સરકાર એના શક્ય એવા તમામ પગલાં ભરી રહી છે.

વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ કંપનીઓ માટે ભારતને એક મહત્ત્વનું મેન્યુફેક્ચરિંગ કેન્દ્ર બનાવવાના ધ્યેય સાથે સરકારે આ યોજનાને ભારતમાં અને ભારત બહાર વ્યાપક ધોરણે પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. જે ક્ષેત્રો ઉપર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે એમાં – ખાણકામ, ટેલિકોમ, કાપડ, ઓટોમોબાઈલ્સ, બાયો-ટૅકનોલૉજી, કેમિકલ્સ, બાંધકામ, સંરક્ષણ, ફૂડ પ્રોસેસિંગ, ચામડા, ફાર્માસ્યુટિકલ્સ અને રેલવેનો સમાવેશ થાય છે. ફેબ્રુઆરી ૨૦૧૫ સુધીમાં

સરકારને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રની યોજના હેઠળ રૂ. ૨૧,૦૦૦ કરોડના મૂડીરોકાણની દરખાસ્તો મળી છે, જેમાંથી રૂ. ૬,૩૦૦ કરોડના રોકાણના પ્રોજેક્ટો મંજૂર થઈ ચૂક્યા છે.

વધુમાં સરકારે વ્યાપાર-ઉદ્યોગ માટેની સરળતા વધારવા ઉપર તથા ભૌતિક આંતરમાળખાના નિર્માણને પ્રોત્સાહન પૂરું પાડવા ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. નવી સરકારે સત્તાના સૂત્રો સંભાળ્યા પછી આંતરમાળખાના નિર્માણ ઉપર ખર્ચ કરવા વિગતવાર યોજનાઓ ઘડી છે અને એમાં મુખ્યત્વે કનેક્ટિવિટી ઉપર એનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આના પરિણામે સરકારે પર્યાવરણીય મંજૂરીઓ સમયસર ઈસ્યુ કરવાનો આગ્રહ રાખ્યો છે.

એક મહત્ત્વના ફેરફારના રૂપમાં સરકારે જાહેર અને ખાનગી ક્ષેત્ર વચ્ચે ભાગીદારીના પ્રોજેક્ટોમાં વધુ જવાબદારી લેવાનું શરૂ કર્યું છે, કારણ કે આવા મૉડેલ અટવાઈ જતા હતા અથવા ઝડપથી નોન-પર્ફોમિંગ એસેટ બની જતા હતા. આનું કારણ એ હતું કે ખાનગી ક્ષેત્ર આવા પ્રોજેકટોમાં વિવિધ જવાબદારીઓ ઉઠાવવામાં કંઈક ઉણું જણાયું હતું. ડિસેમ્બર, ૨૦૧૪ના અંતે અટવાઈ ગયેલા પ્રોજેકટોનું કુલ મૂલ્ય છેલ્લી આર્થિક સમીક્ષા મુજબ રૂ. ૮.૮ ટ્રિલિયન અથવા તો દેશના કુલ જીડીપીના ૭ ટકા જેટલું હતું.

**આંતરમાળખા માટે જંગી ફાળવણી**

વચગાળાના બજેટમાં આંતરમાળખા માટે સરકારની ફાળવણી વધારીને રૂ. ૧,૮૧,૧૩૪ કરાઈ હતી, જે આગલા વર્ષની સરખામણીએ ૮.૬ ટકા વધુ હતી. આંતરમાળખાના પ્રોજેકટો વીજળી, કોલસો, રસ્તા, મુલ્કી વિમાની સેવા, બંદરો અને રેલવે ક્ષેત્રને આવરી લેશે. ૨૦૧૪-૧૫ના છેલ્લા અંદાજપત્રમાં આંતરમાળખા (રસ્તા/ધોરીમાર્ગો, બંદરોનું બાંધકામ અને સુધારણા, સ્માર્ટ શહેરો અને વિમાન મથકો) તથા 'ઇનવીટ, (ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ) એટલે કે મૂડીરોકાણનું એક સાધન જેને કરવેરામાં પ્રોત્સાહન બક્ષવાની જોગવાઈ અને એ રીતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ફંડ પૂરું પાડવાની વ્યવસ્થા વિચારાઈ છે. વચગાળાના બજેટમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોના વિકાસ માટે લગભગ રૂ. ૩૮,૦૦૦ કરોડ ફાળવાયા હતા અને બીજા રૂ. ૧૪૩૮૯ કરોડ 'પ્રધાનમંત્રી સડક યોજના' હેઠળ માર્ગોના વિકાસ માટે ફાળવાયા હતા. શહેરોને જોડવા ૮૫૦૦ કિ.મી.નું સરસ મજબૂત ગુણવત્તાયુક્ત રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું નેટવર્ક ઊભું કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વધુમાં દેશમાં જાહેર અને ખાનગી ક્ષેત્રની ભાગીદારીના પ્રોજેક્ટ (પીપીપી) મારફત નવા વિમાનમથકો તથા ૧૦૦ સ્માર્ટ શહેરો વિકસાવવા રૂ. ૭૦૬૦ કરોડ, ૧૬ નવા બંદરો વિકસાવવા રૂ. ૧૧૦૦૦ કરોડ અને ગંગા નદી ઉપર અલ્હાબાદને જળમાર્ગ દ્વારા હકદીઆ સાથે જોડવા રૂ. ૪૨૦૦ કરોડની આવકાર્ય ફાળવણી થઈ છે. અન્ય મહત્ત્વની જાહેરાતોમાં પીપીપી સ્વરૂપમાં ૧૫૦૦૦ કિ.મી.ની ગેસની પાઈપલાઈન નાંખવી, સોલાર પ્રોજેકટસ માટે રૂ. ૫૦૦ કરોડ, પીપીપી મોડમાં દિલ્હી મેટ્રોની જેમ દેશનાં અન્ય શહેરોમાં મેટ્રો રેલવે વિકસાવવી તથા ગ્રામીણ આંતરમાળખાની સગવડો ઊભી કરવા નાબાર્ડને રૂ. ૫૦૦૦ કરોડની ફાળવણી મુખ્ય છે. વધુમાં બજેટમાં બેંકોને આંતરમાળખાના પ્રોજેક્ટો માટે નાણાં પૂરા પાડવા ઉત્તેજન પૂરું પાડવા લાંબાગાળાના બોન્ડઝ બહાર પાડવાની છૂટ અપાઈ છે.

સરકારે ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં આંતરમાળખા પાછળનો ખર્ચ વધારી રૂ. ૭૦,૦૦૦ કરોડની જોગવાઈ કરી છે. સરકારે નેશનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ સ્થાપવાની તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડઝ બહાર પાડવાની જાહેરાત કરી છે, જેની પાછળનો હેતુ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટ માટે ફંડની વ્યવસ્થા કરવાનો છે. બજેટમાંનું એક નોંધપાત્ર પગલું નાણાકીય ફાળવણી તથા નીતિવિષયક પગલાં મારફત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. આ તમામ પગલાંનો એકંદર ઉદ્દેશ સ્પર્ધાત્મકતા વધારવાનો અને મૂડીરોકાણ આકર્ષવાનો છે.

**મુદ્રા બેંકની સ્થાપના**

અતિસૂક્ષ્મ, નાના અને મધ્યમકદના ઉદ્યોગસાહસો ભારતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રની કરોડરજ્જુ સમાન છે. આવાં લઘુ ઉદ્યોગસાહસો મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રના કુલ ઉત્પાદન તેમજ નિકાસમાં ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. આ ક્ષેત્રે રોજગારીમાં પણ એમનો હિસ્સો ઘણો મોટો છે. અંદાજે એવું સૂચવે છે કે અતિસૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગ સાહસોમાંથી માત્ર ૧૦ ટકા સંસ્થાકીય ધિરાણ મેળવે

છે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને રિઝર્વ બેંક દ્વારા ધિરાણ બાબતમાં અગ્રતાક્રમ ધરાવતા ક્ષેત્રે મૂકાયું હોવા છતાં બેકિંગ ક્ષેત્ર ધિરાણ પૂરું પાડવામાં ઉણું ઉતર્યું છે. આ બાબત ધ્યાનમાં રાખીને એક માઈક્રોફાઈનાન્સ યુનિક ડેવલપમેન્ટ રી-ફાઈનાન્સ બેન્ક ઊભી કરવામાં આવી. આ મુદ્રાબેંક ખૂબ જ નાની રકમનું ધિરાણ પૂરું પાડતી સંસ્થાઓને ધિરાણ માટેનું ફંડ પૂરું પાડશે અને આ ધિરાણ ઉપરનું વ્યાજ અત્યંત નાના એકમોને પરવડી શકે એવું રહેશે. મુદ્રા બૅંક રૂ. ૨૦,૦૦૦ કરોડના પ્રારંભિક પાયાના ભંડોળ અને રૂ. ૩,૦૦૦ કરોડના ધિરાણ ગેરંટી ભંડોળ સાથે શરૂ થયેલી મુદ્રા બૅંકે ધિરાણમાં અનુસૂચિત જાતિ અને જનજાતિને અગ્રતાક્રમ આપવો જોઈએ એવું સૂચવાયું છે.

વધુમાં વર્તમાન સરકારે સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનમાં નવો પ્રાણ પૂરવા સીધું વિદેશી મૂડીરોકાણ આકર્ષવા અને સંરક્ષણ જેવા મહત્ત્વનાં ક્ષેત્રોમાં સુધારાને આગળ ધપાવી ‘મેક ઈન ઈન્ડિયા'ના અભિયાનને સફળ બનાવવા પ્રશસ્ય પગલા ભર્યાં છે. બજેટમાં, જે મેન્યુફેક્ચરિંગ કંપની સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનમાં પ્લાન્ટ અને મશીનરીમાં રૂ. ૨૫ કરોડથી વધુ મૂડીરોકાણ કરે એને ૩ વર્ષ માટે ૧૫ ટકાનું ઈન્વેસ્ટમેન્ટ ભથ્થું પૂરું પાડવાની જાહેરાત કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારે દેશના યુવાનોની નોકરી માટેની યોગ્યતા વધારવા અને એમનામાં કૌશલ્ય કેળવવા માટે સંખ્યાબદ્ધ પગલાં ભર્યાં છે અને દેશના જુદા જુદા ભાગોમાં પાંચ નવી આઈઆઈટી અને પાંચ નવી આઈઆઈએમ સહિત ઉચ્ચતર અભ્યાસ માટે અનેક નવી સંસ્થાઓ ઊભી કરવા કમર કસી છે. સરકાર બીજા અને ત્રીજા સ્તરના ઔદ્યોગિક શહેરો વિકસાવવા ઉપર તથા રોજગારીની તકો ઊભી કરવા અને મેન્યુફેક્ચરિંગ વિકસાવવા ઉપર ખાસ ધ્યાન આપી રહી છે. અન્ય મહત્ત્વનાં પગલાંમાં નવા વ્યાપારી એકમો માટે રૂ. ૧૦,૦૦૦ કરોડનું ફંડ, ગ્રામીણ વસ્તી માટે ઉદ્યોગસાહસિકતા વિકસાવવા રૂ. ૧૦૦ કરોડનું ફંડ, અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકો માટે રૂ. ૨૦૦ કરોડનું ફંડ તથા રૂ. ૧૦૦ કરોડના રોકાણ સાથે યુવા નેતાઓ માટેના કાર્યક્રમનો સમાવેશ થાય છે.

**સીધું વિદેશી મૂડીરોકાણ**

દેશમાં રોજગારીની તકો વધારવા મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને મોખરે રાખી આર્થિક વિકાસને વેગીલો બનાવવા માટે મોટા પ્રમાણમાં સીધું વિદેશી મૂડીરોકાણ આવશ્યક છે અને એને આકર્ષવા ભરાયેલા પગલાં એ સૂચવે છે કે સરકાર આર્થિક સુધારા માટે કટિબદ્ધ છે. આ માટે ભરાયેલાં મહત્ત્વનાં પગલાંમાં વીમા અને સંરક્ષણ ક્ષેત્રે સીધા વિદેશી મૂડી રોકાણની ટોચ મર્યાદા વધારીને ૪૯ ટકા કરવી, પાછલી મુદતથી કરવેરા નાખવાની નીતિની લગભગ નાબૂદી, ઈ-કોમર્સ, વીમો, સંરક્ષણ અને આરોગ્ય વીમા ક્ષેત્રે સીધા વિદેશી મૂડીરોકાણની ટોચમર્યાદામાં વધારાનો સમાવેશ થાય છે.

સંરક્ષણ ક્ષેત્રે ભારતમાં કોઈ ટૅકનોલૉજી ટ્રાન્સફરની જોગવાઈ ન હોય એવા કિસ્સામાં સીધા વિદેશી મૂડી રોકાણની મહત્તમ મર્યાદા વધારીને ૪૯ ટકા, ટૅકનોલૉજી ટ્રાન્સફરના કિસ્સામાં ૭૪ ટકા, જ્યારે અત્યંત અદ્યતન સ્ટેટ ઑફ-ધી આર્ટ ટૅકનોલૉજી ટ્રાન્સફર થવાની હોય એવા કિસ્સામાં સીધા વિદેશી મૂડીરોકાણ ઉપર કોઈ ટોચમર્યાદા ન રાખવાની દરખાસ્ત છે. આનાથી ભારતને દેશના સંરક્ષણ ઉદ્યોગ માટે મહત્ત્વની અદ્યતન ટૅકનોલૉજી મેળવવામાં અને એ દ્વારા સંયુક્ત સાહસો ઊભાં કરી દેશમાં રોજગારીની તકો વધારવામાં ઘણી મોટી મદદ મળશે.

**વિત્તીય વિકેન્દ્રીકરણ**

૧૪મા નાણાં પંચની ભલામણો એવા તબક્કે આવી છે કે જ્યારે શ્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની નવી સરકાર, સરકારી અને સ્પર્ધાત્મક સમવાયતા (ફેડરાલિઝમ) પરત્વે કટિબદ્ધ બની છે. સરકારે ૧૪મા નાણા પંચની ભલામણો સ્વીકારીને દેશમાં વિત્તીય સમવાયતાના નવા યુગના મંડાણ કર્યા છે. આ ભલામણો અનુસાર, કરવેરાની આવકના જે હિસ્સાની સમવાય સરકાર અને રાજ્ય સરકારે વચ્ચે વહેંચણી થાય છે, એમાંથી રાજ્યોને ફાળે જતો હિસ્સો, કોઈ પણ જાતના બંધનોથી મુક્ત એવો હિસ્સો, ૩૨ ટકાથી વધારી ૪૨ ટકા કરાયો છે. સ્થાનિક સંસ્થાઓને ગ્રાન્ટ, ૧૧ રાજ્યો માટે આવકમાં ખાધ માટે અનુદાન સહાય અને કોલસાની ખાણોની હરાજીની આવકમાં રાજ્યોના હિસ્સાનો અર્થ એ જ થયો કે રાજ્યોને ખૂબ જ મોટા પ્રમાણમાં વિત્તીય સાધનો ટ્રાન્સફર થશે. આનાથી કેન્દ્રની વિત્તીય શક્તિ ઘટશે અને એને રાજ્યોની બાબતોમાં હસ્તક્ષેપથી દૂર રાખશે.

રાજ્યોના નાણાકીય સાધનોમાં કોઈ પણ શરતો-બંધનો વગરનો વધારો રાજ્યોને એમના ચોક્કસ સંજોગો મુજબ એમની પોતાની વિકાસ યોજનાઓને ઘડવાનો નાણાકીય અવકાશ પૂરો પાડશે ગમે એમ પણ રાજ્યો દ્વારા નાણાંના ઉપયોગ અંગે ભીતિ પ્રવર્તે છે, કારણ કે જુદા જુદા રાજ્યોનાં વહીવટીતંત્રની ગુણવત્તા અને ક્ષમતા-શક્તિ વચ્ચે ભારે તફાવત રહેલો છે અને એનાં પરિણામે વિકાસ વિષયક યોજનાકીય પ્રોજેક્ટો સાથે સંકળાયેલી નાણાકીય ફાળવણી ઘટવાની સાથોસાથ કોઈપણ શરતો વગરના નાણાકીય સાધનોની ફાળવણીમાં વધારો કદાચ નાણાંના ગેરઉપયોગ તરફ દોરી જાય એવી સંભાવના છે.

**ઉજળા ભાવિના સંકેતો**

ખર્ચના માળખામાં ફેરફારોના ધારાને પરિણામે પણ ૨૦૧૪-૧૫ના વર્ષમાં રાજ્યોને વધુ વિત્તીય સ્વાયત્તતા મળવી શરૂ થઈ હતી. ૨૦૧૩-૧૪ના વિત્તીય વર્ષમાં રાજ્યોને રૂ. ૪,૭૫,૭૩૨ કરોડના યોજનાકીય ખર્ચમાંથી રૂ. ૧,૧૯,૦૩૯ કરોડની રકમ મળી હતી. આની સામે ૨૦૧૪-૧૫ના વર્ષમાં કુલ રૂ. ૫,૭૫,૦૦૦ કરોડનાં યોજનાકીય ખર્ચમાંથી રાજ્યોને રૂ. ૩,૩૮,૪૦૮ કરોડની ફાળવણી થઈ હતી, જે દેશના કુલ જીડીપીના ૧.૬ ટકા જેટલી હતી. આટલી જંગી રકમ કેન્દ્રના હિસ્સામાંથી રાજ્યોને તબદીલ થઈ છે. કામદારો તથા જમીનને લગતા કાયદાઓ સહિત ઘણા કાયદાઓના અમલની જવાબદારી કેન્દ્રએ હવે રાજ્યો ઉપર છોડી છે, જે સરકારી અને સ્પર્ધાત્મક સમવાયતા પરત્વેની કેન્દ્રની પ્રતિબદ્ધતા છતી કરે છે. રાજ્ય સરકારોને વધુ ફંડની વહેંચણીને કારણે હવે યોગ્ય સંસ્થાઓ અને ભવિષ્ય માટેની સુયોગ્ય દૃષ્ટિ ધરાવતા સુશાસન હેઠળનાં રાજ્યો હવે સમૃદ્ધ બનશે એવી સંભાવના જણાય છે.

એકંદરે જોતાં કેન્દ્રમાંની નવી સરકારના પ્રથમ વર્ષના શાસનમાં સરકારની આર્થિક નીતિ સુધારા, આંતરમાળખાનો વિકાસ, રોજગારી નિર્માણ માટે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે મૂડી રોકાણને આકર્ષવા વ્યાપાર-ઉદ્યોગોને આગળ ધપાવવાનું સરળ બનાવવા ઉપર તેમજ લોકોનું જીવનધોરણ સુધારવા ઉપર કેન્દ્રિત રહી છે. આ નીતિઓના પરિણામોને માપવાનું હજી ઘણું વહેલું છે, પરંતુ એટલું નિશ્ચિત છે કે ભારતના અર્થતંત્રનું ભવિષ્ય ચોક્કસપણે ઉજળું દેખાય છે.

**શ્રી પ્રવાકર સાહૂ દિલ્હીની ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનોમિક ગ્રોથમાં એસોસિએટ પ્રોફેસર છે. શ્રી અભિરૂપ ભુનીઆ દિલ્હીની કોઆન એડવાઈઝરીમાં પૉલિસી એનાલીસ્ટ છે.**




**Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal**

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :
Business Manager (Journals)
Publications Division, East Block - IV, Level 7,
R. K. Puram, New Delhi-110 066
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

**આગામી અંકનો વિષય**
**જુલાઈ-૨૦૧૫**
**આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નવા પરિમાણ**

# શ્રમ સુધારા : વેપારને સરળ બનાવવા તરફનું પગલું

• દિપક રાઝદાન •

છેલ્લાં થોડાં દાયકાથી દેશમાં વધતા જતા શ્રમ બળની સરખામણીમાં દેશની ધીમી આર્થિક વૃદ્ધિ માટે કડક શ્રમ કાયદાઓને જવાબદાર ગણવામાં આવે છે. આર્થિક વિશ્લેષકો અવારનવાર શ્રમ કાયદાઓમાં સુધારાની જરૂરિયાત પર ભાર મૂકી રહ્યાં છે. શ્રમ કાયદાઓમાં સુધારા ઔદ્યોગિક વૃદ્ધિ માટે જ નહીં, પણ રોજગારીની પર્યાપ્ત તકો ઊભી કરવા પણ જરૂરી છે તેવી તેમની દલીલ છે. જોકે શ્રમ કાયદાઓ સાથે સંકળાયેલા તમામ પક્ષધારકો વચ્ચે સર્વસંમતિ ઊભી ન થવાથી શ્રમિક કાયદાઓમાં થોડી જ પ્રગતિ સાધી શકાઈ છે. નસીબજોગે અહેસાસ થયો છે કે ભારતને આર્થિક મહાસત્તા બનવું હોય તો આ સમસ્યાનો ઝડપથી ઉકેલ લાવવો પડશે. વર્તમાન એનડીએ સરકારે તેના કાર્યકાળના પ્રથમ વર્ષમાં આ દિશામાં કરેલી પહેલ દર્શાવે છે કે ''વેપારવાણિજ્ય કરવાની સરળતા'' અને ''શ્રમેવ જયતે''નો સુભગ સમન્વય કરી શકાશે અને ઝડપથી અને વધારે ઔદ્યોગિક વૃદ્ધિ માટે સંયુક્ત વ્યવસ્થા સ્થાપિત કરી શકાશે. બહુમુખી વ્યૂહરચના અપનાવીને સરકારે કાયદાની વિવિધતાને તાર્કિક કરવા પગલાં લીધા છે અને રાજ્ય સરકારોને તેમના શ્રમિક સુધારાની પહેલમાં આગળ વધવા પ્રોત્સાહન આપ્યું છે. જો કામદારો સમજે કે તેઓ વિકાસની પ્રક્રિયાનો આવશ્યક ભાગ છે, નહીં કે બિનજરૂરી ખર્ચનું ભારણ, તો જ આ પ્રયાસોમાં સફળતા મળશે.

અનેક અહેવાલો અને અભ્યાસો સૂચવે છે કે જો ઔદ્યોગિક વૃદ્ધિને વેગ આપવો હોય, કે ભારતમાં યુવાનોની વધતી જતી વસતિને રોજગારી પૂરી પાડવી હોય તો યથાસ્થિતિ જાળવી રાખવાનો અભિગમ નહીં ચાલે. વર્ષ ૨૦૧૪-૧૫ માટે અર્ધવાર્ષિક આર્થિક વિશ્લેષણમાં જણાવવામાં આવ્યું છે કે શ્રમ કાયદાઓમાં સુધારા અને વેપાર કરવાના ખર્ચમાં ઘટાડો કરવા ''રાજ્ય સરકારો અને કેન્દ્રના સંયુક્ત પ્રયાસો જરૂરી બનશે.'' સરકારે આ દિશામાં કામ કરવાની જરૂરિયાતને ઓળખી છે, બંને સરકારના આધિન વિષયોની સમવર્તી યાદીનો યથાર્થપણે સ્વીકાર કર્યો છે. એટલે કેન્દ્રનો પ્રથમ સુધારો રાજસ્થાનમાં શ્રમ કાયદાના સુધારા માટે રાષ્ટ્રપતિની મંજૂરીને સુલભ બનાવવાનો છે, જેથી અન્ય રાજ્ય સરકારો દ્વારા શ્રમ કાયદામાં સુધારો કરવા માટે ઉદાહરણ સ્થાપિત થયું છે. સાથે સાથે કેન્દ્ર સરકારે કેન્દ્રિય સ્તરે અનેક શ્રમ કાયદાઓને સંગઠિત અને પારદર્શક બનાવ્યાં છે.

આર્થિક સર્વે ૨૦૧૪-૧૫ (વોલ્યુમ ૧, પ્રકરણ ૧) બેરોજગારીના માઠાં પરિણામો ટાંકીને જણાવે છે કે દેશમાં જે ઝડપે શ્રમ બળમાં વધારો થયો છે તે ઝડપે રોજગારીમાં વૃદ્ધિ થઈ નથી તે બાબત સ્પષ્ટ છે. દાખલા તરીકે, વર્ષ ૨૦૦૧ અને ૨૦૧૧ વચ્ચેની વસતિ ગણતરી મુજબ શ્રમ બળમાં ૨.૨૩ ટકાનો વધારો થયો હતો, જે આ દાયકામાં રોજગારીમાં ૧.૪ ટકાની વૃદ્ધિના મોટા ભાગના અંદાજો કરતાં વધારે હતો. રોજગારીની તકોનું ઝડપથી સર્જન કરવું નીતિગત મોરચે સૌથી મોટો પડકાર છે તેવું તેમાં જણાવવામાં આવ્યું હતું.

અત્યારે કેન્દ્ર સરકારના અધિકારમાં ૪૪ શ્રમ સંબંધિત કાયદા છે, જ્યારે રાજ્ય સરકારના અધિકારમાં અન્ય ૧૦૦ કાયદા છે. વર્તમાન સ્વરૂપમાં શ્રમ કાયદાઓની સમસ્યા પર ભાર મૂકતાં બારમી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૧૭) (વોલ્યુમ ૩, પ્રકરણ ૨૨)માં પણ જણાવ્યું હતું કે, ''કેન્દ્ર અને રાજ્ય સરકારો એમ બંને દ્વારા અમલ થતા અનેક શ્રમ કાયદાઓ કારખાના ક્ષેત્રના સંતોષકારક વિકાસ માટે અનુકૂળ નથી.'' તેમાં જણાવવામાં આવ્યું હતું કે, ૮૪ ટકા શ્રમ ક્ષેત્ર અસંગઠિત હોવાથી શ્રમ કાયદાના અધિકારક્ષેત્રની બહાર હતું, જ્યારે ''બાકીનું ૧૬ ટકા શ્રમ ક્ષેત્ર સંગઠિત હોવાથી તમામ સ્તરે નિયમનકારી હસ્તક્ષેપ હેઠળ દબાયેલું છે.'' શ્રમ કેન્દ્ર અને રાજ્ય એમ બંનેનો વિષય હોવાથી (સમવર્તી વિષય) બંને સ્તરે શ્રમ કાયદાઓ સરળ કરવાની જરૂરિયાત છે તેવું ધ્યાન તેમાં ખેંચવામાં આવ્યું હતું.

વધુ સ્પષ્ટ જણાવતા બારમી યોજનાના દસ્તાવેજોમાં જણાવવામાં આવ્યું હતું કે, ''ટેક્સટાઈલ્સ અને

ગારમેન્ટ્સ, લેધર અને ફૂટવેર, જેમ્સ એન્ડ જ્વેલરી, ફૂડ પ્રોસેસિંગ જેવા વધારે કામદારો ધરાવતા ઉત્પાદન ઉદ્યોગોમાં રોજગારીનું સર્જન કરવા માગમાં ચડઊતરને આધારે કામદારોની સંખ્યામાં વધઘટ કરવાની મંજૂરી આપવી જોઈએ. કામદારોના હિતો સાથે સમાધાન કર્યા વિના શ્રમ બજારની લવચિકતાને પ્રોત્સાહન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.''

જ્યારે પોતાની પહેલને આગળ ધપાવતા વર્તમાન સરકાર શ્રમનું સન્માન સ્થાપિત કરવા, શ્રમ સુધારાના અમલમાં પારદર્શકતા અને જવાબદારી લાવવા અને સુશાસન મારફતે કામદારોના કલ્યાણને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે. સરકારનો મંત્ર ''શ્રમેવ જયતે'' છે એટલે જ્યારે કામદાર અને ઉદ્યોગ બંને ભાગીદારોને તેનાથી ફાયદો થાય છે, ત્યારે કાર્ય કર્મયોગ બની જાય છે.

ભારતીય શ્રમ કાયદાને સરળ બનાવવાના મોટા પડકારને પહોંચી વળવા શ્રમ મંત્રાલયે સંપૂર્ણ શ્રમ કાયદાઓને પાંચ શ્રમ આચારસંહિતામાં તાર્કિક કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. આ પાંચ આચારસંહિતા છે – વેતન પર આચારસંહિતા, સલામતિ અને કામકાજની સ્થિતિ પર આચારસંહિતા, ઔદ્યોગિક સંબંધો પર આચારસંહિતા, સામાજિક સુરક્ષા અને કલ્યાણ પર આચારસંહિતા અને રોજગાર તાલીમ અને પ્રકીર્ણ પર આચારસંહિતા. પક્ષધારકોને સૂચનોનો વિચાર કરવા અને આચારસંહિતાની રૂપરેખા બનાવવા આંતરમંત્રીમંડળીય જૂથની રચના કરવામાં આવી છે. અર્થતંત્રમાં વેપારવાણિજ્ય, શ્રમ અને સરકાર એમ ત્રણ પક્ષો વચ્ચેના કરાર પર આધારિત કોર્પોરેટિવાદની ભાવનાના ભાગરૂપે શ્રમ મંત્રાલયે પ્રસ્તાવિત આચારસંહિતાઓ પર હિતધારકો સાથે બેઠકો યોજવાની શરૂ કરી છે.

શ્રમ અને રોજગાર પ્રધાને ૬ મે, ૨૦૧૫ના રોજ ઔદ્યોગિક સંબંધો પર શ્રમ આચારસંહિતાના મહત્ત્વપૂર્ણ મુસદ્દા પર વેપારવાણિજ્ય, શ્રમ અને સરકારના પ્રતિનિધિઓ સાથે ત્રીજી બેઠક યોજી હતી, જેમાં કેન્દ્રિય વેપાર સંગઠનો, ઉદ્યોગ સંગઠનો, રાજ્ય સરકારોના શ્રમ વિભાગો અને કેન્દ્રિય મંત્રાલયો અને વિભાગોના પ્રતિનિધિઓ સામેલ થયા હતા. ઔદ્યોગિક સંબંધો પર પ્રસ્તાવિત શ્રમ આચારસંહિતામાં વેપારી સંગઠન ધારો, ૧૯૨૬, ઔદ્યોગિક રોજગારી (સ્થાયી હુકમો) ધારો, ૧૯૪૬ અને ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ની પ્રસ્તુત જોગવાઈઓને તાર્કિક અને મિશ્ર કરવા પ્રયાસ આદરવામાં આવ્યાં છે. ઉદ્યોગજગત શ્રમ કાયદાઓમાં સરળતાથી ફેરફારો કરવા માટે લાંબા સમયથી માંગ કરી રહ્યું છે, પણ વેપારી સંગઠનોને ડર છે કે આ ફેરફારો કામદારોની રોજગારી સંબંધિત અસુરક્ષામાં વધારો કરશે અને પછી સંગઠનોની રચના મુશ્કેલ બનશે. સર્વસંમતિ ઊભી કરવા પ્રધાને શ્રમ કાયદામાં સમાવવા માટે પક્ષકારો પાસેથી સૂચનો માંગ્યા હતા. તેમણે ખાતરી આપી હતી કે કામદારોના હિતોનું કોઈ પણ ભોગે રક્ષણ થશે અને ઔદ્યોગિક સંબંધો પર શ્રમ સંહિતાને અંતિમ ઓપ આપવામાં આવશે ત્યારે તમામ પક્ષોના અભિપ્રાયો ધ્યાનમાં લેવાશે.

વેતન પર શ્રમ આચારસંહિતા બનાવવા આવી બે બેઠકો યોજાઈ છે, જેમાં બીજી બેઠક ૧૩ એપ્રિલ, ૨૦૧૫ના રોજ યોજાઈ હતી, જેમાં સહભાગીઓએ લઘુતમ વેતન ધારા ૧૯૪૮, વેતન ચૂકવણી ધારા ૧૯૩૬, બોનસ ચૂકવણી ધારા, ૧૯૬૫ અને સમાન વળતર ધારો ૧૯૭૬ની પ્રસ્તુત જોગવાઈઓને મિશ્ર કરવાની ચર્ચા થઈ હતી. પ્રધાને પ્રસ્તાવિત શ્રમ સંહિતા વિશે સહભાગીઓને ટૂંકી માહિતી આપી હતી અને તેમની પાસેથી સૂચનો માંગ્યા હતા. આ બેઠકમાં કેન્દ્રિય વેપાર સંગઠનો, ઉદ્યોગ સંગઠનો અને રાજ્ય સરકારના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

લઘુ ઉદ્યોગ માટેના કાયદા સરળ બનાવવા એક મહત્ત્વપૂર્ણ કાયદાકીય પગલું ભરતા કેન્દ્ર સરકારે નાનાં કારખાનાં (કર્મચારી અને સેવાની સ્થિતિનું નિયમન) ખરડો, ૨૦૧૪ પર બેઠકો યોજી છે. આ ખરડો ૪૦થી ઓછા કામદારો ધરાવતા કારખાનાનું નિયમન કરશે. આ ઉપરાંત તાલીમ ધારો, ૧૯૬૧ને ગયા વર્ષે સુધારવામાં આવ્યો હતો, જેથી ઉદ્યોગ અને યુવાન બંનેને ફાયદો થાય. તેમાં ઇજનેરી સિવાયની શાખાના સ્નાતકો અને ડિપ્લોમા ધારકોને સામેલ કરવામાં આવ્યાં છે. પૂર્તતા પોર્ટલ આધારિત છે અને સજા ફક્ત આર્થિક દંડ સ્વરૂપે જ છે.

બીજી પેઢીના આર્થિક સુધારાનું સંચાલન રાજ્ય સરકારો કરશે તેવો સંકેત આપીને કેન્દ્ર સરકારે રાજસ્થાન સરકારને ઔદ્યોગિક ધારા ૧૯૪૭, કરાર શ્રમ ધારા ૧૯૭૦ અને કારખાના ધારા ૧૯૪૭ એમ ત્રણ શ્રમ કાયદામાં સુધારા

કરતા ખરડાને રાષ્ટ્રપતિની મંજૂરી અપાવવામાં મદદ કરી છે. મોટા ફેરફારોમાં ઔદ્યોગિક વિવાદ ધારો ૩૦૦ સુધીના કર્મચારીઓ કે કામદારો ધરાવતી કંપનીઓને સરકારની પૂર્વમંજૂરી લીધા વિના કામદારોને છૂટા કરવાની કે એકમ બંધ કરવાની મંજૂરી આપશે. અગાઉ આ પ્રકારની મંજૂરી ૧૦૦ સુધીના કર્મચારીઓ ધરાવતી કંપનીઓને આપવામાં આવતી હતી. આ સુધારો સંગઠિત ક્ષેત્રમાં વધારે રોકાણકારોને લાવશે તેવી અપેક્ષા છે, જેઓ ૧૦૦થી વધારે કર્મચારી હોય તો નાના નાના મુદ્દે સરકારી સત્તામંડળનો અભિગમ સાધવો પડતો હોવાથી રોકાણ કરવામાં ખચકાટ અનુભવતા હતા. તેનો લાભ લઘુ ઉદ્યોગોને ખાસ થશે.

રાજસ્થાનના કાયદાઓમાં અન્ય ફેરફારોમાં ઔદ્યોગિક વિવાદ ધારામાં સુધારો સામેલ છે, જે હવે છટણીના કિસ્સામાં કામદારે ત્રણ મહિનાની અંદર વાંધો ઉઠાવવો પડશે તેવી જોગવાઈ પ્રદાન કરે છે. અગાઉ કોઈ સમયમર્યાદા નહોતી. જો ૩૦ ટકા કામદારો સભ્ય બને તો જ યુનિયન બની શકશે. અત્યારે ૧૫ ટકા કામદારો સભ્ય બને તો યુનિયનને માન્યતા મળે છે. વીજળી વિના ૪૦ કામદારો સાથે અને વીજળી સાથે ૨૦ કામદારો ધરાવતા કારખાનાઓને જ કારખાના કાયદો લાગુ પડશે. અગાઉ આ જરૂરિયાત અડધી જ હતી. કરાર શ્રમ કાયદો ૫૦થી વધારે કામદારો ધરાવતી કંપનીઓને લાગુ પડશે, જે અગાઉ ૨૦ કામદારો ધરાવતી કંપનીઓને લાગુ પડતો હતો. એટલું જ નહીં ઉદ્યોગો વધુ કામચલાઉ કામદારો મેળવવા સક્ષમ બનશે અને તેમને કરારબદ્ધ કામદારોના લાભ આપવાની પણ જરૂર નહીં રહે. રાજસ્થાન શ્રમ સુધારાને પ્રસિદ્ધ અર્થશાસ્ત્રીઓએ આવકાર્યા છે. કેટલાંક રાજ્યો રાજસ્થાન સરકાર જેવી પહેલો કરવા વિચારી રહ્યાં છે.

શ્રમ સુધારાના વિવાદોથી પ્રભાવિત થયા વિના સરકારે વર્ષ ૨૦૧૫-૧૬ના તેના બજેટમાં કેટલીક પહેલોની જાહેરાત કરી હતી, જે આગળ જતાં લાખો રોજગારીનું સર્જન કરશે. બજેટની કરવેરા સંબંધિત દરખાસ્તોમાં વેપારવાણિજ્ય સરળ કરવાનો હેતુ જાળવી રાખવામાં આવ્યો છે, જે ઝડપથી રોજગારીનું સર્જન કરશે. સરકારે 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન શરૂ કર્યું છે અને લાખો યુવાનો માટે રોજગારીની તકો ઊભી કરવા ભારતને વૈશ્વિક ઉત્પાદનનું કેન્દ્ર બનાવવા વિસ્તૃત પ્રક્રિયા અને નીતિનિયમોમાં સુધારાવધારા હાથ ધર્યા છે. ભારતમાં વેપારવાણિજ્ય લાવવા રોકાણ નીતિઓને સુધારવામાં આવી છે. મોદી સરકારના પ્રથમ વર્ષે જરૂરી ઘણી આશાઓ ઊભી કરી છે, અને તેમને પૂર્ણ કરવા વહીવટી પગલાં લેવામાં આવ્યાં છે.

વડાપ્રધાને ૧૬ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ શ્રમેવ જયતે કાર્યક્રમ શરૂ કર્યો હતો અને સરકારના સુશાસન પેકેજની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમની ફિલસૂફી એવી છે કે, ''નિયમો સરળ બનાવવાથી'' દેશના યુવાનો માટે મોટી સંખ્યામાં રોજગારીનું સર્જન થશે. પેકેજના ભાગરૂપે ડિજિટલ ઈન્ડિયા ઈન્ફોર્મેશન ટેકનોલોજીના અસરકારક ઉપયોગ મારફતે શાસનની નવી વ્યવસ્થાને રજૂ કરશે. શ્રમ અને રોજગાર મંત્રાલયે ૧૬ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ 'શ્રમ સુવિધા પોર્ટલ' લોંચ કરી હતી. આ વેબસાઇટ મંત્રાલય હેઠળના ચાર સંગઠનો મુખ્ય શ્રમ કમિશનર (કેન્દ્રિય), ડિરેક્ટોરેટ જનરલ ઓફ માઇન્સ સેફ્ટી, એમ્પ્લોયીસ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન અને એમ્પ્લોયીસ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનને સેવા પ્રદાન કરે છે.

આ વેબસાઇટની ચાર મુખ્ય વિશેષતાઓ છેઃ વિશિષ્ટ શ્રમ ઓળખ નંબર (એલઆઇએન) ઓનલાઈન નોંધણી સુલભ કરાવવા એકમોને ફાળવવામાં આવે છે, સંસ્થાઓ દ્વારા સ્વપ્રમાણિત ફાઇલિંગ અને સરળ ઓનલાઈન રિટર્ન. એકમોને અલગથી રિટર્ન્સ ભરવાને બદલે એક સંગઠિત રિટર્ન ઓનલાઈન ભરવું પડશે, જોખમ આધારિત માપદંડ પર સંચાલિત કમ્પ્યુટરાઇઝ સિસ્ટમ મારફતે પારદર્શક શ્રમ ચકાસણી યોજના અને શ્રમ ઈન્સ્પેક્ટર્સ દ્વારા ૭૨ કલાકની અંદર ઈન્સ્પેક્શન રિપોર્ટ્સ અપલોડ કરવો, વેબસાઇટની મદદ સાથે સમયસર ફરિયાદનું નિવારણ સુનિશ્ચિત થશે. અત્યાર સુધી ૯.૫ લાખથી વધારે સંસ્થાઓને એલઆઇએનની ફાળવણી થઈ છે. આઠ શ્રમ કાયદાઓ હેઠળ એક સામાન્ય રિટર્ન ભરવા માટેની સુવિધા ૨૪મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ શરૂ થઈ છે. આ સેવા વેપારના વ્યવહાર ખર્ચમાં ઘટાડો કરશે અને તેમની જવાબદારીઓ પૂર્ણ કરવા સરળતા કરશે. ઇ-બિઝ વેબસાઇટ શરૂ થઈ છે, જેનો આશય ૧૪ નિયમનકારી મંજૂરીઓ એક જ સ્ત્રોત

મારફતે આપવાનો છે.

સરકાર જાણે છે કે ભારતની વસતિવિષયક લાભ લેવાની ચાવી ગ્રામીણ યુવાનોને રોજગારીમાં રહેલી છે, કારણ કે દેશની વસતિમાં આજે પણ ૭૦ ટકા લોકો ગ્રામીણ વિસ્તારોમાં રહે છે. તેને ધ્યાનમાં રાખીને દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના માટે ૨૦૧૫-૧૬ના બજેટમાં રૂ. ૧,૫૦૦ કરોડ ફાળવવામાં આવ્યાં છે. લાયક વિદ્યાર્થીઓના બેન્ક ખાતાઓમાં સીધા ડિજિટલ વાઉચર જમા થશે.

શ્રમ બળના ૯૨ ટકા અસંગઠિત કામદારો માટે સરકારે અસંગઠિત કામદારોની સામાજિક સુરક્ષા માટેના કાયદા, ૨૦૦૮ મુજબ ઓળખ અને નોંધણી શરૂ કરવાનું વચન પૂર્ણ કર્યું છે, જે અસંગઠિત કામદારોનો ડેટાબેઝ ઊભો કરવા તરફ દોરી જશે. અસગંઠિત કામદારોને આધાર નંબર અને બેન્ક ખાતા નંબર સાથે સંલગ્ન ઓળખપત્ર સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ પ્રદાન કરવા આપવામાં આવશે. સંગઠિત ક્ષેત્રમાં એમ્પ્લોયીસ પ્રોવિડન્ટ ફંડ (ઇપીએફ) ફાયદાની સંપૂર્ણ પોર્ટેબિલિટી માટે માર્ગ પ્રશસ્ત કરવા ૪.૪૭ કરોડથી વધારે કામદારોને સાર્વત્રિક ખાતા નંબર (યુએએન) ફાળવવામાં આવ્યાં છે. અહીં સભ્યોને ૯૯ ટકા ચૂકવણી ઇલેક્ટ્રોનિકલી થશે. માસિક પ્રદાન અને સંચય માટે એસએમએસ એલર્ટ મોકલવામાં આવે છે. કરારબદ્ધ અને બાંધકામ કામદારોને ઔપચારિક સામાજિક સુરક્ષા કવચ હેઠળ લાવવા યુએએનમાં સામેલ કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

સરકારે એમ્પ્લોયીસ પેન્શન સ્કીમ (ઇપીએસ)ના લાભાર્થીઓ માટે માસિક રૂ. ૧,૦૦૦નું લઘુતમ પેન્શન કાયમ માટે આપવાની દરખાસ્તને મંજૂર કરી છે. સપ્ટેમ્બર, ૨૦૧૪માં નોટિફાઇ થયેલ આ દરખાસ્ત મુજબ હવે ઊંચા પેન્શનને કેન્દ્રિય મંત્રીમંડળની મંજૂરી મળી છે. હવે પેન્શન દર મહિનાના પ્રથમ કાર્યકારી દિવસે આશરે ૫૦ લાખ પેન્શનર્સના ખાતામાં જમા થશે. આ ઉપરાંત ઇપીએફ યોજના હેઠળ વેતનની ટોચમર્યાદા રૂ. ૬,૫૦૦થી વધારીને રૂ. ૧૫,૦૦૦ કરવા જાહેરનામું બહાર પડ્યું છે. પહેલી વખત ૧૨૨ ઇપીએફ ઓફિસમાંથી ૧૦૩ સાથે સંબંધિત ૧૫.૫૪ કરોડ સભ્યોના ખાતા ૧ એપ્રિલ, ૨૦૧૫ના રોજ અપડેટ થયા છે, જે નવા નાણાકીય વર્ષનો પ્રથમ દિવસ હતો.

૬૫ ટકાથી વધારે વસતિ યુવાનોની છે અને તેઓ કામ કરવાની ઉંમર ધરાવે છે. તેને ધ્યાનમાં રાખીને સરકારે આ અભૂતપૂર્વ વસતિવિષયક લાભની સંભવિતતાને સંપાદિત કરવા સ્કિલ ઇન્ડિયા કાર્યક્રમ શરૂ કર્યો છે. કૌશલ્ય વિકાસ માટે અલગ મંત્રાલય ઊભું કરવામાં આવ્યું છે. છેલ્લાં એક વર્ષથી વધારે સમયથી યુવાનો અને શ્રમદળના અન્ય વિભાગોની રોજગારી અને રોજગારક્ષમતા વધારવા માગ આધારિત વ્યાવસાયિક તાલીમ અને કારકિર્દી સેવાઓને પ્રોત્સાહન આપવાની મુખ્ય પહેલ હાથ ધરવામાં આવી છે. એપ્રેન્ટિસ પ્રોત્સાહન યોજના (એપીવાય) ૧૬ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ શરૂ થઈ છે, જેનો હેતુ લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસો (એમએસએમઇ)માં આગામી બેથી અઢી વર્ષમાં એક લાખ તાલીમાર્થીઓને ટેકો આપીને આગામી થોડા વર્ષોમાં ૨૦ લાખથી વધારે એપ્રેન્ટિસ તૈયાર કરવાનો છે, જે અત્યારે ૨.૯ લાખ છે. આ એપ્રેન્ટિસના સ્ટાઇપેન્ડનો ૫૦ ટકા ખર્ચ સરકાર ઉઠાવશે. વેપાર તાલીમાર્થીઓ માટે સ્ટાઇપેન્ડ સૂચકાંકના દરમાં વધારાથી લઈને અર્ધકુશળ કામદારના લઘુતમ વેતનને નોટિફાઇ કરવામાં આવ્યું છે.

બજેટમાં જણાવવામાં આવ્યું હતું કે સરકારે SETU (સેલ્ફ-એમ્પ્લોયમેન્ટ એન્ડ ટેલેન્ટ યુટિલાઇઝેશન - સેતુ સ્વરોજગારી અને પ્રતિભાનો ઉપયોગ) તરીકે જાણીતી વ્યવસ્થા સ્થાપિત કરી છે. સેતુ વેપારવાણિજ્ય શરૂ કરવા અને અન્ય સ્વરોજગાર પ્રવૃત્તિઓ હાથ ધરવા, ખાસ કરીને ટેકનોલોજી સંચાલિત ક્ષેત્રોમાં, તમામ પાસાંઓને ટેકો આપવા ટેકનોલોજી-નાણાકીય સમન્વય કરશે અને સુલભતા કાર્યક્રમ બનશે. નીતિ આયોગમાં આ પ્રોજેક્ટ માટે રૂ. ૧,૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

કર્મચારી સેવાઓને આધુનિક કરવામાં આવી છે. રાષ્ટ્રીય કારકિર્દી સેવાઓ (એનસીએસ) માર્ચ, ૨૦૧૫થી કાર્યરત થઈ છે. ૧૦૦ મોડેલ કેરિયર સેન્ટર્સ રોજગારીક્ષમતાના કૌશલ્યોમાં તાલીમ પ્રદાન કરવા વિકસાવવામાં આવ્યાં છે. એનસીવીટી-એમઆઇએસ પોર્ટલ સાથે અન્ય સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે, જે ડિસેમ્બર, ૨૦૧૪માં શરૂ થઈ હતી. બાંધકામ ક્ષેત્ર માટે રેકગ્નિશિન ઓફ પ્રાયોર લર્નિંગ (આરપીએલ) અન્ય વિશિષ્ટ પહેલ છે, જેનો હેતુ કૌશલ્ય શ્રમની મર્યાદામાં ઔપચારિક રીતે તાલીમબદ્ધ બાંધકામ કામદારોને

લાવવાનો છે. આઈટીઆઈટીમાં તાલીમની ગુણવત્તા અને ડિલીવરી સુધારવા ડિસ્ટન્સ લર્નિંગ ટેકનોલોજી મારફતે આઈટીઆઈ ઈન્સ્ટ્રક્ટર્સને તાલીમ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે.

સરકાર શ્રમ નીતિના વિવેચનની ઓળખ તરીકે વેપાર, શ્રમ અને સરકાર એમ ત્રણ પક્ષોનો વિચાર કરે છે અને શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા આયોજિત બેઠકોમાં સારી એવી ચર્ચા થઈ રહી છે. રાજ્ય સરકારો, કેન્દ્રિય વેપાર સંગઠનો અને ઉદ્યોગ સંગઠનો સાથે ૧૩ એપ્રિલ, ૨૦૧૫ના રોજ આયોજિત બેઠકમાં શ્રમ અને રોજગારના રાજ્ય કક્ષાના પ્રધાન (સ્વતંત્ર હવાલો), શ્રી બાંદારુ દત્તાત્રેય કહ્યું હતું કે, શ્રમ સંબંધિત બાબતોમાં તમામ પક્ષધારકોની સક્રિય ભાગીદારીની જરૂર છે. શ્રમ મંત્રાલય સામાજિક સંવાદના વારસાનું પાલન કરે છે તેવું તેમણે ઉમેર્યું હતું.

ઉદ્યોગો સર્વાનુમતે સંમત થયા હતા કે જ્યારે કામદારોના હિતો સાર્વત્રિક રીતે ધ્યાનમાં લેવાય ત્યારે જ ઔદ્યોગિક વિકાસ હાંસલ થઈ શકશે. પ્રસ્તાવિત ઈપીએફ ધારા સુધારણા પર બીજી વખત ૩૧ માર્ચ, ૨૦૧૫ના રોજ વેપાર, શ્રમ અને સરકારના પ્રતિનિધિઓની ચર્ચા થઈ હતી. પ્રધાને પ્રસ્તાવોમાં મુખ્ય પડકારો વિશે પક્ષધારકોને માહિતગાર કર્યા હતા. તેમાં કામદારોને ઈપીએફ કે નેશનલ પેન્શન સ્કીમ (એનપીએસ)માં જોડાવાની પસંદગીનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. જોકે કામદાર સંગઠનોએ તેમની લાંબા સમયથી વિલંબિત ૧૦ મુદ્દાની માંગણીઓનો મુદ્દો ઉઠાવ્યો હતો અને સરકાર સાથે વધુ ચર્ચા કરવાની માંગણી કરી હતી. સંગઠનોએ દિલ્હીમાં રાષ્ટ્રીય બેઠક યોજાયા પછી તેમના અભિપ્રાયો આપવાની યોજના બનાવી છે.

ઈપીએફ કાયદામાં વ્યાપક કામદારને અનુકૂળ સુધારાઓની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે, જેમાં કાયદા હેઠળ કર્મચારીઓની લઘુતમ સંખ્યા હાલની ૨૦થી ઘટાડીને ૧૦ કરવાની, કવચ માટે સૂચિત વડાને દૂર કરવાની અને તેના બદલે નકારાત્મક યાદી લાવવાની, લઘુ એકમોની કામગીરીને પ્રોત્સાહન આપવા વિશેષ જોગવાઈઓ, કાયદા હેઠળ એકથી વધારે એપલેટ સત્તામંડળો સ્થાપિત કરવાની જોગવાઈ અને કાયદાના અમલીકરણમાં અસ્પષ્ટતા દૂર કરવાની જેવી બાબતો સામેલ છે. આ સુધારા કાયદા હેઠળ પરિભાષાઓમાં મોટી સ્પષ્ટતા સુનિશ્ચિત કરશે, ખાસ કરીને વેતન સંબંધિત, જે કાયદાના હેતુઓ માટે કપાતપાત્ર છે, હેતુલક્ષી ચકાસણી યોજના ધરાવીને કાયદાના અમલીકરણમાં પારદર્શકતા અને જવાબદારી રજૂ કરશે.

વેપારવાણિજ્ય, શ્રમ અને સરકાર એમ ત્રણ પક્ષના પ્રતિનિધિઓ વચ્ચેની ચર્ચાવિચારણાએ દર્શાવ્યું હતું કે પ્રસ્તાવિત સુધારણા માટે સામાન્ય સ્વીકાર્યતા હતી. એનપીએસ કે ઈપીએફની પસંદગીનો વિકલ્પ કામદારો માટે લાભદાયક પુરવાર થશે તેવું તેઓ માને છે. જોકે એવા પણ અભિપ્રાયો હતા કે ઈપીએફઓ જેવા લાભ એનપીએસ ઓફર નહીં કરી શકે. વ્યક્ત થયેલા વિચારો મુજબ, આ સુધારાથી ભારતીય ઉદ્યોગની સ્પર્ધાત્મકતામાં સુધારો થશે અને ભારત ઉત્પાદન કેન્દ્ર બની શકશે. લઘુ ઉદ્યોગોને છૂટછાટો આપવા વધુ પ્રોત્સાહનની જરૂર હતી તેવું તેમાં નોંધવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકારે તમામ પક્ષધારકો વચ્ચેની ચર્ચાને જીવંત રાખીને તેમને જણાવ્યું છે કે કાયદાકીય સુધારાને અંતિમ ઓપ આપવામાં આવશે ત્યારે તેમની ચિંતાઓને ધ્યાનમાં લેવાશે.

**લેખક શ્રી દિપક રાઝદાન દિલ્હી ખાતે વરિષ્ઠ પત્રકાર છે. શ્રમને લગતી બાબતો ગ્રામવિકાસ અને આર્થિક આયોજન ક્ષેત્રે તેઓ ૪૩ વર્ષનો વિશાળ અનુભવ ધરાવે છે. હિન્દુસ્તાન ટાઈમ્સ, ધ સ્ટેટ્સમેન જેવાં અગ્ર હરોળનાં અખબારોમાં તેઓએ કામ કરેલ છે.**

**આગામી અંકનો વિષય**

**જુલાઈ-૨૦૧૫**

**આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નવા પરિમાણ**

**યોજના વાંચો**
**યોજના વંચાવો**
**યોજના વસાવો**

# સિધ્ધ – પ્રાચીન ઉપચાર પ્રણાલી

● ડૉ. કૃષ્ણામાચારી ●

ભારતની પ્રાચીન ઉપચાર પ્રણાલી પૈકી સિધ્ધ ઔષધ અને ઉપચાર જેવી જ્ઞાનશાખાનો જન્મ અને વિકાસ તામિલનાડુના કન્યાકુમારી આસપાસ થયેલો. માંદગીનો ઈલાજ કરવાનો કસબ જેણે સિધ્ધ કરેલો તેવા તજ્જ્ઞ પાસે સિધ્ધિ છે તેવું કહેવાતું. કુલ ૧૮ જેટલા સિધ્ધ પુરૂષોએ જ્ઞાન અને અનુભવના સિંચન વડે આખું શાસ્ત્ર તમિલ ભાષામાં વિકસાવ્યું હોવાનું કહેવાય છે.

માંદગીનો ઉપચાર કરવા માટે જરૂરી એવું નિદાન કરવા માટે સિધ્ધ શાસ્ત્ર વ્યક્તિગત ખાસિયતો અને દર્દી જેમાં જીવે છે તે વાતાવરણનો આધાર લેવાય છે. ઉંમર, જાતિ, જ્ઞાતિ, આદત, મૂળ ખોરાક, મનોસ્થિતિ, ભૂખ તથા પાચનનું સ્તર તથા શરીરનો બાંધો જેવા માપદંડને પકડી ઉપચાર નક્કી કરાય છે. નાડીના ધબકારા, પેશાબ અને આંખનો રંગ, અવાજની ગુણવત્તા, જીભ તથા શરીરના વર્ણ જેવી બાબતો પણ નિદાન માટે ધ્યાનમાં લેવાય છે. સિધ્ધ પ્રણાલીમાં ખનિજ તથા ધાતુનું રૂપાંતર ઔષધમાં કરવાનું અજોડ જ્ઞાન સામેલ હોવાથી અસાધ્ય રોગ પણ ચાંદી, પારો, સીસુ તથા સલ્ફરની માત્રા ધરાવતી દવાઓ વડે મટાડાય છે.

સોરાયસીસ, રૂમેટિક ડિસઓર્ડર, લિવરના રોગ, પ્રોસ્ટેટની તકલીફ, હરસમસા, પેપટીક અલ્સર તથા ચામડીના રોગ માટે સિધ્ધ ઉપચાર અકસિર સાબિત થયેલા છે. પરિણામે તામિલનાડુના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સરકારી હૉસ્પિટલમાં સિધ્ધ વિભાગ કાર્યરત છે અને આ ઉમદા જ્ઞાનનો પ્રસાર આખા ભારતમાં થવો જોઈએ.

સિધ્ધ મેડિસિન શિક્ષણમાં રુચિ વધતા ચેન્નાઈ ખાતે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિધ્ધની સ્થાપના કરવામાં આવી છે. જ્યાં માસ્ટર ડિગ્રી એટલે કે એમ.ડી. સુધીનું શિક્ષણ અલગ અલગ છ પ્રકારના વિદ્યાશાખામાં અપાય છે. જેમાં જનરલ મેડિસીન, સ્પેશ્યલ મેડિસીન, પેડિયાટ્રિક્સ, ફાર્માકોલૉજી, પેથોલૉજી અને ટોક્સિકોલૉજીનો સમાવેશ થાય છે. ભારત સરકારના આયુષ મંત્રાલય હેઠળ સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન સિધ્ધ જેવી સંસ્થા ખોલીને સંશોધનને વેગ અપાયો છે.

૧. **શિક્ષણ** - ૩૦૦ વર્ષ જૂની સિધ્ધ પ્રણાલીમાં પણ પ્રાચીન ઉપચાર પધ્ધતિ માફક જૈવિક ઘટક હોય તેવી દવાઓ વપરાય છે. કાળક્રમે સિધ્ધનું ચલણ ઘટેલું પણ ૨૦મી સદીમાં ફરીથી તેના ઔષધોનું ઉત્પાદન તથા શિક્ષણનું કામ વેગમાં આવ્યું હતું. જૂના મદ્રાસ રાજ્યમાં વંશપરંપરાગત ધોરણે પ્રેક્ટિસ કરતા લોકોની નોંધણી પણ કરાતી હતી.

એલોપેથીના અભ્યાસક્રમમાં સિધ્ધનું જ્ઞાન અને જાણકારી ભણાવવાની પ્રથા ૧૯૬૦ સુધી ચાલ્યા બાદ ૧૯૬૪માં તામિલનાડુના તિરૂનેલવેલી જિલ્લાના પલયમકોટ્ટાઈ ખાતે અલાયદી કૉલેજ ખોલવાનો નિર્ણય મદ્રાસ યુનિવર્સિટીએ કર્યો. અહીં સાડા પાંચ વર્ષના અભ્યાસક્રમ હેઠળ બેચલર ઑફ ઈન્ડિયન મેડિસિન (સિધ્ધ)ની ડિગ્રી એનાયત કરવામાં આવે છે. પાંચ શાખાઓમાં સ્પેશ્યલાઈઝેશન સાથે માસ્ટર ડિગ્રી પણ અપાય છે. ત્યારબાદ ચેન્નાઈ ખાતે શરૂ થયેલી બીજી કૉલેજ દ્વારા પણ સ્નાતક અને અનુસ્નાતક પદવી આપવામાં આવે છે. ચેન્નાઈ ખાતે આવેલી તામિલનાડુમાં ડૉ. એમ. જી. આર. મેડિકલ યુનિવર્સિટીના જોડાણ સાથે વધુ બે કૉલેજ તામિલનાડુ સરકારે શરૂ કરી છે. તામિલનાડુમાં પાંચ અને કેરળમાં એક ખાનગી સિધ્ધ કૉલેજો પણ શરૂ થઈ ચૂકી છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિધ્ધ જેવી સર્વોચ્ચ સંસ્થામાંથી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ દર વર્ષે સો સો વિદ્યાર્થી બહાર પડે છે.

સિધ્ધ ઉપચાર જ્ઞાનમાં કેટલીક ખાસ શાખાઓ કાળક્રમે વિકિસત બની છે જેમાં નાડી પરિક્ષણ, પેથોલૉજી, ટોક્સિકોલૉજી તથા પેડિયાટ્રીક્સનો સમાવેશ થાય છે. સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયન મેડિસિન દ્વારા ઘડાયેલા અભ્યાસક્રમમાં અનુસ્નાતક સ્તર સુધી ડિગ્રી મળે છે. શ્રીલંકામાં આવેલી જાફના યુનિવર્સિટીએ પણ સિધ્ધ ઉપચાર પદ્ધતિને જીવતી રાખવામાં મોટું કામ કર્યું છે.

ભારત સરકારે નવી મેડિકલ કૉલેજો ખોલવા માટે નક્કી કરેલા કડક માપદંડનું પાલન સિધ્ધ ભણાવતી કૉલેજ પણ કરે છે. અભ્યાસક્રમ ઘડતરથી માંડી માઇક્રો બાયોલૉજી, મેડિકલ બાયોકેમિસ્ટ્રી, ફાર્માકોલૉજી અને ટોક્સિકોલૉજી જેવું આધુનિક વિજ્ઞાન પણ સિધ્ધના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત છે. અર્ધ તબીબી કર્મચારીઓ તૈયાર કરવા માટે ફાર્મસી અને નર્સિંગના ડિપ્લોમા કોર્સ પણ તામિલનાડુમાં ખાનગી અને સરકારી ક્ષેત્ર દ્વારા ચાલે છે, જેના વિદ્યાર્થીઓને ઇન્ટર્નશીપ માટે ગામડાંઓના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મોકલવાની પ્રથા છે.

સિધ્ધ ભણાવતા પ્રૉફેસર સહિતના અધ્યાપન વર્ગના જ્ઞાન સંવર્ધન માટે આયુ મંત્રાલય દ્વારા ખાસ કાર્યક્રમ ચલાવાય છે. જેમાં તબીબને ગુરૂ-શિષ્ય પરંપરા હેઠળ જ્ઞાન ટ્રાન્સફર કરવાની વ્યવસ્થા છે.

નવી સિધ્ધ મેડિકલ કૉલેજ ખોલવા માટે આયુષ મંત્રાલય તરફથી રૂપિયા ૧૦ કરોડની સહાય અપાતી હોવાથી ખાનગી ક્ષેત્ર તરફથી કૉલેજ ખોલવાનું આકર્ષણ વધી રહ્યું છે.

૨. **સંશોધન** - સિધ્ધ ઉપચારના પરંપરાગત જ્ઞાનમાં વર્તમાન સમયને અનુરૂપ સંશોધનને વેગ આપવા માટે ''સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન સિધ્ધા''ની રચના કરવામાં આવી છે. જેના હાથ નીચે બે પ્રાદેશિક સંશોધન કેન્દ્ર પણ શરૂ થયા છે જેમાં ઔષધગુણ ધરાવતી વનસ્પતિ તથા ઔષધ તૈયાર થયા બાદ તેની દર્દી ઉપર ચકાસણી કરવામાં આવે છે.

સંશોધન માટે વિષય પણ નિશ્ચિત છે જેમ કે ક્લિનિકલ રિસર્ચ, ઔષધ બનાવવા તથા તેના ગુણવતા માપદંડ નક્કી કરવા તથા મૂળભૂત તત્ત્વોની શોધખોળ જેવી બાબતોનો સમાવેશ થાય છે. એઇડ્સ, કેન્સર, ડાયાબિટીસ, અસ્થમા, વંધ્યત્વ જેવી તકલીફોના ઉપચાર સાથોસાથ જાણીતી દવાઓના અજાણ્યા ગુણ અને અજાણી દવાઓના ઉપયોગી ગુણ ખોળી કાઢવા પણ સંશોધન હાથ ધરાય છે. ચામડીના રોગ તથા મનોઅસ્થિ રોગમાં સિધ્ધના ઔષધ અક્સિર સાબિત થયા છે. પ્રસૂતિ અગાઉ તથા પછી રાખવાની કાળજી, એનિમિયા, એચ.આઈ.વી.નો ચેપ, આર્થરાઇટીસ, સોરાયસીસ, કેન્સર, ગર્ભાશયના રોગમાં પણ સિધ્ધ ઉપચાર સફળ રહ્યા છે.

બાળમૃત્યુ દર ઘટાડવા માટે સંશોધન સંસ્થાઓ બાળકનું જીવન બચાવે તેવા ઔષધો વિકસાવી રહી છે. ઉપરાંત ઔષધગુણ ધરાવતા છોડનું જતન તથા સંવર્ધન માટે કામ ચાલે છે. અનુભવી સિધ્ધ વૈદ્ય પાસે રહેલું પરંપરાગત જ્ઞાન એકઠું કરવું અને તેનું દસ્તાવેજીકરણ કરવું તે પણ મહત્ત્વની પ્રવૃત્તિ છે. સેન્ટ્રલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ફોર સિધ્ધા તથા તેની સાથે સંકળાયેલી સરકારી તથા ખાનગી કૉલેજો સંશોધનમાં જોડાયેલી છે. આયુષ મંત્રાલય દ્વારા સંશોધન માટે આર્થિક સહાય પણ અપાય છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ ફિલ્ડમાં થતા સંશોધનમાં જોડાયેલી છે.

૩. **ઔષધ ઉત્પાદન** - સિધ્ધ ઉપચારમાં વપરાતા ઔષધનું ઉત્પાદન કરવામાં ૮૦૦થી વધુ સૂક્ષ્મ તથા લઘુ ઉદ્યોગ એકમો કાર્યરત છે. તામિલનાડુ સરકારે ચેન્નાઈ અને તિરૂનેલવેલીમાં ખોલેલી ફાર્મસી પણ દવાઓ બનાવી સરકારી દવાખાનાઓમાં પૂરી પાડે છે. દવાઓ બનાવવામાં અગ્રેસર પેઢીઓમાં ઇન્ડિયન મેડિકલ પ્રેક્ટિશનર્સ કો. ઓપરેટિવ ફાર્મસી ઍન્ડ સ્ટોર્સ, એસ. કે. એમ. સિધ્ધા તથા સિધ્ધા ફાર્મસી, લક્ષ્મી સેવા સંઘ તથા તામિલનાડુ મેડિસિનલ પ્લાન્ટ કોર્પોરેશન લિમિટેડનો સમાવેશ થાય છે. આ તમામ ઉત્પાદકોની ઔષધ નિર્માણ ક્ષમતા પર્યાપ્ત છે અને વિસ્તરણની ગુંજાયશ પણ છે. સિધ્ધ દવાઓના છુટક વેચાણ કેન્દ્રોની સંખ્યા વધતી જાય છે તો ''જીએમપી'' માર્ક પણ ૨૦૦૨માં ફરજિયાત બનતા બધા એકમોએ તેનું રજિસ્ટ્રેશન કરાવી લીધું છે.

ઘટક દ્રવ્યોના પૃથક્કરણ માટે આધુનિક લેબ પણ કાર્યરત બની ચૂકી છે. સિધ્ધ દવાઓના ઉત્પાદન માટે લાયસન્સ આપવાનું કામ રાજય સરકારના ઔષધ નિયંત્રણ વિભાગ હેઠળ રહે છે. જ્યારે દવા ઉત્પાદનને ડ્રગ એન્ડ કોસ્મેટીક્સ એક્ટ, ૧૯૪૦ની જોગવાઈઓ પણ લાગુ તો પડે જ છે.

૪. **સિધ્ધ ઔષધ વૈશ્વિક સ્વીકૃતિ** - તામિલ પ્રજા જ્યાં વસવાટ માટે ગઈ તેવા બધા દેશોમાં સિધ્ધ ઔષધ અને ઉપચારનો ફેલાવો થયેલો માલૂમ પડે છે, જેમ કે, શ્રીલંકા, સિંગાપોર, મલેશિયા, મોરેશિયસ તથા ઇન્ડોનેશિયા. તામિલ ટેલિવિઝન ચેનલ તથા સોશિયલ મીડિયા વડે પણ સિધ્ધનો પ્રચાર પ્રસાર ચાલુ જ છે. માનવ શરીરને થતી તમામ વ્યાધિનો ઉપચાર ખોરાકમાં ફેરફાર કરવાથી સંભવ

હોવાનું માનતી સિધ્ધ પ્રણાલી ભોજન સાથે ઔષધને મહત્ત્વ આપે છે. પરિણામે દુનિયાના કોઈપણ ખૂણે આ ઉપચાર સંભવ છે. રસોઈમાં વપરાતા મસાલા, ઋતુનો પ્રકોપ તથા શરીરની રોગ સામે લડવાની શક્તિ જેવા પરિબળ સિધ્ધ જ્ઞાન વડે થતી સારવારમાં ખાસ ધ્યાને લેવાય છે. શરીર તથા મન વચ્ચે તાદાત્મય રચવા માટે શ્વાસોશ્વાસની કસરત એટલે કે પ્રાણાયામ તથા યોગસાધનાને પણ સારવારમાં પૂરક ગણવામાં આવ્યા છે. નાડી પરિક્ષણ અને માલિશ બે એવી પ્રક્રિયા છે જે ગમે ત્યાં સુલભ છે, માત્ર અનુભવી વૈદ્ય જોઈએ. શારીરિક વેદના ઘટાડવા માટેના અક્સિર ઉપચાર સિધ્ધ પાસે છે.

૫. **સારવાર ખર્ચ ખૂબ સસ્તો** - સિધ્ધ સારવારમાં ઔષધ તથા ઉપચાર સેવાનો ખર્ચ બિલકુલ નજીવો હોવાથી જ્યાં આરોગ્ય સેવા અપૂરતી હોય તેવા વિકાસશીલ દેશો માટે આ પ્રણાલી આદર્શ છે. નાડી પરિક્ષણ વડે નિદાન કરવાની વાત આ પ્રણાલીમાં મૂળ સ્થાને હોવાથી તેનું પર્યાપ્ત જ્ઞાન અને અનુભવ ધરાવતી વ્યક્તિ વડે સારવાર થવી અનિવાર્ય છે. પરિણામે નિદાન માટે મોંઘા ઉપકરણ વસાવવાની જરૂર નથી. સિધ્ધમાં વપરાતા મોટાભાગના ઔષધો વનસ્પતિ, મસાલા તથા ખોરાક દ્રવ્યોમાંથી બનતા હોવાથી તેની આડઅસર નથી. પરવાળા, મોતી, શંખ, ત્રાંબુ જસત વગેરે અખાદ્ય પદાર્થ દવામાં વપરાય છે. પરંતુ તેને સૂક્ષ્મ માત્રામાં લેવાથી નુકસાન નથી.

૬. **પેટન્ટ** - સિધ્ધમાં રોગનું નિદાન કરવાની પ્રાચીન પદ્ધતિ એટલી સચોટ છે કે ભારતભરમાં તેનો ઉપયોગ વધતો ચાલ્યો છે. આ બધી જ્ઞાનમંડિત પ્રક્રિયાને સ્વાર્થ માટે પેટન્ટ થતી રોકવી પડશે. યોગાસનની મુદ્રાઓ માટે પણ આવું રક્ષણ હવે વિચારવું પડશે. પરિણામે સિધ્ધ સંશોધન સંસ્થાએ તમામ પ્રક્રિયાનું સ્ટાન્ડર્ડાઈઝેશન કરી તેને જન તરફેણમાં પેટન્ટ કરાવી લેવું જોઈએ.

૭. **મિશ્ર સારવારનો પડકાર** - સિધ્ધનો ઉપચાર આપવાની પ્રેક્ટિસ કરતા ચિકિત્સકો હવે માને છે કે, તેમને થોડી એલોપેથીની દવાઓ આપવાની છૂટ હોવી જોઈએ. સિધ્ધ જેવી વૈકલ્પિક સારવાર માટેનો દર્દી એલોપથી નિષ્ફળ રહ્યા બાદ ચિકિત્સક માટે આવતો હોવાથી તેની વેદના ઘટાડે તેવી દવા ચાલુ રાખવી અનિવાર્ય હોય છે. હૃદયરોગના દર્દીએ કેટલીક દવા ખિસ્સામાં જ રાખવાની હોય છે. આવી જોખમી હાલતમાં સિધ્ધ ચિકિત્સકે તે ચાલુ રાખવા દેવી જોઈએ તેવી માંગ છે. ઉપરાંત તામિલનાડુના લગભગ બધા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સરકારી દવાખાનામાં એલોપેથી તથા સિધ્ધ સાથોસાથ ચાલતા હોવાથી સિધ્ધિ ચિકિત્સકને જાણકારી હોય છે. ઉપરાંત સિધ્ધ અભ્યાસક્રમમાં એનાટોમી, ફિઝીયોલૉજી, બાયોકેમિસ્ટ્રી, માઈક્રો બાયોલૉજી તથા ફાર્માલૉજીનો સમાવેશ થાય છે. પરિણામે અંતરિયાળ વિસ્તારમાં જવા એલોપેથી ડૉક્ટર નથી ત્યાં સિધ્ધ ચિકિત્સકને બંને પ્રેક્ટિસની છુટ હોવી જોઈએ તેવી માંગણી છે. સરકાર એલોપેથી અને સિધ્ધને સાંકળી લેતી તાલીમ વ્યવસ્થા ગોઠવી ઉકેલ લાવી શકે છે.

૮. **સરકારના પ્રયત્ન** - સિધ્ધ ઔષધ તથા સારવાર માટે ભારત સરકાર તથા તામિલનાડુ સરકાર સ્પષ્ટ નીતિ ધરાવે છે કે, આ પ્રાચીન શાસ્ત્રને ઉપયોગમાં લાવવું. જાહેર આરોગ્ય સેવા આપતી વ્યવસ્થામાં સિધ્ધનો ઉમેરો થયેલો જ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા પણ સિધ્ધ પ્રણાલીને ઉત્તેજન આપે છે. તો ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા દેશભરમાં પ્રોજેક્ટ ચાલી રહ્યા છે. સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કીમના વેલનેસ સેન્ટરમાં સિધ્ધ ચિકિત્સકની નિમણૂક માટેની ભરતી પ્રક્રિયા યુપીએસસી દ્વારા હાથ ધરાય છે.

૯. **વિશ્વમાં લોકપ્રિય** - શ્રીલંકામાં સિધ્ધ અનહદ લોકપ્રિય હોવાથી ત્યાં ઢગલાબંધ કૉલેજ ચાલે છે, દવાખાના ચાલે છે. મલેશિયા, સિંગાપોર, થાઈલેન્ડમાં પણ પદવી તથા માન્યતા પ્રાપ્ત ચિકિત્સકો સિધ્ધની પ્રેક્ટિસ કરી રહ્યા છે.

માનવજાતના કલ્યાણ માટે સિધ્ધ જેવી પ્રાચીન ઉપચાર પધ્ધતિને પુર્નજીવિત કરી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે તેનો ઉપયોગ વધે તેવી કોશિશ થવી જોઈએ.

**લેખક આયુષ મંત્રાલયમાં સંયુક્ત સલાહકાર છે.**

# યુનાની – સ્વાસ્થ્ય અને ઉપચારનું વિજ્ઞાન

• પ્રોફેસર રઈસ-ઉર રહમાન •

## પૃષ્ઠભૂમિ

યુનાની ચિકિત્સા પદ્ધતિ પરંપરાગત અને પ્રાચીન સારવાર પદ્ધતિ છે, જેના મૂળિયા હાલના ગ્રીસમાં રહેલાં છે. ગ્રીસ પ્રાચીન સમયમાં યુનાન તરીકે પણ ઓળખાતું હતું. યુનાની ચિકિત્સા મૂળભૂત રીતે ઈજિપ્ત, સીરિયા, ઈરાક, ઈરાન, ચીન, ભારત અને અન્ય દૂર પૂર્વના દેશોમાં પરંપરાગત ચિકિત્સા પદ્ધતિનો સુભગ સમન્વય છે. આ વ્યવસ્થા સંપૂર્ણ છે અને નિવારક, પ્રોત્સાહક, રોગશામક અને પુનર્વસન સારસંભાળની સુવિધા આપે છે.

યુનાની ચિકિત્સા પદ્ધતિ ગ્રીસમાં હિપ્પોક્રેટસના સંરક્ષણમાં ઈ.સ. પૂર્વે ચોથી અને પાંચમી સદીમાં શરૂ થઈ હતી. પછી આરબ અને પર્શિયા કે ઈરાનમાં આ સારવાર પદ્ધતિઓ વિકસી હતી. હજારો વર્ષ અગાઉ આરબોએ ભારતીય ઉપમહાખંડમાં આ પદ્ધતિનો પરિચય કરાવ્યો હતો અને અહીં તેને વૈજ્ઞાનિક વિકાસની પરાકાષ્ઠાએ પહોંચવા કાયમી આશ્રય મળ્યો હતો. સદીઓથી ભારતીય સંસ્કૃતિ સાથે ઓતપ્રોત થઈ ગયેલી આ ઉપચાર પદ્ધતિઓને ભારત સરકારે ભારતીય ચિકિત્સા પદ્ધતિ તરીકે માન્યતા આપી છે અને અત્યારે આપણા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવાના માળખામાં સામેલ છે. સરકાર તેના બહુમુખી વિકાસ માટે સતત પ્રોત્સાહન આપે છે અને ભંડોળમાં વધારો કરી રહી છે. તેના પરિણામે અત્યારે દેશમાં કેટલીક શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ, ફાર્મા ઉદ્યોગો અને હોસ્પિટલો રાષ્ટ્રીય સ્તરે જનતાને સ્વાસ્થ્ય સંબંધિત સારસંભાળ પ્રદાન કરે છે. સરકારી સ્વાસ્થ્ય સારસંભાળના ક્ષેત્રમાં યુનાની હોસ્પિટલો અને દવાખાનાઓનું મોટું નેટવર્ક સમગ્ર દેશમાં કાર્યરત છે, જે મુખ્યત્વે કેન્દ્ર અને રાજ્ય સરકારની પહેલ છે.

ભારતીય સીમાડાની બહાર યુનાની ચિકિત્સા પદ્ધતિના પ્રસારને વૈશ્વિકરણની પ્રક્રિયા અને આંતરરાષ્ટ્રીય સહકારના પ્રયાસોએ પ્રોત્સાહન આપ્યું છે. આ પ્રકારની વિવિધ પહેલોથી દક્ષિણ આફ્રિકાની વેસ્ટર્ન કેપ યુનિવર્સિટીમાં યુનાની મેડિસિન ચેરની સ્થાપના થઈ છે અને અન્ય અનેક દેશોમાં યુનાની મેડિસિન ચેર સ્થાપિત કરવાની દરખાસ્તો પર વિચારણા ચાલી રહી છે.

લાંબા સમયથી યુનાની ચિકિત્સામાં તૃતિય કક્ષાના સારસંભાળ અને આધુનિક સંશોધનને પ્રતિબધ્ધ હોય તેવું ઉત્કૃષ્ટતાનું કેન્દ્ર સ્થાપિત કરવાની જરૂરિયાત અનુભવાઈ રહી છે. આયુષ મંત્રાલય સંશોધન અને વિકાસ તેમજ પોસ્ટગ્રેજ્યુએટ અને ડૉક્ટરલ સ્તરે ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને તાલીમ પર ધ્યાન કેન્દ્રિત કરવા અખિલ ભારતીય યુનાની ચિકિત્સા સંસ્થા (એઆઈઆઈ યુએમ) સ્થાપિત કરવા સૈદ્ધાંતિક રીતે સંમત થયું છે. આયોજન પંચે આ સંસ્થાના નિર્માણ માટે અંદાજે રૂ. ૨૫૦ કરોડની અંદાજપત્રીય જોગવાઈ કરી છે.

## યુનાની ચિકિત્સા પદ્ધતિની આધારભૂત બાબતો

નામ પ્રમાણે યુનાની ચિકિત્સા પદ્ધતિના મૂળિયા પ્રાચીન ગ્રીસમાં રહેલાં છે. તેનું મૂળભૂત માળખું ઊંડી દાર્શનિક અંતર્દષ્ટિ અને વિજ્ઞાની સિદ્ધાંતો પર આધારિત છે. તેના સૌથી વધારે મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતો છે; કુદરતી/મૂળભૂત તત્ત્વો (ઉમૂર-એ-તબઈયા), જે જણાવે છે કે મનુષ્યનું શરીર "ઉમૂર-એ-તબઈયા" તરીકે ઓળખાતા સાત કુદરતી અને મૂળભૂત તત્ત્વોનું બનેલું છે, જે મુખ્યત્વે સ્વાસ્થ્ય જાળવવા માટે જવાબદાર છે. આ તત્ત્વો (આર્કન), પ્રકૃતિ (મિજાજ), રમૂજ (અખલાત), અંગો (આઝા), જુસ્સો/આવશ્યક બળો (અરવાહ), ઊર્જા (કુવા) અને કામગીરી (અફાલ) છે. હિપ્પોક્રેટ્સે રમૂજનો સિદ્ધાંત અને તેમણે શોધેલી યુનાની ચિકિત્સાની વિશિષ્ટતા પ્રતિપાદિત કરી હતી કે મનુષ્યના શરીરમાં ત્રણ પ્રકારના તત્ત્વો હોય છે : ઘન, જે અંગ (અઝા) તરીકે ઓળખાય છે, પ્રવાહી જે હ્યુમરસ (અખાલત) તરીકે ઓળખાય છે અને વાયુ, જે અરવાહ (ન્યૂમા) તરીકે ઓળખાય છે.

આ ત્રણ પ્રકારના દ્રવ્યની સારવાર (માવલીદ-એ-સાલસા) દાવો કરે છે કે સંપૂર્ણ બ્રહ્માંડ આ ત્રણ પ્રકારના દ્રવ્યો એટલે કે ઘન, પ્રવાહી અને વાયુનું બનેલું છે. યુનાની ચિકિત્સા પદ્ધતિ નસ (નબ્ઝ), પેશાબનું પરિક્ષણ (બાઉલ) અને મળ

(બરાઝ) વગેરેના નિદાન પર ભાર મૂકે છે. આ વ્યવસ્થા ચાર તત્ત્વો – હવા, પાણી, આગ અને પૃથ્વી તેમજ ચાર દ્રવ્ય લોહી, કફ, પીળો પિત્ત અને કાળો પિત્તના સિદ્ધાંત પર ભાર મૂકે છે. શરીરમાં આ દ્રવ્યોના અસંતુલનથી વિવિધ પ્રકારના રોગ ઉત્પન્ન થાય છે. આ દ્રવ્યોનું યોગ્ય સંતુલન જળવાઈ રહેવાથી સ્વાસ્થ્ય સારું જળવાઈ રહે છે. યુનાની વ્યવસ્થા પ્રકૃતિ પર બહુ ભાર મૂકે છે અને પ્રકૃતિ સાત્વિક, રાજસી અને તામસી હોય છે. આ સારવારનો ઉદ્દેશ વિપરિત પ્રકૃતિના પરિબળોનું સંતુલન સ્થાપિત કરવાનો છે. યુનાની ચિકિત્સા પદ્ધતિની સારવારમાં ચાર સ્થિતિ છે – ડાયેટથેરપી (આહાર ચિકિત્સા), રેજિમેન્ટલ થેરપી (વ્યવસ્થિત આયોજનબદ્ધ સારવાર), ફાર્માકોથેરપી (દવા દ્વારા ચિકિત્સા) અને સર્જરી (શસ્ત્રક્રિયા).

**યુનાની ચિકિત્સા પદ્ધતિની ખાસિયતો**

યુનાની ચિકિત્સા પદ્ધતિની ખાસિયતો તેનો સંપૂર્ણ અભિગમ, વ્યક્તિની ક્ષમતા મુજબ દવા અને સારવાર તેમજ જીવનના છ આવશ્યક પરિબળોના સિદ્ધાંતો (અસ્બાબ-એ-સિત્તાહ ઝરૂરિયાહ) છે, જે સ્વાસ્થ્યનું સંરક્ષણ અને જતન કરવા આધારભૂત છે. આ પદ્ધતિની અનન્ય વિશેષતા અંગોની સ્વસ્થતા અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો છે. યુનાની પદ્ધતિએ સ્નાયુઓ અને હાડકાઓની સમસ્યા, શ્વાસોશ્વાસ સાથે સંબંધિત વિકાર, ત્વચાની સમસ્યા, યકૃતની સમસ્યા, ચેતાતંત્રની સમસ્યા અને અન્ય કેટલાંક તીવ્ર અને ગંભીર રોગોની સારસંભાળમાં નોંધપાત્ર પરિણામો દર્શાવ્યા છે.

રેજિમેન્ટલ થેરપી (ઇલાજ-બિત-તદબીર) એ યુનાની ચિકિત્સા પદ્ધતિની કરોડરજ્જુ છે, જે જીવનના છ આવશ્યક પરિબળોની સ્થિતિમાં સુધારો કરવાના સિદ્ધાંત પર કામ કરે છે. આ થેરપીમાં ડાયેટથેરપી, કપિંગ (હિજમાહ), લીચિંગ (તાલીક), વેનિસેક્શન (ફસ્દ કે નસમાં શસ્ત્રક્રિયા) વગેરે સામેલ છે, જે શરીરમાંથી રોગિષ્ઠ દોષ (તનકિયા) દૂર કરવામાં મદદ કરે છે અને તેને સ્વતંત્ર રીતે કે દવા સાથે અજમાવવામાં આવે છે. રેજિમેન્ટલ થેરપી દ્વારા ઓછામાં ઓછી દવા સાથે દુ:ખાવાને દૂર કરવામાં અને ત્વચા સંબંધિત વિવિધ બિમારીઓને નિયંત્રણમાં રાખી શકાય છે. આ થેરપીની ઝડપી અસરકારકતાને યુનાની ચિકિત્સા વ્યવસ્થામાં ઉપયોગ કરવામાં આવતી અન્ય પદ્ધતિઓમાંથી વધારવામાં આવે છે.

ખમીરા મારવારીદ, જવાહર મોહરા જેવા રોગપ્રતિકાર શક્તિવર્ધક તત્ત્વો ઉપલબ્ધ છે, જે રોગપ્રતિકારકતામાં વધારો કરી શકે છે. ટીબી, એઇડ્સ, કેન્સર વગેરે જેવી ગંભીર બિમારીઓમાં લાંબા સમય સુધી સારવારની જરૂર હોય છે, જેમાં યુનાની ચિકિત્સા પદ્ધતિ મુખ્ય સારવારની આડઅસરોને લઘુતમ કરવા સહાયક તરીકે કામ કરી શકે છે, શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને જીવનની સંપૂર્ણ ગુણવત્તામાં સુધારો કરે છે.

યુનાની ચિકિત્સા પદ્ધતિ વિવિધ ગંભીર બિમારીઓની અસરકારક સારવાર ઓફર કરે છે, જેમાં જઠરનો સોજો, પેપ્ટિક અલ્સર, આઈબીએસ, આંતરડાની ચાંદી વગેરે પેટની સમસ્યાઓ; દમ, ફેફસાંની નળીમાં સોજો વગેરે; સંધિવા, ઓસ્ટિઓપોરોસિસ જેવા સ્નાયુ અને હાડકાના વિકાર; ભૂલી જવું, લકવા જેવા ચેતાતંત્રના વિકારો; આઈએચડી, હાયપરટેન્શન જેવા કાર્ડિયોવાસ્ક્યુલર વિકારો; મેદસ્વીપણું, ડાયાબીટિસ, હાયપરલિપિડેમિયા (લિપિડમાં વધારો), સંધિવા જેવી પાચનતંત્રની સમસ્યાઓ અને જાતિય વિકારો સામેલ છે.

**ભારતમાં યુનાની શિક્ષણ**

યુનાની ચિકિત્સા પદ્ધતિના શિક્ષણ અને તેના અભ્યાસનું નિરીક્ષણ અને નિયમન ભારતીય ચિકિત્સા પરિષદ ધારા ૧૯૭૦ હેઠળ સ્થાપિત સેન્ટર કાઉન્સિલ ઓફ ઇન્ડિયન મેડિસિન (સીસીઆઈએમ) દ્વારા થાય છે. યુનાની ચિકિત્સામાં સાડા પાંચ વર્ષનો અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમ બીયુએમએસ એવોર્ડ તરફ દોરી જાય છે, જેનું સંચાલન ઇન્ડિયન મેડિસિન સેન્ટ્રલ કાઉન્સિલ (આઇએમસીસી) નિયમન ૧૯૯૫ દ્વારા થાય છે. ૩ વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમ એમડી (ડૉક્ટર ઓફ મેડિસિન) કે એમએસ (માસ્ટર ઓફ સર્જન)ની ડિગ્રી તરફ દોરી જાય છે, જેનું સંચાલન આઇએમસીસી નિયમન, ૨૦૦૭ દ્વારા થાય છે. અત્યારે ભારતમાં અંડરગ્રેજ્યુએટ સ્તરે યુનાની ચિકિત્સા પદ્ધતિના શિક્ષણ અને તેની તાલીમ પ્રદાન કરતી ૪૨ માન્યતા પ્રાપ્ત કોલેજ છે, જેમાંથી ૮ કૉલેજ પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમની સુવિધા ધરાવે છે. બેંગલોરમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ યુનાની મેડિસિન પોસ્ટ ગ્રેજ્યુએટ શિક્ષણ ઓફર કરે છે અને યુનાની ચિકિત્સામાં સંશોધન હાથ ધરે છે. આ સંસ્થાઓમાં અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટની અનુક્રમે ૧૮૫૧ અને ૧૩૫ બેઠકો ઉપલબ્ધ છે. તાજેતરમાં બેંગલોરમાં રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સીસ હેઠળ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ યુનાની મેડિસિન (એનઆઈ

યુએમ)અને હૈદરબાદની વિજયવાડા યુનિવર્સિટી હેઠળ ગવર્ન્મેન્ટ નિઝામિયા તિબ્બી કોલેજમાં પીએચડી અભ્યાસક્રમ પણ શરૂ થયો છે.

**સ્વાસ્થ્ય સંબંધિત સારસંભાળના ક્ષેત્રમાં ભૂમિકા**

દેશના અંતરિયાળ વિસ્તારોમાં સ્વાસ્થ્ય સારસંભાળ પ્રદાન કરતા ૫૦૪૭૫ રજિસ્ટર્ડ યુનાની ચિકિત્સકો છે. ૨૫૯ યુનાની હોસ્પિટલો છે, જેમાં ૩૭૪૪ ઈનડોર પથારીની સુવિધા છે. સમગ્ર દેશમાં ૧૪૮૩ યુનાની દવાખાના છે. ભારતીય ચિકિત્સા અને હોમિયોપેથી પર વર્ષ ૨૦૦૨માં બનેલી રાષ્ટ્રીય પોલિસી વીમાકંપનીઓ માટે આયુષ હેલ્થકેર સુવિધાની જોગવાઈ કરે છે, જેમાં પ્રાથમિક સારવાર કેન્દ્રોના નેટવર્કમાં યુનાની ચિકિત્સા પદ્ધતિ સામેલ છે. રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય અભિયાન (એનઆરએચએમ) હેઠળ પ્રાથમિક અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રોમાં યુનાની ચિકિત્સા પદ્ધતિ સહિતના ૧૧૬૫૦ આયુષ ડૉક્ટર્સની નિમણૂક કરવામાં આવી છે. યુનાની ચિકિત્સા પદ્ધતિ સહિતના આયુષ ડૉક્ટર્સ પુનઃઉત્પાદકીય અને બાળ સ્વાસ્થ્ય અને શાળા સ્વાસ્થ્ય કાર્યક્રમ વગેરેમાં સંકળાયેલા છે.

**સંશોધન અને વિકાસમાં પ્રગતિ**

યુનાની ચિકિત્સામાં સંશોધન અને વિકાસ મોટા ભાગે સેન્ટ્રલ કાઉન્સલ ફોર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઈન યુનાની મેડિસિન (સીસીઆરયુએમ)ના હાથમાં છે. છેલ્લાં સાડા ત્રણ દાયકાથી આ સંસ્થા આ ક્ષેત્રમાં સંદર્ભ અને ઉપયોગ માટે નોંધપાત્ર વૈજ્ઞાનિક પરિણામો અને સંશોધનો રજૂ કરવામાં અગ્રણી બની રહી છે. સીસીઆરયુએમની સ્થાપના ૧૦ જાન્યુઆરી, ૧૯૭૯ના રોજ થઈ હતી, જેનો હેતુ યુનાની પદ્ધતિ માટે સંશોધનનો આધાર તૈયાર કરવાનો હતો. સીસીઆરયુએમનું વડુંમથક નવી દિલ્હીમાં છે અને દેશના વિવિધ ભાગોમાં તેના ૨૩ કેન્દ્રો કાર્યરત છે.

પરિષદના સંસ્થા નેટવર્કમાં સામેલ છેઃ બે કેન્દ્રિય યુનાની ચિકિત્સા સંશોધન સંસ્થા જેમાં એક હૈદરાબાદમાં છે અને બીજી લખનૌમાં. યુનાની ચિકિત્સાના આઠ પ્રાદેશિક સંશોધન કેન્દ્ર છે, જે ચેન્નાઈ, ભદ્રક, પટણા, નવી દિલ્હી, મુંબઈ, કલકત્તા, અલીગઢ અને શ્રીનગરમાં છે. એક યુનાની ચિકિત્સા સાહિત્ય સંશોધન સંસ્થા નવી દિલ્હીમાં છે. ગાઝિયાબાદમાં દવા ધારાધોરણ સંસ્થા, અલ્હાબાદ અને સિલ્ચરમાં એક-એક યુનાની પ્રાદેશિક ચિકિત્સા સંશોધન કેન્દ્ર, ભોપાલ, બુરહાનપુર, મેરઠ, બેંગલોર, કુર્નૂલ અને ઇડથલા ખાતે છ નિદાન સંશોધન એકમો કાર્યરત છે. નવી દિલ્હીમાં એક દવા ધારાધોરણ સંશોધન કેન્દ્ર છે. અલીગઢમાં રાસાયણિક સંશોધન એકમ છે અને મણિપુરના ઈમ્ફાલમાં એક તબીબી સંશોધન પ્રાયોગિક પ્રોજેક્ટ છે. એક છત હેઠળ યુનાની સારવાર નિઃશુલ્ક પ્રદાન કરવા નવી દિલ્હીમાં મોટી એલોપેથિક હૉસ્પિટલોમાં બે સહસ્થળ કેન્દ્રો કાર્યરત છે.

- ડૉ. રામમનોહર લોહિયા હૉસ્પિટલમાં યુનાની ચિકિત્સા કેન્દ્ર.
- દીનદયાળ ઉપાધ્યાય હોસ્પિટલમાં યુનાની સ્પેશ્યાલિટી સેન્ટર.

નૈદાનિક દવા ચિકિત્સા પ્રવૃત્તિ હેઠળ સીસીઆરયુએમએ દવા ચિકિત્સા કામગીરી હાથ ધરી છે અને ૩૦ રોગોમાં ૧૩૦ એકમાત્ર તત્ત્વની બનેલી દવાઓ અને ૧૨૦ ફોર્મ્યુલેશનના સુરક્ષા મૂલ્યાંકન અભ્યાસો હાથ ધર્યા છે.

સીસીઆરયુએમએ સામાન્ય સિઝનલ રોગો માટે યુનાની દવાઓની કિટ વિકસાવી છે અને આ દવાઓની વૈજ્ઞાનિક અસરકારકતાને માન્યતા આપી હતી. હવે આ દવાઓ રાષ્ટ્રીય સંશોધન વિકાસ નિગમ મારફતે બજારમાં વેચાણ માટે ઉપલબ્ધ છે. સીસીઆરયુએમ સ્વસ્થ વૃદ્ધાવસ્થા પર અભ્યાસો હાથ ધર્યા છે અને વરિષ્ઠ નાગરિકો માટે પેકેજ વિકસાવ્યું છે. કાઉન્સિલે ત્વચા સંબંધિત વિવિધ રોગોમાં યુનાની દવાઓના બહુકેન્દ્રિય પરિક્ષણો પણ કર્યા છે.

**સંયુક્ત સંશોધન**

કાઉન્સિલ દેશમાં વિવિધ વૈજ્ઞાનિક સંસ્થાઓ અને પ્રતિષ્ઠિત મેડિકલ કોલેજ સાથે સંયુક્ત અભ્યાસો કરે છે, જેમાં વિજ્ઞાન અને ઔદ્યોગિક સંશોધન માટેની પરિષદ (સીએસઆઈઆર), એમ્સ, આઈસીએમઆર અને એનઆરડીસી, એનએસીઓ વગેરે જેવી દેશની અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાઓ સામેલ છે.

ભારત સરકારે વૈશ્વિક સ્તરે યુનાની ચિકિત્સા સહિત ભારતીય પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા વિવિધ દેશો સાથે સમજૂતિ કરી છે. આ દૃષ્ટિએ આયુષ મંત્રાલય દ્વારા એપ્રિલ, ૨૦૦૯માં અમેરિકાની મિસ્સિસિપી યુનિવર્સિટીમાં ઈન્ડો-યુએસ સેન્ટર ફોર રિસર્ચ ઈન ઈન્ડિયન સિસ્ટમ્સ ઓફ મેડિસિન (સીઆરઆઈએસએમ)ની સ્થાપના સીમાચિહ્નરૂપ છે. આ માટે આયુષની પહેલનો આશય આઈએસએમ ઉત્પાદનોની સુરક્ષા, કાર્યદક્ષતા અને ગુણવત્તા સંબંધિત વૈશ્વિક પડકારોને પહોંચી વળવાનો છે અને આ વ્યવસ્થાઓમાં વૈશ્વિક કક્ષાના સંશોધન તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકાર્યતાને પ્રોત્સાહન આપવાનો છે. આ કેન્દ્રનો

મુખ્ય હેતુ ભારતીય ચિકિત્સા પદ્ધતિ (આઈએસએમ) પર માહિતીના પ્રસાર અને વૈજ્ઞાનિક માન્યતા સુલભ કરવાનો છે, ખાસ કરીને આયુર્વેદ, સિદ્ધ અને યુનાની ચિકિત્સા પદ્ધતિમાં, જે માટે આયુષ વિભાગ અને અમેરિકાની મિસ્સિસિપી યુનિવર્સિટીના નેશનલ સેન્ટર ફોર નેશનલ પ્રોડક્ટ્સ રિસર્ચ (એનસીએનપીઆર) દ્વારા સંયુક્ત સંશોધન હાથ ધરવામાં આવ્યાં છે.

આયુષ મંત્રાલયે જડીબુટ્ટીઓના છોડના સંરક્ષણ, જતન અને વેપારને ટેકો આપવા અને સંકલન કરવા નેશનલ મેડિસિનલ પ્લાન્ટ્સ બોર્ડ (એનએમપીબી)ની રચના કરી છે. ઉપરાંત ઉત્તરાખંડના મોહનમાં ભારત સરકારનું સાહસ ઇન્ડિયન મેડિસિન્સ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ (આઈએમપીસીએલ) સરકારી દવાખાનાઓમાં દવાઓનો પુરવઠો પૂરો પાડે છે. દેશના ખાનગી ક્ષેત્રમાં ઘણા એકમો યુનાની દવાઓના ઉત્પાદન માટે લાઈસન્સ પણ ધરાવે છે.

**દવાના ધારાધોરણો અને દવાની પેટન્ટ**

સીસીઆરયુએમએ વિકસાવેલી યુનાની દવા ચિકિત્સા સમિતિના ટેકનિકલ માર્ગદર્શન હેઠળ ૨૯૮ સિંગલ (એક જ તત્ત્વમાંથી બનેલી) અને ૧૦૦ સંયોજન દવાઓના ધારાધોરણો સ્થાપિત કરવામાં આવ્યાં છે. ૩૮૫ સંયોજન દવાઓ સાથે યુનાની ચિકિત્સાની ૨૭૭ સિંગલ દવાઓના ધારાધોરણો (પાંચ વોલ્યુમમાં) અને યુનાની ફોર્મ્યુલેશન્સના ભૌતિક-રાસાયણિક માપદંડો (ચાર વોલ્યુમમાં) પ્રકાશિત પણ થયા છે. યુનાની ફાર્માકોપિયા ઑફ ઈન્ડિયા (સિંગલ દવાના ૨૯૮ મોનોગ્રાફના છ વોલ્યુમ અને સંયોજન દવાઓના ૧૦૦ મોનોગ્રાફના બે વોલ્યુમ) પૂર્ણ થયા છે. નેશનલ ફોર્મ્યુલરી ઓફ યુનાની મેડિસિન પાંચ ભાગમાં છે, જે ૧૨૨૦ ફોર્મ્યુલેશનના ધારાધોરણો ધરાવે છે. સીસીઆરયુએમ દ્વારા હાથ ધરવામાં આવેલા સંયોજન પર ભારતીય પેટન્ટ ઓફિસે આઠ પેટન્ટને માન્યતા આપી છે. આ જ ઓફિસમાં પેટન્ટ મેળવવા માટેની ૪૬ અરજીઓ વિચારણા હેઠળ છે.

આ કામના આધારે કાઉન્સિલે બે પ્રકાશનો રજૂ કર્યા છે. ફિઝિકોકેમિકલ સ્ટાન્ડર્ડ્સ ઓફ યુનાની ફોર્મ્યુલેશન્સ નામનું પુસ્તક યુનાની ફોર્મ્યુલા પર વિવિધ પ્રકારની વિગતો આપે છે. આ પુસ્તક ચાર ભાગમાં વહેંચાયેલું છે અને ૩૫૦ સંયોજન યુનાની દવાઓની વિગતો ધરાવે છે. અન્ય એક પુસ્તક સ્ટાન્ડર્ડાઈઝેશન ઓફ સિંગલ ડ્રગ્સ ઓફ યુનાની મેડિસિન પાંચ વોલ્યુમમાં સિંગલ યુનાની દવાઓ પર વિગતો ધરાવે છે, જેના દરેક વોલ્યુમમાં ૫૦ સિંગલ દવાઓના ધારાધોરણો જણાવવામાં આવ્યાં છે. કાઉન્સિલે કેમિસ્ટ્રી ઓફ યુનાની મેડિસિનલ પ્લાન્ટ્સ અને કેમિકલ ઈન્વેસ્ટિગેશન ઓફ સમ કોમન યુનાની મેડિસિનલ પ્લાન્ટ્સના પુસ્તકો પણ પ્રકાશિત કર્યા છે. ૧૯૭૮થી કાઉન્સિલ વિવિધ રાજ્યોમાં અંતરિયાળ જંગલોમાં મનુષ્ય અને વનસ્પતિઓ વચ્ચેના સંબંધ પર શ્રેણીબદ્ધ અભ્યાસ હાથ ધરે છે, ખાસ કરીને આદિવાસી અને વિવિધ જાતિ જૂથો ધરાવતા વિસ્તારોમાં.

કાઉન્સિલ નિદાન સંશોધન અને ફાર્માકોપિયલ ધારાધોરણો માટે વાસ્તવિક સામગ્રી પ્રદાન કરવા વિવિધ વનસ્પતિ-દવાઓના ઉછેરના પ્રયોગ કરે છે. તેમાં આટ્રિલેલ (એમ્મી મેજુલ લિન), ગુલનાર ફારસી, કાસ્ની, બાબ્ચી, સુડાબ, આભલ, અજવાઇન ખુરાસની, અશ્વગંધા, આતીસ, બાશ, ગુલ-એ-અબ્બાસ, કોંચ, મુશ્કદાના, સતાવરી, સોનફ, ગુરમારબુટી, ખાતમી વગેરે સામેલ છે.

પ્રાચીન યુનાની સાહિત્યમાં જડીબુટ્ટીઓના ઉપયોગો સંદર્ભ સાથે રજૂ કરવામાં આવ્યાં છે. આ મહત્ત્વપૂર્ણ સ્રોતોના અવિચારી દોહનથી કેટલીક પ્રજાતિઓના અસ્તિત્વ પર જોખમ ઊભું થયું છે. ફોર્મ્યુલેશનની અસરકારકતા માટે દવાની સચોટ કાચી સામગ્રીની ઉપલબ્ધતા અતિ મહત્ત્વપૂર્ણ છે. ઉપરાંત કેટલીક જડીબુટ્ટીઓ કે દવાઓ પણ છે, જેની ઓળખ વિવાદાસ્પદ છે. આ બાબતને ધ્યાનમાં લઈને હૈદરાબાદમાં સીઆરઆઈયુએમનો ઔષધ બાગ સ્થાપિત કરવામાં આવ્યો છે, જેમાં આશરે ૧૦૦ જેટલી યુનાની ઔષધિઓના છોડ સ્થાપિત કરવામાં આવ્યાં છે અને તેનો હેતુ તબીબી પરિક્ષણોમાં ઉપયોગ થતી જડીબુટ્ટીઓના પ્રદર્શનનો છે.

જડીબુટ્ટીઓને લોકપ્રિય બનાવવા, ખાસ કરીને યુનાની ચિકિત્સામાં ઉપયોગી દવાઓને પ્રચલિત કરવા સીસીઆરયુએમએ અલીગઢ, હૈદરાબાદ, ચેન્નાઈ અને શ્રીનગરમાં તેના કેન્દ્રોમાં આશરે ૧૦૦ જેટલી વનસ્પતિઓના ઉછેર માટે કાર્યક્રમ શરૂ કર્યા છે. દેશના વિવિધ જંગલ વિસ્તારોમાં મનુષ્ય અને વનસ્પતિઓ વચ્ચેના સંબંધના સંશોધન પર આધારિત માહિતી એકત્ર કરવામાં આવે છે અને આ માહિતીને પ્રદેશ મુજબ સાત વિભાગમાં સંગ્રહિત કરાઈ છે (મેડિસિનલ પ્લાન્ટ્સ ઈન ફોકલોર્સ ઓફ નોર્ધન ઈન્ડિયા, સધર્ન ઈન્ડિયા, કાશ્મીર હિમાલયા, નોર્ધન ઈન્ડિયા - ભાગ બે, ઓરિસ્સા - ભાગ બે, સધર્ન ઈન્ડિયા - ભાગ બે).

**ટીકેડીએલ (ટ્રેડિશનલ નોલેજ ડિજિટલ લાઈબ્રેરી – પરંપરાગત જ્ઞાન વીજાણુ પુસ્તકાલય)**

ટીકેડીએલ (ટ્રેડિશનલ નોલેજ ડિજિટલ લાઈબ્રેરી) એ આયુષ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને વિજ્ઞાન અને ઉદ્યોગ સંશોધન પરિષદ (સીએસઆઈઆર)ની મહત્ત્વપૂર્ણ સંયુક્ત પહેલ છે તેમજ રાષ્ટ્રીય વિજ્ઞાન સંવાદ અને માહિતી સંસાધન સંસ્થા (એનઆઈએસસીએઆઈઆર), વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રાલય દ્વારા તેનો અમલ થાય છે, જેનો હેતુ યુનાની ફોર્મ્યુલેશનની ચોરી અને દૂરપયોગ અટકાવવાનો છે.

ટીકેડીએલ આયુષ મંત્રાલય અને વિજ્ઞાન અને ઉદ્યોગ સંશોધન પરિષદ (સીએસઆઈઆર)નો સંયુક્ત પ્રોજેક્ટ છે. વૈશ્વિક ક્ષેત્રે પ્રશંસા પામેલ આ પ્રોજેક્ટનો હેતુ ભારતની પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓના સમૃદ્ધ વારસાને જાળવવાનો, તેને સંવર્ધિત કરવાનો અને તેની વિશેની ખોટી માન્યતાઓ દૂર કરવાનો છે. ટીકેડીએલમાં યુનાની ચિકિત્સાની ૧,૫૪,૦૧૫ ફોર્મ્યુલાની વિગતો ઉપલબ્ધ છે.

**યુનાની દવા ઉદ્યોગ**

ભારત સરકારના સાહસ ઈન્ડિયન મેડિસિન ફાર્માસ્યુટિકલ કોર્પોરેશન લિમિટેડ (આઈએમપીસીએલ) ઉપરાંત યુનાની દવાઓના ઉત્પાદન માટેના લાઇસન્સ, ૪૮૫ ફાર્મસી ઉત્પાદન એકમો ધરાવે છે. યુનાની દવાઓના ઉત્પાદન અને વેચાણનું નિયમન દવા અને કોસ્મેટિક ધારા, ૧૯૪૦ હેઠળ થાય છે, જેમાં ઉત્પાદનની ગુણવત્તાયુક્ત કામગીરીની શરતોનું પાલન કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. દવાના ધારાધોરણોની સ્થાપના ફાર્માકોપિઅલ લેબોરેટરી ફોર ઈન્ડિયન મેડિસિન (પીએલઆઈએમ), ફાર્માકોપિયન કમિશન ઓફ ઈન્ડિયન મેડિસિન (પીસીઆઈએમ), યુનાની ફાર્માકોપિયા કમિટી (યુપીસી) અને સીસીઆરયુએમ જેવી સક્ષમ સંસ્થાઓ દ્વારા થાય છે.

**વૈશ્વિક પરિદૃશ્ય**

યુનાની ચિકિત્સા પદ્ધતિ વિશ્વના વિવિધ વિસ્તારોમાં જુદાં જુદાં નામે લોકપ્રિય છે :

- ભારત, બાંગ્લાદેશ, શ્રીલંકા અને દક્ષિણ આફ્રિકા - યુનાની ચિકિત્સા કે યુનાની તિબ્બ
- ઈરાન – તિબ્બ-એ-સુન્નતી (પરંપરાગત ચિકિત્સા)
- પાકિસ્તાન – પૂર્વીય ચિકિત્સા
- ચીન – યુયગર ચિકિત્સા
- સંયુક્ત આરબ અમીરાત – પરંપરાગત પૂરક અને વૈકલ્પિક ચિકિત્સા (ટીસીએએમ)
- કુવૈત – ઈસ્લામિક ચિકિત્સા

**ઉપસંહાર**

યુનાની ચિકિત્સા પદ્ધતિ સંપૂર્ણ છે અને રોગને ઘટાડવા કે તેના પર નિયંત્રણ સ્થાપિત કરવાના અભિગમને બદલે સંપૂર્ણ વ્યક્તિત્વને ધ્યાનમાં લે છે. તે ચિકિત્સાની મહાન કળા તેમજ વિજ્ઞાન છે, જેના સિદ્ધાંતો, પ્રકૃતિના ફિલસૂફી તેમજ દવાનો અભ્યાસ મનુષ્યનું સ્વાસ્થ્ય જાળવવા માટે સૌથી વધારે ઉપયોગી છે.

ભારત વિવિધતાનો દેશ છે. તેની હેલ્થકેર વ્યવસ્થા સ્વાસ્થ્ય સંબંધિત માહિતી અને અભ્યાસ એમ બંને વ્યવસ્થામાં વિવિધતાને પ્રતિબિંબિત કરે છે. ભારતમાં સંયુક્ત ચિકિત્સા પદ્ધતિનું વિશિષ્ટ મોડલ રચવા યુનાની ચિકિત્સા પદ્ધતિ પરંપરાગત ચિકિત્સા પદ્ધતિ અને અન્ય આયુષ વ્યવસ્થાઓ સાથે સહઅસ્તિત્વ ધરાવે છે. યુનાની ચિકિત્સા પદ્ધતિ વિસ્તૃત ચિકિત્સા પદ્ધતિ છે, જે શરીરની વિવિધ સ્થિતિ સાથે સંબંધિત છે. ચિકિત્સાવિજ્ઞાનના અને યુનાની ચિકિત્સા પદ્ધતિના પિતા ગણાતા હિપ્પોક્રેટ્સે શરીરમાં થતા રોગો વિશેની અંધશ્રદ્ધાઓ દૂર કરી હતી અને ૧૯મી સદી સુધી આધુનિક ચિકિત્સા પદ્ધતિમાં તેમની સલાહને સારી રીતે સ્વીકારવામાં આવી હતી. જ્યારે આરબો અને પર્શિયનોએ મૂળભૂત સિદ્ધાંતો અને મૂળ પ્રેક્ટિસ વિકસાવી હતી, ત્યારે ભારતીય વિદ્વાનોએ તેને સમજાવી હતી અને અજોડ રીતે લાગુ કરી હતી. યુનાની ચિકિત્સા પદ્ધતિ ભારતીય ચિકિત્સા પદ્ધતિઓમાં સારી રીતે ભળી ગઈ છે. યુનાની અને આયુર્વેદ વચ્ચે માહિતીનું આદાનપ્રદાન થયું હતું. આયુર્વેદના અનેક સિદ્ધાંતો યુનાનીમાં અસરકારક પુરવાર થયા હતા. ભારતીય વિદ્વાનોની સતત રચનાત્મકતા હકીમ આઝમ ખાનના વિકસતા એન્સાયક્લોપેડિયા અને હકીમ અજમલ ખાન દ્વારા સંશોધન વિકાસનો પુરાવો છે. તેણે યુનાનીને ભારતીય વારસો બનાવવામાં મદદ કરી હતી.

યુનાની ચિકિત્સા પદ્ધતિ ભારતમાં લાંબા સમયથી પ્રભાવશાળી સારવારનો રેકોર્ડ ધરાવે છે. અત્યારે યુનાની ચિકિત્સા પદ્ધતિના અભ્યાસનો સવાલ છે ત્યાં સુધી ભારત અગ્રણી દેશોમાં સ્થાન ધરાવે છે. તે સુવિકસિત શૈક્ષણિક સંસ્થાઓનું વ્યાપક નેટવર્ક ધરાવે છે, વિસ્તૃત હેલ્થકેર સુવિધાઓ, અત્યાધુનિક સંશોધન અને ગુણવત્તાયુક્ત દવા ઉત્પાદનની સુવિધાઓ પણ ધરાવે છે. ભારત એવા તબક્કામાં પહોંચી ગયું છે, જ્યાં યુનાની ચિકિત્સા પદ્ધતિ માટે સહકાર અને ટેકા માટે અનેક દેશો આગળ આવી રહ્યાં છે. ઉપરોક્ત હકીકતોને ધ્યાનમાં રાખીને કહી શકાય કે યુનાની ચિકિત્સા પદ્ધતિમાં ભારત વિશ્વમાં અગ્રણી છે અને તે પુરવાર પણ થયું છે.

**લેખક નવી દિલ્હી સ્થિત ભારત સરકારના આયુષ મંત્રાલયમાં સી.સી.આર.યુ.એમ.માં ડિરેક્ટર જનરલ (યુનાની) છે.**

# વૈકલ્પિક ઉપચારમાં સમૂહ માધ્યમોની ભૂમિકા

• મિત્તલ રાજગોર •


ભારતમાં બ્રિટિશ શાસન વખતે આધુનિક વૈજ્ઞાનિક સારવાર પદ્ધતિઓએ પગ-પેસારો કર્યો અને આજની વૈકલ્પિક ગણાતી અને એ 'કાળ'ની પરંપરાગત સારવાર પદ્ધતિઓ ઠપ્પ થઈ ગઈ. ૨૧મી સદીમાં પૂર્વ અને પશ્ચિમ દેશો દ્વારા હવે એ વૈકલ્પિક ઉપચાર પદ્ધતિઓ પૂરપાટ પ્રસાર-પ્રચાર થઈ છે.

ડૉ. ડેવિડ, ફ્રાઉલે (પંડિત વામદેવ શાસ્ત્રી) જેઓ અમેરિકન ઇન્સ્ટિટ્યૂટ ઑફ વેદિક સ્ટડીઝના (વૈદિક અભ્યાસ સંસ્થા) નિર્દેશક છે. 'યોગ અને આયુર્વેદ' અંગે એમણે અત્યાર સુધી લખેલા ત્રીસ પુસ્તકોમાં સૌથી વધુ વાચન-માન્યતા પ્રાપ્ત કરેલ છે. તેમના પુસ્તકો વિશ્વભરમાં ૨૦ ભાષાઓમાં ઉપલબ્ધ છે. યોગ, આયુર્વેદ અને વૈકલ્પિક માધ્યમો દ્વારા સમાજ-સ્વસ્થતાના કુશળ અભ્યાસુઓમાં દાયકાઓથી કાર્યરત એવા ડૉ. ડેવિડ, નવેમ્બર ૨૦૧૪, મોરારજી દેસાઈ રાષ્ટ્રીય યોગ વિદ્યાલય ખાતેના એક ભાષણમાં જણાવે છે કે હિરણ્યગર્ભ પરંપરામાંથી મળેલ યોગ દર્શન અને તેના યોગસૂત્રોના ઉપયોગ, ઉપચાર અને જ્ઞાનનું ઘેલું પશ્ચિમી દેશોને લાગ્યું છે, "હું એ પશ્ચિમી ચળવળનો સાક્ષી અને પ્રોત્સાહક છું." તેઓ જણાવે છે કે વિશ્વભરમાં વૈકલ્પિક સારવાર સંસ્કૃતિનો ઇતિહાસ ક્યાંક ૩ થી ૫ હજાર તો ક્યાંક ૬ હજાર વર્ષથી પણ વધારે જૂનો છે. અરબ, યુરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ગ્રીસ-રોમ, ઇજીપ્તમાં પણ આ સારવાર સંસ્કૃતિઓ સ્વીકૃત છે. ઇન્ટરનેટ ઓડિયો-વીડિયો સીડી, ઓનલાઇન વૈકલ્પિક દવાઓની તકનિકો, નિદર્શન, ધ્યાન-યોગ અને વૈકલ્પિક ઉપચાર પામતા દર્દીઓના અનુભવ, વ્યાયામની રજૂઆત અને ચર્ચા, સાહિત્યસભર બ્લોગ આ ક્ષેત્રે વાચકોને આકર્ષી, વિશ્વસનિયતા કેળવી, જાગૃતિ આપી તેમજ માહિતગાર કરી રહ્યા છે. ઘણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ 'રાજયોગ, ધ્યાન, જીવનપદ્ધતિમાં સુધાર, દિવ્ય-ચિકિત્સા, હકારાત્મક વિચાર પ્રભાવ જેવા વિષયો પર સમાજ-માનસ ઘડતરનું કામ કરી રહી છે.

છેલ્લા એક દાયકામાં ગુજરાત મેડિકલ પ્રવાસન ક્ષેત્રે અને ભારતમાં કેરળ, કોંકણ, મધ્યપ્રદેશ જેવા રાજ્યો વૈકલ્પિક સારવાર ક્ષેત્રે જગવિખ્યાત થયા. આ વિકાસની સમાંતર પ્રક્રિયામાં તબીબી વ્યવસાય ગેરરીતિઓમાં સમૂહ-માધ્યમો દ્વારા પ્રકાશમાં આવવા લાગ્યો, જેમાં ખાનગી મેડિકલ અભ્યાસની મોંઘીદાટ શિક્ષણ પદ્ધતિથી ખાનગી મેડિકલ કૉલેજોનો રાફડો, તબીબી દવાખાના ચલાવનાર ડૉક્ટરોની વ્યાવસાયિક દાનત-બરકત અને વલણના વિવિધ વરવા કિસ્સાઓથી મીડિયા છલકાવવા લાગ્યું. તબીબી ક્ષેત્રની કોમર્શિયલ દષ્ટિએ વિશ્વનકશા પરથી વિદેશી દર્દીઓને, પંચતારક જેવી સુવિધાઓ સાથે આવકાર્યા. તબીબી વ્યવસાય પ્રત્યેનો વિશ્વાસ, સન્માન ગુમાવ્યા. ડૉક્ટર એટલે 'દેવ-દૂત' જેવા ખ્યાલોનો બ્રહ્મ તૂટતો ચાલ્યો, ગરીબો માટે દવા કે ડૉક્ટર એ દુર્લભ બનતા ચાલ્યા. બીનજરૂરી ફેક સર્જરી, બીનજરૂરી રિપોર્ટ્સ, ફાર્મા કંપનીઓની માનવ-પ્રયોગશાળા, મોંઘીદાટ દવાઓ, મેડિક્લેઇમ્સના મોકળા મેદાન, જેનરીક દવાઓની અછત, દર્દીના અવયવોના વેચાણ જેવા ઘણા કિસ્સા સમૂહ-માધ્યમો દ્વારા જનમાનસ સુધી લાવવામાં આવ્યા.

આજે રોગથી ઇલાજના ખર્ચથી સમાજમાં ભય, અસંતોષનો વ્યાપ થતા અન્ય રીતો થકી ઉપચાર-ઇલાજની ખેવના ખૂલી અને Back to besics તરફ વળવાનો સમય પાકી ગયો હોય તેમ લોકો વૈકલ્પિક સારવાર અને દવા પદ્ધતિને વર્યા.

ભારતમાં હોલીસ્ટીક મેડિકલ ચળવળના પ્રણેતા ડૉ. સુરેશકુમાર અગ્રવાલ જેઓ Indian Board of Alternative Medicineના સ્થાપક-શોધક અને પ્રમુખ છે. Indian Board of Alternative Medicineની સ્થાપના ૧૮૬૦માં થઈ હતી. છેલ્લા વીસેક વર્ષમાં AMની વ્યાખ્યામાં કેટલીક વર્તણૂક પરિવર્તનની તકલીફોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારત ખાતે હોલીસ્ટીક હીલીંગના પ્રસાર-પ્રચાર સેવા માટે ૧૯૯૪માં કોલંબો આંતરરાષ્ટ્રીય મુક્ત વિશ્વ વિદ્યાલય દ્વારા તેમને D.SC Honorica Causa એનાયત કરવામાં આવી, તેઓ આંતરરાષ્ટ્રીય શિક્ષણસમૂહ અને વિશ્વ શાંતિ સંસ્થાના વડા છે અને દેશ-વિદેશમાં હોલીસ્ટીક હીલીંગ વિષયક જ્ઞાન-માર્ગદર્શન, નિદર્શન પૂરું પાડતા રહે છે. ૨૦૦૬માં હાથ ધરાયેલ અમેરિકન જર્નલ ઓફ પબ્લીક હેલ્થના સર્વેક્ષણ મુજબ વૈકલ્પિક ઉપચાર સાધતા યુ.એસ. નાગરિકોનાં સ્વાસ્થ્યમાં જોવા મળ્યો ઝડપી વિકાસ.




ભારતમાં તાજેતરમાં HIVની સારવાર આયુર્વેદ અને નેચરોપથીથી કરવા માટે પબ્લીક ઇન્ટરેસ્ટ લીટીગેશન (PIL) કરવામાં આવી હતી. HIV એ જીવનનો અંત નથી અને એ જીવલેણ રોગ સાધ્ય છે, વૈકલ્પિક સારવાર દ્વારા એનો પ્રચાર હાથ ધરવો જોઈએ. સરકારના 'આયુષ' વિભાગ દ્વારા આ જરૂરી પ્રચાર-પ્રસાર દર્દી HIVની ભારતના દરેક રસોડાનું બીજું સ્વરૂપ ઉપચારકેન્દ્ર છે. ભારતીય રસોડું એ 'કીચન ડીસ્પેન્સરી' છે. શરદી, તાવ, કફ, ઉધરસ, ગેસ જેવી અને ઉચિત પરિસ્થિતિ માટે હાથવગા મસાલામાં, હળદર, લસણ, અજમો, મેથી, હીંગ, લવિંગ, તજ, તલ, ઇલાયચી જેવી અઢળક ઔષધિઓ છે, જે રોજિંદા વપરાશનો સામાન છે. ભારત ખાતે સદાકાલીન સ્વસ્થતા આપનાર 'ચ્યવન ઋષિનું ચ્યવનપ્રાશ' છે, શુસુતની શલ્યવિદ્યા છે, ચરકની આયુર્વેદ માર્ગદર્શિકા છે અને પતંજલીના યોગ-પાઠ છે. ચિર-આયુ કરતા સ્વસ્થ આયુ એ આજના તનાવપૂર્ણ તકનિકી યુગની માંગ છે. આ માંગની પૂર્તિ કરવા AYUSH 'આયુષ' સક્રિય છે.

આયુ એટલે જીવન અને વેદ (જીવનના વિજ્ઞાનનું જ્ઞાન/અર્થ). માર્ચ ૧૯૯૫માં શરૂ કરાયેલ ભારતીય દવા પદ્ધતિ અને હોમીયોપથી વિભાગ (ISM & H) Department of Indian System of Medicine and homeopathy ને ૨૦૦૩માં નવું નામ આપવામાં આવ્યું, જેમાં આયુર્વેદ, યોગ, નેચરોપથી, યુનાની, સિધ્ધ અને હોમીયોપથીનો સમાવેશ થયો. AYUSH - જે હવે એક સ્વનિર્ભર મંત્રાલય તરીકે કાર્યરત છે. આ મંત્રાલય દ્વારા વૈકલ્પિક દવાઓના ઉત્પાદનની ગુણવત્તા, સંશોધન, વિકાસ, જાગૃતિ, ફેલાવો, અસરો અને માપદંડો જેવી બાબતો પર ધ્યાન આપવામાં આવે છે. જેની કામગીરી વૈશ્વિક સ્તરે વિસ્તાર ધરાવે છે. યુએન દ્વારા ૨૧ જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે વિશ્વભરમાં ઓળખવામાં આવે છે. માનસિક-સામાજિક અસરોથી હળવા રાખી શકે છે. વિશ્વભરમાં ૧૦૦ ઉપરાંત વૈકલ્પિક દવા-પદ્ધતિ પ્રચલિત છે. દરેક પ્રદેશ, વિસ્તારની એક આગવી પારંપરિક સારવાર પદ્ધતિ છે. ચાઈનીઝ પ્રજાને એક્યુપંચર, ફ્રેન્ચ પ્રજાને લોહચૂંબક પદ્ધતિ, જર્મન પ્રજાને હેલીપ્રાક્સીસ, અંગ્રેજોને હર્બલિઝમ, ભારતીયોને આયુર્વેદ અને જાપાનમાં શૈતશુ પદ્ધતિ પ્રજાએ આત્મસાત કરી છે. ભારતના અમુક રાજ્યો - ખાસ કરીને દક્ષિણ ભારત અને થાઈલેન્ડ એ મસાજ માટે વિશ્વપ્રવાસીઓમાં, રિલેક્સેશન થેરાપી માટે પ્રિય છે. આ પ્રદેશોના પર્યટન માર્કેટિંગ અને વિકાસ માટે 'સ્પા' અને 'મસાજ' પ્રસિદ્ધ છે.

માધ્યમોની ભૂમિકામાં રેડિયોના પ્રદાનની વાત કરીએ તો નાઈજીરીયાના ઓસુન રાજ્યમાં, જે. દ્રદિત નામના સંશોધકે એ રાજ્યની હૉસ્પિટલમાં ૮૧૨ દર્દીઓનો સર્વેક્ષણ કર્યો, એ જાણવા કે તેમને વૈકલ્પિક દવાઓ વિશે માહિતી છે કે નહીં, કદી તેમનો ઉપયોગ કર્યો છે કે નહીં, સર્વેક્ષણના પરિણામોમાં ૭૩૪ (૯૦.૪) ટકા વૈકલ્પિક દવા-પદ્ધતિથી માહિતગાર હતા. ૬૩૪ (૯૪.૨) ટકા તેની બનાવટ વિશે જાણતા હતા. ૬૧૬ (૮૫) ટકા પરંપરાગત આયુર્વેદ/ચાર્યો હતા અને ૭૩૪ (૫૪.૬) ટકા લોકો તે સમયે વૈકલ્પિક દવા પદ્ધતિમાંથી પસાર થઈ રહ્યા હતા.

જીવનના વિજ્ઞાનનું જ્ઞાન રેડિયો કાર્યક્રમના માર્ગદર્શનથી, વૈકલ્પિક દવા અપનાવીને બ્રેસ્ટ કેન્સરના દર્દમાંથી સાંગોપાંગ ઉતરનાર સરાહ શેલ્ટોન કહે છે, મને એક નહીં બે વખત કેન્સર ડિટેક્ટ થયું અને બીજીવાર ખૂબ ભયજનક પરિસ્થિતિમાં હું હતી. મારે ફરી વખત રેડિયોએક્ટિવ થેરાપીથી પસાર થવું પડતું.

મેં મારા મનને મજબૂત કર્યું અને હકારાત્મક અભિગમ સાથે લાઉસી હે ને મળી જેમનું પુસ્તક મેં વાંચેલું. કેન યુ ફીલ યોર લાઈફ ? મને ખૂબ હકારાત્મક ઊર્જા મળી, મને કોઈએ કેટ જેમ્સનો પરિચય કરાવ્યો, જેઓ આંતરિક શક્તિઓનો વિકાસ કરાવે છે. વૈકલ્પિક થેરાપી/દવા-ખોરાક દ્વારા તેમણે મને મશરૂમ્સ, ચાઈનીઝ દવા, ઔષધિ, કાચો આહાર, ધ્યાન, એક્યુપંચર (ચાઈનીઝ), ફળાહાર વગેરેનું યોગ્ય-સમયાંતરે સેવન કરવા કહ્યું. આ ચાર મહિના બાદ પરિવર્તન દેખાડવા લાગ્યું. મને શ્રદ્ધા વધી કે મારી તબિયત સુધરી રહી છે. મારી ઉંમર ૪૮ વર્ષની છે અને હું મારી જાતને સદનસીબ માનું છું.

અન્ય એક બ્રેઈન ટ્યુમર દર્દી (મગજની ગાંઠ), હનાફ બ્રેડલી (લંડન)ને ૨૦૧૧માં બ્રેઈન ટ્યુમર જાહેર થયું ત્યારે તેણી ૨૮ વર્ષની હતી. તેની ગાંઠને રેડિયોથેરાપી આપવામાં આવતી, તે પીડાદાયક હતું. મને કોઈએ ડૉ. બુરઝીન સ્કીનને બ્રિટનમાં મળવા કહ્યું. મારા માટે આ ખૂબ ખર્ચાળ હતું. કોમ્યુનિટી રેડિયો દ્વારા મને માનસિક અને આર્થિક ટેકો મળ્યો, પણ તેમની વૈકલ્પિક સારવારના સાત અઠવાડિયા દરમિયાન જ મારી મગજ ગાંઠ ઘટતી જણાઈ અને તે પછીના ૧૮ મહિનાની સારવારમાં ઓગળી ગઈ. હું નથી જાણતી કે શું દરેકનો આ જ અનુભવ હશે, પણ મને વિકલ્પ શોધવાથી અવશ્ય જીવનદાન મળ્યું છે.

ગલ્ફન્યૂઝની એક મીડિયા ચેનલે, વૈકલ્પિક દવાઓ અને તેના વ્યાપ વિશે કેટલાક નિષ્ણાતોને પૂછ્યું અને ડૉ. મારીયા રીઆડો એલોન્સો જે ચીની દવાઓ થકી દર્દીઓની પીડા દૂર કરે છે, તેમણે જણાવ્યું કે ૨૦૦૯થી પ્રતિવર્ષ મારા દર્દીઓની સંખ્યામાં ૩૦ ટકાનો વધારો થયો છે. લોકો ખૂબ વિશ્વાસથી આનું સેવન કરવા ઈચ્છે છે અને તેમને આ સારવાર પદ્ધતિ વિશે સારી એવી માહિતી પણ હોય છે.

નેચરોપથી તબીબ ડૉ. પરવીઝ રશવંદ "આજની તનાવપૂર્ણ જીવનશૈલીમાં - હોલીસ્ટીક અભિગમ ઘણો પરિણામજનક સાબિત થયો છે." જડ-મૂળથી માનસ અને શરીર સુખાકારીનું કારણ છે. ચંદી જર્યોજ, જેઓ દુબઈમાં સુવિખ્યાત આયુર્વેદાચાર્ય છે, તેઓ કહે છે મેડિકલ સાયન્સ ઘણા રોગોને જડ-મૂળથી નાથવામાં અને ઈલાજ દરમિયાનની પીડા કે આડ-અસર નાથવામાં અસક્ષમ રહ્યું છે, યુ.એ.ઈ.માં લોકોને આ વાત જાણે ખૂબ સારી રીતે ઘર કરી ગઈ હોય તેમ ૨૦૦૫થી હું સતત દર્દીઓનો ઝૂકાવ જોઉં છું. હોમીયોપથી નિષ્ણાત ડૉ. મુકેશ બત્રાએ કહ્યું કે, "હોમીયોપથીને ૨૦૦૧માં માન્યતા મળી, જ્યારે આ પૂર્વે પણ વર્ષોથી હોમીયોપથીમાં શ્રદ્ધા ધરાવનાર દર્દીઓ તો હતા જ. ભારત દેશ તેમજ વિદેશમાં ચાલતા મોટાભાગના લોકલ મીડિયા, મુખ્યત્વે રેડિયો દ્વારા વૈકલ્પિક સારવાર અને દવાઓના ફાયદા આધારિત કાર્યક્રમો ખૂબ તૈયાર કરાય છે. નેપાળમાં તાજેતરમાં એક કોમ્યુનિટી રેડિયો, જે Alternative Medicine પર કેન્દ્રિત છે એવા રેડિયોને લાયસન્સ પ્રાપ્ત થયું છે.

ભારતમાં જ્યાં હજુ પણ ગરીબી, અંધશ્રદ્ધા, બેરોજગાર, સામાજિક અસમાનતાઓ, ઓછા સ્વાસ્થ્ય કેન્દ્રો અને ઉપચાર સ્ત્રોતોની અછત છે ત્યાં વૈકલ્પિક દવાઓ અને સારવાર પદ્ધતિના પ્રચાર-પ્રસારને ખૂબ અવકાશ છે, તાતી જરૂર છે. માનવશરીર એક એવું યંત્ર છે જે યંત્રજગત માટે અહો આશ્ચર્યમ્ છે. તેમાં સ્વ-સંચાલન, સ્વ-નિયંત્રણ, સ્વ-સુધારકામ અને સ્વ-સંકલનની ક્ષમતા છે. આ યંત્રના પણ કેટલાક Do's અને Dont's છે. બસ, જો એ બરાબર અમલમાં મૂકાય તો આ યંત્રને બાહ્ય કોઈ વિકલ્પની જરૂર નથી. આમ પણ સ્વસ્થતાથી શ્રેષ્ઠ વિકલ્પ બીજો કયો હોઈ શકે ?

**Reference :**


- http://ww.completeherbal guide.com/p/history of alternative medicine.html
- http://vedanet.com/2014/11/23/ayervedic implications of yoga sutras of patanjali/
- http://www.hindupedia.com/en/The Significan of Mantra in Ayerveda
- http://nccih.nih.gov/health/ayurveda/introduction.htm
- 'ઔષધિગાન' - લેખક કવિશ્રી નરહરિભાઈ ભટ્ટ
- http://altmedworld.net/alternative.htm
- http://nccin.nir.gov/health/intergrative health
- www.pollynoble.com
- http://www.commonwealth fund.org/ Publications / in the literature / 2006 / apr / Complementary and alternative medical therapy use among chinese and vietnamese - americans.


**લેખિકા મુક્ત પત્રકાર છે.**

# આર્થિક વિકાસમાં પ્રવાસનની ભૂમિકા

• પ્રેમ સુબ્રમણ્યમ્ •

કોઈ પણ દેશના આર્થિક વિકાસમાં પ્રવાસન ક્ષેત્ર અત્યારે નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. સર્વસમાવેશક વૃદ્ધિ સાથે દેશના આર્થિક વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કરવા ભારત તેના પ્રવાસન ક્ષેત્રમાં રહેલી સંભવિતતાનો ખરા અર્થમાં ઉપયોગ કરી શક્યું નથી. પણ હવે નવી સરકારે પ્રવાસન ક્ષેત્રને વિકસાવવા નવી પહેલો આદરી છે. ૧૨મી પંચવર્ષીય યોજનામાં આંતરરાષ્ટ્રીય વિદેશી પ્રવાસીના આગમન અને વિદેશી ચલણની આવક પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે અને સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંગઠન દ્વારા સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો અને ટકાઉ વિકાસ લક્ષ્યાંકોને સુસંગત રીતે પ્રવાસનની ભૂમિકા સંકલિત કરવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. ૧૨મી યોજના મુજબ, ''દેશનો ઝડપી, વધુ સર્વસમાવેશક અને ટકાઉ વિકાસ કરવા બારમી યોજનાના હેતુઓ પાર પાડવામાં મદદ કરવાની પ્રવાસન ક્ષેત્રમાં ઘણી બધી સંભવિતતા રહેલી છે. વધુ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે, આ ક્ષેત્ર ગરીબી દૂર કરવા માટેનું અસરકારક માધ્યમ છે. ગરીબો ચીજવસ્તુઓ અને સેવાઓ બજારમાં ગ્રાહકો સુધી પહોંચાડી શકતા નથી, પણ પ્રવાસન ક્ષેત્રનો વિકાસ થવાથી તે જ ચીજવસ્તુઓ અને સેવા મેળવવા ગ્રાહકો તેમના આંગણે આવે છે. તેનાથી વચેટિયાની જરૂરિયાત ઘટી જાય છે અને તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થાય છે. જોકે સપ્લાય અને માગ એમ બંને પાસાની મર્યાદા દૂર થઈને ભારતીય પ્રવાસન ક્ષેત્રની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મકતામાં વધારો થાય તો જ આ શક્ય છે. ભારત આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની સાથે મોટું સ્થાનિક પ્રવાસન બજાર પણ ધરાવે છે. યોગ્ય લોકો વિવિધ ઉત્પાદનોની કિંમતો સાચા અર્થમાં મેળવે તે માટે દેશની મોટી સ્થાનિક પ્રવાસન સંભવિતતાને વિકસાવવાની જરૂર છે. પ્રમાણભૂત, આંતરરાષ્ટ્રીય ઉત્પાદનોથી સ્થાનિક બજારનો વિકાસ નહીં થઈ શકે. હકીકતમાં વિદેશી પ્રવાસીઓ ભારતમાં વિવિધ અનુભવો મેળવવા આવે છે, જેમાં ભવ્ય અને શાહી ચીજવસ્તુઓથી લઈને આધ્યાત્મિકતા સામેલ છે. આ માટે ઉત્પાદનોનું નવીનીકરણ કરવાની જરૂર પડશે. એટલે પુરવઠાના પક્ષે નવા પ્રવાસન ઉત્પાદનોની ઓળખ કરવાની અને સામુદાયિક સહભાગિતાની પ્રક્રિયા મારફતે વિસ્તૃત માળખાકીય અને નાણાકીય યોજના મારફતે પ્રવાસન સ્થળોની સર્કિટ બનાવવાની જરૂર છે. આ માટે પ્રવાસીઓને વિવિધ સેવા પ્રદાન કરવા માનવીય સંસાધન કૌશલ્યોનું નિર્માણ કરવું પડશે. તે જ રીતે માગ ઊભી કરવા બહુમુખી અસરકારક પ્રવાસન માર્કેટિંગ વ્યૂહરચના બનાવવી પડશે, જે માટે માહિતીની વિસંગતતા દૂર કરવી પડશે અને બ્રાન્ડ ઈન્ડિયા ઊભી કરવી પડશે. આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળની પસંદગીમાં કિંમત મહત્ત્વપૂર્ણ નિર્ણાયક પરિબળ હોવાથી પ્રવાસીઓ પર કરવેરાઓનું વધારે પડતું ભારણ નાંખવું હિતાવહ નથી. એટલે આંતરરાષ્ટ્રીય ધારાધોરણો મુજબ પ્રવાસન વેરાનું માળખું તાર્કિક બનાવવું જોઈએ. પ્રવાસન સર્કિટ અને બ્રાન્ડ ઈન્ડિયાના વિકાસ માટે વિસ્તૃત યોજનાના અમલીકરણ માટે જવાબદારીઓ સરકારના વિવિધ વિભાગો વચ્ચે વહેંચવી જોઈએ અને તેમાં ખાનગી ક્ષેત્રને ભાગીદાર બનાવવું જોઈએ. આ કારણે પારદર્શક અને અસરકારક નીતિ અને નિયમન માળખું સ્થાપિત કરવું, યોગ્ય પ્રોત્સાહક માળખું અને વિવિધ હિતધારકો વચ્ચે અસરકારક સંકલન સ્થાપિત કરવાની જરૂર છે. બારમી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૧૭)માં પ્રવાસન મંત્રાલય માટે કુલ રૂ. ૧૫,૧૯૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેમાં આઈઈબીઆરના રૂ. ૧૫૫ કરોડ સામેલ નથી.''

જ્યારે આપણી યોજના પ્રક્રિયામાં હંમેશા વૈશ્વિક ધારાધોરણોને અપનાવવામાં આવે છે, ત્યારે આપણે પ્રવાસન ક્ષેત્રમાં નક્કી કરેલા લક્ષ્યાંકો પૂર્ણ કરવા માટે અપનાવેલી પ્રક્રિયાનો અમલ કરવામાં અત્યંત નબળા પુરવાર થયા છીએ. સુશાસન માટે સાર્વત્રિક રીતે સ્વીકાર્ય મંત્ર મજબૂત માપ અને મૂલ્યાંકન માપદંડો હોય છે અને ''આપણે શું માપી

નહીં શકાય, શું મેનેજ નહીં કરી શકાય તેની આપણે સ્પષ્ટ ઓળખ કરી જ નથી.''

ચાલો એક ઉદાહરણ રાત્રિરોકાણની માન્યતા ધરાવતા રૂમ અને હોટેલ્સ અને પ્રવાસન મંત્રાલયે પ્રવાસન આંકડાના સહસબંધો વિશે જાહેર કરેલી માહિતી જોઈએ. વર્ષ ૨૦૧૩ના અંતે ભારતમાં માન્યતા ધરાવતા હોટેલ રૂમ ૧૨૪૨ હોટેલ્સમાં ફક્ત ૭૬૮૫૮ હતા. જો આખું વર્ષ આ તમામ રૂમ ભરાયેલા રહે તો કુલ ઓક્યુપન્સી રેટ ૭૬૮૫૮ x ૩૬૫ એટલે કે ૨.૮ કરોડ થાય. આપણે ત્યાં દર વર્ષે સરેરાશ ૭૦ લાખ વિદેશી પ્રવાસીઓ અને ૧૧.૪૭ કરોડ સ્થાનિક પ્રવાસીઓ રહે છે. આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ રૂ. ૫૧૫૮૭ કરોડ ખર્ચે છે એટલે એક વિદેશી પ્રવાસી સરેરાશ રૂ. ૭૩,૭૦૦ ખર્ચે છે. (ભારતીય પ્રવાસન ક્ષેત્રના આંકડા ઉડતી નજર – ૨૦૧૩)

જો આપણે આ ડેટા પરથી અનુમાન લગાવીએ અને એચવીએસ એફએચઆરએઆઇ વાર્ષિક સરવે સાથે સરખામણી કરીએ, તો સંગઠિત હોટેલ ક્ષેત્ર ૨૦ ટકાથી ઓછો આંતરરાષ્ટ્રીય ટ્રાફિક અને ફક્ત ૦.૦૫ ટકા સ્થાનિક ટ્રાફિકનું સંચાલન કરે છે. જો આ સાચું હોય, તો પછી અસંગઠિત ક્ષેત્રને નિયમનકારી માળખામાં લાવવું જોઈએ અને તેને આપણા પ્રવાસન ક્ષેત્રનો મહત્ત્વપૂર્ણ હિસ્સો બનાવવો જોઈએ. જો આપણે અન્ય દેશોના પ્રવાસન ક્ષેત્રના આંકડા જોઈએ અને વિગતોને સામેલ કરીએ તો આપણે ઘણી લાંબી મજલ કાપવાની છે તે સમજાશે. આંતરરાષ્ટ્રીય સ્તરનું પ્રવાસન ક્ષેત્ર વિકસાવવા આપણે ઘણો બધો સુધારો કરવાની જરૂર છે તેનો અહેસાસ પણ થશે. આપણે પ્રવાસીની મુલાકાતના વિવિધ તબક્કામાં ઘણી બધી માહિતી એકત્ર કરીએ છીએ, પણ આ ક્ષેત્રના વિકાસ માટે તેનો યોગ્ય રીતે ઉપયોગ કરતા નથી તેવું જણાય છે. હકીકતમાં આપણે જેટલી માહિતી આપીએ છીએ, તેના કરતા વધારે છુપાવીએ છીએ.

વર્ષ ૨૦૧૨ના આંકડા મુજબ, અત્યારે દેશના ભારતીય પુરાતત્ત્વીય વિભાગ હેઠળ ૧૨૦ અલગ-અલગ સ્થળો અને સ્મારકોની મુલાકાત દર વર્ષે આશરે ૩૦ લાખ વિદેશી અને ૪.૬ કરોડ સ્થાનિક પ્રવાસીઓ લે છે. વિદેશીઓ દ્વારા સૌથી વધારે મુલાકાત લેવાતા ટોચના ૧૦ સ્મારકોમાંથી સાત સ્મારકો દિલ્હી અને આગ્રામાં છે, જે એએસઆઇ દ્વારા વેચાતી કુલ ટિકિટનો ૬૫ ટકા હિસ્સો ધરાવે છે. એટલે દિલ્હી અને આગ્રાની પ્રથમ વખત મુલાકાત લેનાર પ્રવાસીઓ આ સાતમાંથી ઓછામાં ઓછા પાંચ સ્મારકોની મુલાકાત લે છે. જો આપણે આ આંકડાનો ઉપયોગ તાજ માટે કરીએ, તો ઓછામાં ઓછા એક સ્મારકની મુલાકાત પાંચ લાખથી ઓછા વિદેશી પ્રવાસીઓ લે છે અને દિલ્હી અને આગ્રામાં સ્મારકો જોવા આવતા વિદેશી પ્રવાસીઓનો આંકડો ચાર લાખથી વધારે નથી અને અન્ય ત્રણ લાખ પ્રવાસીઓ આગ્રાની મુલાકાત વેપારવાણિજ્ય માટે લે છે. જો આપણી યુએસપી આપણી સંસ્કૃતિ હોય, તો આપણા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્મારકોમાં મુલાકાતીઓની સંખ્યા આટલી બધી ઓછી કેમ છે?

તેનો જવાબ છેઃ આપણે આપણા સ્મારકોની રજૂઆત જ નબળી રીતે કરીએ છીએ, બીજું, ખાણીપીણી, શોપિંગ, મનોરંજન, હેરિટેજ પર સહભાગી પ્રવૃત્તિઓની મજા જેવી વિવિધ પ્રવૃત્તિઓનું અસ્તિત્વ જ નથી. આપણી પાસે કેટલાંક ઉત્કૃષ્ટ ગાઈડ છે, પણ તેમાંથી મોટા ભાગના દિલ્હી અને આગ્રામાં શોપિંગ કમિશન પર નિર્ભર છે, જેના પરિણામે મુલાકાતીઓને અત્યંત ખરાબ અનુભવ થાય છે. ભારતીય પુરાતત્ત્વ વિભાગ ૧૦૦થી વધારે વર્ષ અગાઉ સ્થાપિત માર્ગદર્શિકા પ્રમાણે જ નિયમનકારી કામગીરી કરી છે અને સ્થળની લાક્ષણિકતાને ધ્યાનમાં રાખ્યા વિના બેરિકેડ ઊભા કરવા સિવાય અન્ય કોઈ કામગીરી કરતું નથી. ટેકનોલોજીના વિકાસ સાથે અર્થઘટન કે પ્રસ્તુતિમાં સુધારો થવો જોઈએ ? દિલ્હીમાં રાષ્ટ્રીય સંગ્રહાલય અને જોધપુરમાં મેહરગઢનો કિલ્લો અપવાદરૂપ છે, જે અન્ય લોકો માટે પ્રેરણારૂપ બન્યો નથી. જો ભારતમાં કોઈ શહેરના સરેરાશ નાગરિકને પૂછવામાં આવે કે તેમણે છેલ્લે તેમના શહેરના સંગ્રહાલયની મુલાકાત ક્યારે લીધી હતી, તો શાળા પછી ક્યારેય નહીં અથવા કોઈ મુલાકાતીને કંપની આપવા ગયા હતા તેવો જવાબ મળવાની પૂરેપૂરી શક્યતા છે. આ સ્થિતિમાં દિલ્હી સ્થિત અક્ષરધામ મંદિરે સાબિત કરી દીધું છે કે મુલાકાતીઓના વ્યવસ્થાપનનો કાર્યક્રમ સારો હોય તો સ્થાનિક મુલાકાતીઓની સંખ્યા પણ સારી એવી મેળવી શકો છો.

બજેટની ફાળવણીનો મોટો હિસ્સો પ્રમોશન અને પબ્લિસિટી પર ખર્ચવામાં આવે છે, જેમાં આંતરરાષ્ટ્રીય ટ્રાવેલ માર્ટમાં સહભાગિતા અને સ્રોત બજારોમાં ઓફિસની જાળવણી સામેલ છે.

હકીકતમાં ટ્રાવેલ માર્ટમાં જવા માટે કોઈ પણ પ્રકારની પૂર્વતૈયારી કરવામાં આવતી નથી અને વ્યાપક જનસંપર્કને ધ્યાનમાં રાખીને કોઈ નિમણૂકો થતી નથી. કેટલાંક નવા ટૂર ઓપરેટર્સે દરેક સ્ત્રોત બજારમાં ભારત પર માર્ગદર્શિકા પ્રકાશિત કરી છે? આયોજિત ડિપાર્ચર્સ (પ્રસ્થાન)ની સંખ્યા કેટલી? ગ્રૂપની સાઈઝ? પ્રવાસ માર્ગદર્શિકાની સંખ્યામાં થયેલો વધારો કેટલો છે ?

આપણે આપણા ટીવીની જાહેરાત અભિયાનોમાં કોને લક્ષ્યાંક બનાવવાનો પ્રયાસ કરીએ છીએ? ફાળવવામાં આવેલા બજેટનો ખર્ચ કરવાનો આ સરળ માર્ગ છે? તેના પરિણામે પૂછપરછમાં કેટલો વધારો થયો છે ? તેમાંથી કેટલી પૂછપરછમાંથી ખરેખર વેપારવાણિજ્ય મળ્યો છે? આપણી વેબસાઇટ્સ કેટલી સારી અને ઉપયોગી છે ? આપણો સોશિયલ મીડિયાનો ઉપયોગ કેટલો સક્રિય છે ? અત્યારે સુધી હોસ્પિટાલિટી કે અતિથિ-સત્કારનો પ્રચાર-પ્રસાર કરવા માટેની જવાબદારી મીડિયા પાર્ટનર્સ નિભાવતા હતા. શું હવે તે ક્રમશઃ બ્લોગર્સને સુપરત કરવામાં આવી રહી છે? કે તેમને સુપરત કરવી જોઈએ? ટીબીઈએક્સ પરિષદ થાઈલેન્ડમાં ટ્રાવેલ બ્લોગર્સનું આયોજન કરશે, જે આપણને દર્શાવે છે કે આપણા હરિફો સમયની સાથે વ્યૂહરચના બદલી રહ્યાં છે અને આપણે પણ સમયની સાથે માર્કેટિંગ વ્યૂહરચના બદલવી જોઈએ.

આપણે આપણા સ્ત્રોત બજારો અને આપણા સ્ત્રોત બજારોની અંદરના સેગમેન્ટ્સ વિશે પૂરતી માહિતી ધરાવીએ છીએ તેમજ વેપાર અને બિનપ્રવાસન ભાગીદારો સાથે ભાગીદારી મારફતે આ સેગમેન્ટને લક્ષ્યાંક બનાવવા આપણે પ્રયાસ કરીએ છીએ? સંખ્યા, પ્રવાસની પદ્ધતિ, સ્થાનિક રોજગારી અને અન્ય મહત્ત્વપૂર્ણ પરિબળોના સંબંધમાં કેરળ અને ગોવા વચ્ચેનો ફરક બીચ પ્રવાસન માટે ચાર્ટર ટ્રાફિક પર જ આધારિત રહેવાને બદલે સ્વતંત્ર પ્રવાસીઓને અપીલ કરવાની જરૂરિયાતનો પુરાવો સૂચવે છે. પીક સિઝન દરમિયાન મૂડી ખર્ચ ધરાવતા હોટેલ્સના વિકાસ માટે ગોવામાં સ્થાનિક વસતિની નારાજગીને પુનઃસ્થાપિત કરીને દૂર કરવામાં આવી હતી તેમજ લાકડાના મકાનો બાંધવાની મંજૂરી આપવામાં આવી હતી. જોકે તેનાથી ગોવામાં અપરાધ, નશીલા દ્રવ્યોના સેવન અને વેશ્યાવૃત્તિને પ્રોત્સાહન મળ્યું હતું અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રવાસન કેન્દ્ર તરીકે તેની છબી ખરડાઈ હતી. બીજી તરફ કેરળ બે દિવસના પ્રવાસન કેન્દ્રમાંથી રાજ્યની અંદર સર્વસમાવેશક પ્રવાસન કેન્દ્રમાં પરિવર્તિત થયું છે. આ પ્રક્રિયામાં કેરળે સમગ્ર રાજ્યમાં વિવિધ પ્રવાસન કેન્દ્રો વિકસાવ્યા છે, જેના પરિણામે કોઈ પણ સિઝનમાં પ્રવાસીઓ એક જ કેન્દ્રમાં એકત્રિત થવાને બદલે સમગ્ર રાજ્યમાં વહેંચાઈ જાય છે. એટલે કોઈ પણ પ્રવાસન કેન્દ્રમાં ગીચતા ઊભી થતી નથી અને સંસાધનોની ખામી પણ સર્જાતી નથી. કેરળ ટ્રાવેલ માર્ટ વિદેશી ટ્રેડ પાર્ટનર્સને પ્રભાવિત કરવા પ્રમોશન કે માર્કેટિંગ કામગીરી હાથ ધરવા ભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ છે. પ્રવાસીઓની ઓછી સંખ્યા ધરાવતા ચોમાસાના મહિનાઓમાં પણ પ્રવાસનને પ્રોત્સાહન આપવા મીડિયા સાથે ભાગીદારીમાં શરૂ કરેલી ''ચેઝિંગ ધ મોનસૂન'' પણ ઉત્તમ પહેલ છે.

જો ચીન ટોચના સ્ત્રોત બજાર તરીકે બહાર આવે, તો આ બજારમાં હિસ્સો મેળવવા આપણે કયાં પગલાં લેવા જોઈએ? Interview: Discover Los Angeles CEO's Strategies for Success at Home and Abroad and http://www.news.lk/news/sri-lanka/item/6880-sri-lanka-tourism-strategy-china-2015 દર્શાવે છે કે અન્ય લોકો કેવી રીતે લક્ષ્યાંક જૂથને અનુસરવાનો અભિગમ ધરાવે છે. હકીકતમાં શ્રીલંકાએ રામાયણના પૌરાણિક અવશેષો કે તેની સાથે સંકળાયેલા સ્થળોને પ્રોત્સાહન આપીને ભારતીય પ્રવાસીઓને આકર્ષવાનો કેટલી સ્પષ્ટ યોજના બનાવી છે, જેની જાહેરાત તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત વખતે શ્રીલંકાને સરકારે કરી હતી. આપણું આયોજન ઉત્પાદન કેન્દ્રિત છે, નહીં કે બજાર કેન્દ્રિત.

પ્રવાસન ક્ષેત્રના વિકાસનો ફાયદો એ છે કે તે નબળું માળખું ધરાવતા અંતરિયાળ વિસ્તારોમાં સ્થાનિક રોજગારીનું સર્જન કરી શકે છે તેમજ વિવિધ પ્રકારનું કૌશલ્ય ધરાવતા લોકોને તેમના વિસ્તારમાં જ રોજગારી મળી શકે છે. ૧૨મી પંચવર્ષીય યોજનામાં સંસ્થાકીય સ્તરે કૌશલ્ય સંવર્ધન માટે વિગતવાર સુવિધાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'હુનર સે રોજગાર' યોજના મારફતે સહાય ઉપલબ્ધ કરાવવામાં આવે છે. પ્રવાસન મંત્રાલયે સંયુક્ત રાષ્ટ્રીય વિકાસ કાર્યક્રમ (યુએનડીપી) સાથે ભાગીદારીમાં ૩૯ ગ્રામીણ સ્થળો પર આ પહેલ હાથ ધરી હતી, પણ તેમાંથી ૧૫ ટકાથી

ઓછા સ્થળ પર તેને સફળતા મળી હતી અને સહાય બંધ કરી દેવા છતાં હજુ અહીં પ્રવાસન કાર્યક્રમો જળવાઈ રહ્યાં છે.

પ્રવાસન અતિ સ્પર્ધાત્મક વ્યવસાય છે અને યોગ્ય પ્રવાસીઓ મેળવવા ગુણવત્તાયુક્ત સેવાઓની છાપ ઊભી કરવી મહત્ત્વપૂર્ણ છે. કોઈ પણ ગરીબ દેશમાં ભવ્ય સુખસુવિધાના માધ્યમ તરીકે પ્રવાસન દરેક સ્તરે ઊંચા કરવેરા તરફ દોરી જાય છે. દાખલા તરીકે, ફાઈવ સ્ટાર હોટેલમાં ભોજન પર કરવેરા અને અન્ય વેરા આશરે ૪૦ ટકા છે, જેમાં વીજળી, પાણી અને વેસ્ટ મેનેજમેન્ટના લાભ સામેલ નથી. તે જ રીતે વિવિધ રાજ્યો વચ્ચે પ્રવાસન વાહનો પર ઊંચા કરવેરા લાદવામાં આવે છે, પણ હાઈવે પર પૂરતી સુવિધાઓ સ્થાપિત કરવામાં આવી નથી. ભારતમાં પ્રવાસે આવતી જાપાનની મહિલાઓને બહુ પાણી ન પીવાની સલાહ આપવામાં આવે છે અને ભારતમાં જાહેર શૌચાલયનો ઉપયોગ કરવાને બદલે થોડા દિવસ શક્ય હોય ત્યાં સુધી ઓછા પાણીએ ચલાવી લેવાની સૂચના આપવામાં આવે છે.

નવા પ્રવાસીઓની મહત્ત્વાકાંક્ષાઓ સંતોષવા પ્રવાસન સુવિધાઓમાં ક્રાંતિકારી ફેરફારો કરવાની જરૂર છે અને હકીકત એ છે કે વિદેશમાં પ્રવાસ કરતા ભારતીયોના આંકડા કે બજાર સૂચવે છે કે શહેરી ભારતીયો ભારતની અંદર પ્રવાસ કરવાને બદલે વિદેશમાં પ્રવાસ કરવાનું વધારે પસંદ કરે છે. એટલે કૌશલ્ય સંવર્ધન, ક્ષમતા નિર્માણ અને ગુણવત્તાની ખાતરી આપતા કાર્યક્રમો માળખાગત સુવિધા જેટલા જ મહત્ત્વપૂર્ણ છે. માળખાગત સુવિધાઓને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકાર્ય માપદંડના સંદર્ભમાં જોવા જોઈએ.

સ્થાનિક અને વિદેશી ઉદ્યોગસાહસિકો એમ બંનેને આકર્ષવા માટે રોકાણના વાતાવરણમાં સુધારો કરવાનો અવકાશ છે. અત્યારે મુખ્ય શહેરોમાં, ખાસ કરીને ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો વ્યાપ ધરાવતા કેન્દ્રોમાં બિઝનેસ હોટેલ્સના ક્ષેત્રમાં રસ વધ્યો છે. ઉપલબ્ધ જમીન વહેંચવામાં આવે છે. મોટા ભાગના સુઆયોજિત શહેરો સંસ્કૃતિ, રાંધણકળા, કેમ્પસના વાતાવરણમાં વિવિધ કળાઓને સમાવવાનો પ્રયાસ કરે છે. પાર્કિંગ, વેસ્ટ મેનેજમેન્ટ, પાવર બેક અપ અને પીવાલાયક પાણી જેવા સામાન્ય સેવાઓ પર લાગુ કરવેરાને વાજબી ઠેરવવા પ્રદાન કરી શકાશે. કાયદાકીય જરૂરિયાતો પૂર્ણ કરવાની મંજૂરીઓ અગાઉથી મેળવી શકાશે. તેનાથી પ્રોજેક્ટ્સ વહેલાસર પૂર્ણ થશે અને તેની વ્યવહારિકતામાં ઓછામાં ઓછો ૨૫ ટકાનો વધારો થશે.

અસરકારક અમલીકરણ માટે કોઈ પણ વ્યૂહરચનામાં યોગ્ય સંગઠનાત્મક માળખાની આવશ્યકતા છે. કમનસીબે આવું ભારતમાં થતું નથી. જ્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેના સંબંધો સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરવામાં આવ્યાં છે, ત્યારે જિલ્લા સ્તરે પર્યાપ્ત પારદર્શકતા સાથે પ્રવાસન પરિષદો રચવાની જરૂર છે. ભારત એવા કેટલાંક દેશોમાં સામેલ છે, જ્યાં કોન્ટ્રાક્ટના ધોરણે વ્યાવસાયિકોને પ્રવાસન માટેના કાર્યકારી માળખામાં સ્થાન આપવામાં આવ્યું નથી. એક મંત્રાલયમાંથી બીજા મંત્રાલયમાં ખસેડવામાં આવતા સનદી અધિકારીઓ પ્રવાસન મંત્રાલયને કરદાતાઓને ખર્ચે દુનિયા જોવાનો વિશેષાધિકાર માને છે અને કોઈ પણ પ્રકારની જવાબદારી વિના. ગ્રાહકોનો અનુભવ વિઝા, એર પેસેજ, સ્વાસ્થ્ય સંબંધિત નિયમો, આયાતના નિયંત્રણો જેવા પરિબળો પર આધારિત હોવાથી પ્રવાસન માટે વિવિધ મંત્રાલયો વચ્ચે મજબૂત સંકલનની જરૂર છે, જે ગૃહ, નાગરિક ઉડ્ડયન, સ્વાસ્થ્ય, નાણાં, પર્યાવરણ અને વાણિજ્ય મંત્રાલયોના અધિકારક્ષેત્રમાં આવે છે.

ધ વિઝા ઓન એરાઈવલ પ્રવાસીઓને આતંકવાદીઓના જોખમ સાથે સમાધાન કર્યા વિના સંકલિત પ્રયાસનું આવકારદાયક પ્રદર્શન છે. હાલના સમયમાં ઓળખેલા સ્રોત બજારોની ઓળખ, સ્પર્ધાત્મક વાતાવરણની જાણકારી મેળવ્યા વિના, વાસ્તવિક ગ્રાહક સુધી પહોંચવાના ખર્ચ અને સંવાદના જીવનચક્રની સાથે ફરવાની ક્ષમતાની પૃષ્ઠભૂમિ તૈયાર કર્યા વિના નવી થીમ રજૂ કરવાનું વલણ જોરમાં છે. આ માર્કેટિંગનું હાર્દ છે અને જાગૃતિ, રસ અને ઈચ્છા ઊભી કરવા, કામગીરી કરવા અને પ્રવાસીઓ ફરી પ્રવાસન સ્થળની મુલાકાત લેવા પ્રેરાય અને પોતાના વર્તુળમાં પ્રવાસન સ્થળોની ભલામણો કરે તે માટે તેમને ઉત્તમ ગુણવત્તાયુક્ત અનુભવ પ્રદાન કરવો જરૂરી છે. ઈન્ક્રેડિબલ ઈન્ડિયા અભિયાને સારી એવી જાગૃતિ ઊભી કરી છે.

**લેખક પ્રવાસન વિકાસ પ્રોજેક્ટ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે. પ્રવાસન નીતિ ૨૦૧૪-૧૭ની રચના સંબંધમાં તેઓએ મસલતી સેવા આપી છે. રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જર્નલ્સમાં તેઓએ અનેક લેખ લખ્યા છે.**

# ભારતનું પર્યટન : એક અનુભવ

● ખુશાલી જે. પટેલ ●

"પર્યટન એટલે લોકોને યાતાયાતની બહાળ નીકળીને મજા માણવા, કામસર કે અન્ય હેતુસર અલગ-અલગ જગ્યાઓ પર થોડા સમયનું રોકાણ."

વર્તમાન સમયમાં પર્યટન ઉદ્યોગ સહુથી વધુ સ્પર્ધાત્મક ક્ષેત્રોમાંનો એક છે. જેને સતત નવીનીકરણ પામતા રહેવું પડે છે. સતત પરિવર્તન અને ગતિશીલ એવાં આ ક્ષેત્રમાં મુસાફરોની સંખ્યા વધારવી, ટકાવી રાખવી અને તેમને આકર્ષવા એક પડકાર બની ચૂક્યો છે.

પર્યટન ક્ષેત્રનું મુખ્ય ધ્યેય ગ્રાહકને સંતોષ, નિરાંત અને આનંદ આપવાનો છે તથા તે ફરી વખત આવે અને અન્યોને પણ લાવે તે માટેનું વાતાવરણ ઊભું કરવાનો છે. કારણ કે તેનાથી રાજ્યની આવકમાં વધારો થશે અને રોજગારીની તકો વધતા દેશની સમૃદ્ધિ પણ વધશે. ભારતમાં પ્રવાસન ઉદ્યોગે ૨૦૧૧-૧૨માં કુલ ૨૧,૮૨૮ કરોડ વિદેશી હૂંડિયામણ મેળવ્યું હતું. ૨૦૧૦-૧૧નો પ્રવાસન ઉદ્યોગનો વિકાસ દર ૧૭.૩ ટકા રહ્યો હતો.

**પર્યટનના પ્રકારો :**

**૧. આંતરિક પર્યટન :** આ પ્રકારનું પર્યટન એ સામાન્ય પર્યટન છે. જેમાં એક દેશના નાગરિક તે જ દેશના અલગ-અલગ પ્રાંતમાં આનંદ માણવા ધાર્મિક કે હિલસ્ટેશનની મુલાકાત માણવા થોડા સમય માટે જે-તે સ્થળે રોકાણ કરે છે.

જેમ કે "ગુજરાતના લોકો રાજસ્થાનનો પ્રવાસ ખેડે" - આ પ્રકારના પર્યટનનો એક સમૃદ્ધ રાજ્ય કે પ્રાંતથી આવકનો સ્રોત અન્ય રાજ્યોમાં જાય છે. પરંતુ તેથી દેશમાં કુલ નાણાનો પુરવઠો વધતો નથી પરંતુ ચોક્કસ સ્થળે રોજગારી અને આવકમાં વધારો થાય છે.

**૨. બાહ્ય પર્યટન :** આ પ્રકારના પર્યટનથી આપણે સહુ સૌથી વધુ પરિચિત છીએ. આ પ્રકારના એક દેશના નાગરિક અન્ય દેશના નાગરિકો અને સ્થળોની મુલાકાત લેતા હોય છે. રજાઓ માણવા, સંસ્કૃતિ અને તે પ્રદેશને જાણવા અને હળવાશ અનુભવવા પોતાના મનપસંદ રાષ્ટ્રોની મુલાકાત લેતા હોય છે.

ઘણી વખત મોજમજાની સાથે ખરીદી અને આર્થિક હેતુને પણ સાંકળવામાં આવે છે. જેમ કે ભારતના લોકો દુબઈ ફરવા પણ જાય અને ત્યાંથી સોનાની અને અન્ય ખરીદી પણ કરીને આવતા હોય છે. આ પ્રકારના પર્યટનથી દેશની આર્થિક સ્થિતિમાં વાસ્તવિક આવકમાં રોજગારી અને નાણાંના પુરવઠામાં વધારો થાય છે. આજે ભારત જ નહિ વિશ્વના ઘણા દેશોની રાષ્ટ્રીય આવકમાં પ્રવાસન ઉદ્યોગનો ફાળો વધવા પામ્યો છે.

**પ્રવાસન ઉદ્યોગ પર અસર કરતાં પરિબળો :**

૧. આકર્ષક પ્રભાવશાળી વિજ્ઞાપન અને તેનું બ્રાન્ડિંગ
૨. ભારતીય અર્થતંત્રનો ઝડપથી થઈ રહેલો વિકાસ
૩. ભારતીય ઉપખંડમાં ઝડપથી વધી રહેલ વસ્તી
૪. ભારતમાં અને વિશ્વની આવકમાં વધારો
૫. ટેક્નોલૉજી, ઈન્ટરનેટ અને અન્ય તક્નિકી સાધનો દ્વારા ઊભું કરાતું આકર્ષણ
૬. સરકારની પ્રવાસન નીતિ
૭. સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો, કુદરતી સમૃદ્ધિઓ, વન્ય સંપત્તિ, જંગલ, પર્વતો, હિલસ્ટેશનો. સભ્યતા, ઐતિહાસિક ઈમારતો અને સ્થળો.
૮. રાજકીય, ઔદ્યોગિક, સામાજિક, સુરક્ષાનું વાતાવરણ, વિદેશી સહેલાણીઓને અપાતી સુરક્ષા અને અન્ય સુવિધાઓ
૯. દેશમાં યાતાયાત અને સંદેશા-વ્યવહારની સુવિધા
૧૦.બેંકિંગ નાણાકીય સ્થળાંતરની સુવિધા વિશે અને અન્ય સરકારી જોગવાઈઓની અસરકારકતા અને તેનો અમલ

ઉપર મુજબના પરિબળો કોઈપણ દેશના પ્રવાસન ઉદ્યોગ પર મુખ્ય રીતે અસર કરે છે અને આનાથી જ પ્રવાસન ઉદ્યોગની સફળતા, નિષ્ફળતા કે તેનો વ્યાપ નિયત થતો હોય છે.

**ભારતના કેટલાક મહત્ત્વનાં જોવાલાયક સ્થળો :**

**(એ) ઉત્તર ભારત :**

– જમ્મુ અને કાશ્મીર : ભારતનું સ્વર્ગ અને કુદરતી સમૃદ્ધિથી ભરપૂર એવા કાશ્મીરમાં વિશિષ્ટ આબોહવા પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
– ઉત્તર ભારતમાં આવેલા ધાર્મિક સ્થળો, દિલ્હી - સાંસ્કૃતિક વારસાનું શહેર
– આગ્રા : તાજમહેલનું શહેર. ઉપરાંત વિશ્વની સાત અજાયબીઓમાંની એક ઐતિહાસિક ઈમારત
– સિમલા : હિમાલયની અત્યંત નયનરમ્ય પર્વતમાળાઓ અને તેની વિશિષ્ટ આબોહવા
– દહેરાદૂન : ઉત્તરાખંડની રાજધાની અને ખૂબસૂરત કુદરતી દશ્યોથી આબાદ શહેર

**(બી) પૂર્વ ભારત :**

– કોલકતા : ભારતની સાંસ્કૃતિક રાજધાની ટાગોર સત્યજીત રે ની ધરતી, જેનો સાંસ્કૃતિક ભવ્ય ભૂતકાળ છે.
– ગોવાહાટી : પૂર્વના પ્રવાસન ઉદ્યોગમાં આકર્ષણનું મુખ્ય કેન્દ્ર
– શિલોંગ : મેઘાલયની રાજધાની જે તેની હૃદયના ધબકારા ચૂકવી દે તેવા અત્યંત સુંદર ઘાસના મેદાનો માટે પ્રસિદ્ધ છે.
– પટના : બિહારની રાજધાની અને સહુથી પ્રાચીન શહેરોમાંનું એક. ઐતિહાસિક વિરાસત માટે પ્રસિદ્ધ
– જમશેદપુર : ઔદ્યોગિક વિરાસતનું શહેર
– દાર્જિલિંગ : ચાના સુંદર બગીચા અને અત્યંત સુંદર પહાડીઓથી ઘેરાયેલ શહેર જે તેના વિશિષ્ટ ભૂપૃષ્ઠ માટે જાણીતું છે.

**(સી) મધ્ય ભારત**

– અલહાબાદ : પ્રયાગ કુંભમેળાનું શહેર
– વારાણસી : હિન્દુઓની સૌથી પવિત્ર ભૂમિ, મંદિરો અને તેના ઘાટ માટે પ્રસિદ્ધ
– ભોપાલ : મધ્ય પ્રદેશની રાજધાની અને ટુરિઝમનું મહત્ત્વનું કેન્દ્ર

**(ડી) પશ્ચિમ ભારત :**

– મુંબઈ : ભારતની આર્થિક રાજધાની
– પંણજી : ગોવાનું મુખ્ય શહેર તેના વિવિધ સમુદ્ર કિનારાઓ માટે તથા Sea Food અને તેના કાર્નિવલ માટે પણ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છે.
– ઉદેપુર : મહેલોનું શહેર ખાસ પીછોલા તળાવ માટે તે જાણીતું છે.

**(ઈ) દક્ષિણ ભારત :**

– ચેન્નાઈ : ભારતની ઓટોમોબાઇલ રાજધાની
– બેંગલુરુ : ભારતનું સિલિકોન વેલી તરીકે જાણીતું સોફ્ટવેર કંપની માટેનું આધુનિક શહેર
– ત્રિવેન્દ્રમ્ : પ્રખ્યાત કોવલમ બીચનું શહેર. નીલગીરીનું હિલ સ્ટેશન તેની ધારદાર ખીણ માટે પ્રખ્યાત છે.
– કોચીન : દરિયાકિનારાનું અત્યંત આહ્‌લાદક ઐતિહાસિક શહેર

**ભારતીય અર્થતંત્રમાં ટુરિઝમ ક્ષેત્ર :**

ભારતીય અર્થતંત્રમાં પ્રવાસન ક્ષેત્ર સૌથી મોટા ઉદ્યોગ તરીકે બહાર આવ્યો છે.

પ્રવાસન ઉદ્યોગના વિકાસનો સહુથી વધુ આધાર વિદેશી પ્રવાસીઓની સંખ્યા પર રહેલો છે. ખાસ કરીને ઓસ્ટ્રેલિયા, બ્રિટન, આફ્રિકા, લેટિન અમેરિકા, યુરોપ અને દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાંથી પ્રવાસીઓ ભારતમાં આવ્યા છે.

સંસ્કૃતિ અને પરંપરાઓના આ દેશમાં લોકમેળાઓ, પહેરવેશ, પરંપરા, તહેવારો, નૃત્ય વગેરે પણ આકર્ષણનું કેન્દ્ર છે.

**ટુરિઝમ :**

– હાલમાં ઉચ્ચતમ હૉસ્પિટલો અને અદ્યતન મેડિકલ ક્ષેત્રે અનુભવી લાયકાત ધરાવતાં ડૉક્ટરો, ભારતને મેડિકલ ટુરિઝમમાં પસંદગી સ્થળ બનાવે છે. વિશાળ સુંદર દરિયાકિનારો, વન પ્રદેશો, શાંત વેરાન ટાપુઓ દરિયાઈ ટુરિઝમને નવો વેગ આપે છે.
– ગ્રામીણ ટુરિઝમ યોજના પ્રવાસન મંત્રાલય દ્વારા ૨૦૧૨-૧૩માં અમલમાં મૂકવામાં આવી હતી. જેના હેતુઓ ગ્રામીણ જીવનકલા, સંસ્કૃતિ, હસ્તકલા, પહેરવેશ, જીવનશૈલી અને કુદરતી પર્યાવરણને દર્શાવવાના હતા.
– ઈકો-ટુરિઝમ એક નવો અને ટકાઉ વિકાસ સાથે સંકળાયેલો ખ્યાલ છે જે અંતર્ગત હિમાલય અને અન્ય

પર્યાવરણીય કુદરતી સ્થળોને સુરક્ષિત કરવાનો તેમનું નૈસર્ગિક સૌંદર્ય ટુરિઝમના કારણે પ્રભાવિત કે દુષિત ન થાય તે જોવાનો છે. સ્થાનિક સમસ્યાના લીધે પ્રદૂષણ ન વધે અને પર્યાવરણમાં આવતા ગ્લોબલ વોર્મિંગ જેવા પરિવર્તનો અને જોખમોનો સામનો ત્યાંના લોકોને ન કરવો પડે તે જોવાનો હેતુ સરકારનો છે, પરંતુ કુદરત સાથે વધુ ચેડાં અને પર્યાવરણીય સમતુલામાં ઊભા થતા વિક્ષેપ અને આવક કમાણી અને વિકાસની આંધળી દોટમાં પર્યાવરણને નુકસાન વિનાશને નોતરી રહ્યું છે. માટે તેના પ્રત્યે પણ સભાનતા લોકોમાં કેળવાય તે જોવું ખૂબ જ જરૂરી છે.

**ભારતમાં પ્રવાસન ઉદ્યોગનાં પડકારો :**

ભારતમાં પ્રવાસન ઉદ્યોગનો ફાળો રાષ્ટ્રીય આવકમાં વધારવો હોય અને રાષ્ટ્રીય સ્તરે નામના પ્રાપ્ત કરવી હોય તો નીચેના પરિબળો પર ધ્યાન આપવું પડશે :

૧. પ્રવાસન ઉદ્યોગને આંતરરાષ્ટ્રીય સ્તરે નામના આપવા મજબૂત બ્રાન્ડિંગ અને વિજ્ઞાપનના માધ્યમોની અસરકારક રજૂઆત છે.

૨. એક તરફ વિશાળ દરિયો અને બીજી તરફ વિશાળ જમીન પ્રદેશ એક બાજુ રાજસ્થાનનું રણ, બીજી બાજુ પૂર્વીય રાજ્યોના વિશાળ હર્યાભર્યા ઘાસના મેદાનો - એક તરફ ઉષ્ણ કટીબંધીય આબોહવા બીજી તરફ હિમાલયની થીજવી નાંખતી ઠંડી - એક તરફ વિશાળ ખીણપ્રદેશ તો બીજી તરફ અતિ પ્રાચીન અને ઊંચી પર્વતમાળાઓ વિશ્વના બધા જ પ્રકારના જંગલોની ઉપલબ્ધતા ઉપરાંત ભાષા, સંસ્કૃતિ અને પહેરવેશનો અદ્ભુત સમન્વયનું વૈવિધ્ય દેશ જો યોગ્ય રીતે યોગ્ય સમય અને સ્થળે વિજ્ઞાન અને બ્રાન્ડિંગ દ્વારા જો પોતાની આંતરરાષ્ટ્રીય છબી ઊભી કરી શકે તો આ પ્રવાસન ઉદ્યોગ ભારતીય અર્થતંત્ર માટે સંજીવની સાબિત થઈ શકે છે.

૩. પછાત સામાજિક માળખું આંતરરાષ્ટ્રીય ભાષાના જ્ઞાનનો અભાવ પણ એક પડકાર છે.

૪. વિદેશી સહેલાણીઓને વિજ્ઞાન ટેક્નોલૉજી, ઈન્ટરનેટની સુવિધાઓ પૂરતા પ્રમાણમાં મળતી નથી.

૫. આવા સહેલાણીઓને સરકાર તેમણે ખર્ચેલા નાણા અથવા પ્રવાસન ઉદ્યોગથી જોડાયેલા નાગરિકોની આવકને કરમાંથી મુક્તિ આપી શકે છે.

૬. ભારતમાં અંતરિયાળ વિસ્તારમાં જંગલ અને પર્વતીય ક્ષેત્રમાં યાતાયાતના સાધનો અને સુવિધાઓનો અભાવ, ઈન્ટરનેટની ઉપલબ્ધતાઓનો અભાવ, સંદેશા-વ્યવહારની ઉપલબ્ધતાનો અભાવ, કાચા રસ્તાઓ, દુર્ગમ સ્થળોએ પહોંચવાની વિડંબના, સુરક્ષા વગેરેના પ્રશ્નો પ્રવાસન માટે પડકાર છે.

૭. વિદેશી સહેલાણીઓ ઘણી વખત ગેરકાયદેસર વસ્તુઓ જેમ કે, ચરસ, ગાંજો, અત્યંત પ્રાચીન ઐતિહાસિક વસ્તુની દાણચોરી, સેરોગેટ મધર વગેરે પ્રવૃત્તિઓ સાથે પણ જોડાયેલા છે. જેના પર અંકુશ મૂકવો અથવા બાજ નગર રાખવાની તાતી જરૂરિયાત છે.

જો ઉપર મુજબના અવરોધો દૂર કરવામાં આવે અથવા અસરકારક પગલાં ભરવામાં આવે તો ભારતીય સંસ્કૃતિ અને ભારતવર્ષની પ્રાચીનતમ સભ્યતા અને ગરીમામાં આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્ત્વપૂર્ણ વધારો થઈ શકે છે. ઉપરાંત આર્થિક દૃષ્ટિએ પણ ભારત પ્રગતિનાં નવાં સોપાનો સર કરી શકે છે. 'અતિથિ દેવો ભવ'ની આ પ્રાચીનતમ સંસ્કૃતિ પ્રવાસન ઉદ્યોગના નામે સાંસ્કૃતિક અને સામાજિક સ્તરે પણ આંતરરાષ્ટ્રીય નામના પ્રાપ્ત કરી શકે છે.

**લેખિકા દુન સ્કૂલ ઑફ એક્સલન્સ મણિનગર, અમદાવાદ ખાતે શિક્ષિકા તરીકે કાર્યરત છે.**

**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

## જન સુરક્ષા યોજના : સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવી

કેન્દ્ર સરકારે ૯મી મે ૨૦૧૫નાં રોજ વીમા અને પેન્શન ક્ષેત્રને લગતી ત્રણ સામાજિક સુરક્ષા આપતી યોજના શરૂ કરી છે. આ યોજનાઓનો હેતુ ખાતેદારોને બેંકના ખાતા દ્વારા ''ઓટો ડેબિટ''ની સુવિધાજનક જોગવાઈ સાથે સામાજિક સુરક્ષા કવચ પૂરું પાડવાનો છે.

ગયા મહિને જે બે વીમા યોજના શરૂ કરાઈ તે પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, કોઈપણ કારણસર અવસાન અથવા અકસ્માતથી અપંગતાના કેસમાં વીમા કવચ પૂરું પાડે છે. અટલ પેન્શન યોજના વયસ્ક લોકોને આવકની સુરક્ષા પ્રદાન કરે છે. આ બધી યોજનાઓના અમલના સુવિધાજનક માળખાંને કારણે સામાન્ય રીતે જીવન/અકસ્માત વીમા અને વયસ્કોને આવક સુરક્ષા યોજનામાં જે ઓછો પ્રતિસાદ મળતો તે પાસું આ યોજનામાં નહિ હોય અને આ યોજનાઓ વધુ સ્વીકૃત બનશે એવી ધારણા રાખવામાં આવી છે.

**પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના**

આ યોજના ૧૮ થી ૭૦ વર્ષની વયનાં બેંક ખાતેદારોને વાર્ષિક માત્ર બાર રૂપિયાના પ્રિમિયમ દ્વારા દર વર્ષે નવીનીકરણ થઈ શકે તેવાં સ્વરૂપમાં, અકસ્માતે અવસાન અથવા અપંગતા માટે રૂપિયા બે લાખનું વીમા કવચ (આંશિક કાયમી અપંગતાના કિસ્સામાં રૂપિયા એક લાખ) ઓફર કરે છે. આ યોજના જાહેર ક્ષેત્રની જનરલ વીમા કંપની જે આ જ સ્વરૂપમાં વીમા યોજના આપવા ઈચ્છતી હોય તે મારફતે ઓફર કરવામાં આવશે. એક અથવા વિવિધ બેંકોમાં એકથી વધુ બચત ખાતેદારોના સંબંધમાં તે ખાતેદાર કેવળ એક બચત ખાતા દ્વારા જ આ યોજનાનો લાભ લઈ શકશે. ઓટો ડેબિટ સુવિધા દ્વારા યોજનાનું પ્રીમિયમ તેના ખાતામાંથી એક ઈન્સ્ટોલમેન્ટમાં કપાઈ જશે. આ યોજનામાં જોડાવા માટે પાત્ર એવી વ્યક્તિ શરૂઆતનાં વર્ષમાં જો આ યોજનામાં સામેલ થઈ ના શકે તો પછીના વર્ષમાં પ્રિમિયમ ભરીને જોડાઈ શકે છે. જે વ્યક્તિ કોઈ કારણસર આ યોજનામાંથી બહાર નીકળી ગઈ હોય તો તે પણ કેટલીક શરતોને આધીન રહીને પુનઃ જોડાઈ શકે છે.

**પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના**

આ યોજના ૧૮ થી ૫૦ વર્ષની વયનાં ખાતેદારોને રૂપિયા બે લાખનું જીવન સુરક્ષા કવચ (રિન્યુએબલ) પૂરું પાડે છે. કોઈપણ કારણસર થયેલ અવસાનના કિસ્સામાં યોજના હેઠળ વીમા સુરક્ષા કવચ મળે છે. આ યોજનાનું વાર્ષિક પ્રિમિયમ રૂ. ૩૩૦ છે. આ યોજના એલ.આઈ.સી. અથવા આ યોજના અમલી બનાવવા ઈચ્છુક અન્ય જીવન વીમા કંપનીઓ મારફતે અમલમાં મૂકવામાં આવશે. યોજનાઓની હિસ્સેદાર બેંકના સહકારથી યોજના અમલી બનાવાશે. જે વ્યક્તિઓ શરૂઆતના વર્ષમાં આ યોજનામાં જોડાઈ ના શકે તેવા કિસ્સામાં આરોગ્ય અંગેનું સ્વ-પ્રમાણપત્ર આપીને પછીના વર્ષોમાં જોડાઈ શકે છે. કોઈપણ વ્યક્તિ અન્ય કોઈ વીમા સુરક્ષા ધરાવતી હોય તો પણ તે આ યોજનાનો લાભ મેળવી શકશે.

**અટલ પેન્શન યોજના**

આ યોજના ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રના કામદારો માટેની છે અને વ્યક્તિને ૬૦માં વર્ષથી શરૂ થાય એ રીતે રૂપિયા એક હજારથી પાંચ હજારનું લઘુત્તમ માસિક પેન્શન આ યોજના હેઠળ મળે છે. માસિક પેન્શનની રકમનો આધાર તે વ્યક્તિએ કયો વિકલ્પ પસંદ કરેલ છે તેના પર નિર્ભર રહેશે. આ યોજના પાછળનો આશય વ્યક્તિને લઘુત્તમ રોકાણ દ્વારા વયસ્ક થવા સમયે મહત્તમ લાભ આપવાનો છે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છુકની વય ૧૮ અને ૪૦ વર્ષ વચ્ચેની હોવી જોઈએ. યોજના અંતર્ગત અંશદાનનો સમયગાળો ૨૦ વર્ષ કે તેથી વધુનો હોવો જરૂરી છે. આ અંશદાન ઓટો ડેબિટ સુવિધા દ્વારા કપાઈ જશે. અટલ પેન્શન યોજના માટે ખાતું ખોલાવવા આધાર નંબર હોવો ફરજિયાત નથી. પરંતુ લાભાર્થીની ઓળખ, પતિ/પત્ની અને વારસદારની ઓળખ માટે આધાર નંબર, કે.વાય.સી. (KYC) હેઠળ એક મુખ્ય દસ્તાવેજ રહેશે. પેન્શન માટેના અધિકાર અંગેની ભાવિ તકરારને ધ્યાનમાં રાખીને આ જોગવાઈ કરાઈ છે. વારસદારની વિગતો આપવાની પણ ફરજિયાત રહેશે. ગ્રાહક અટલ પેન્શન યોજનાનું કેવળ એક જ ખાતું ખોલાવી શકશે. ખાતાંની વિગતો (લેવડદેવડ) જાણવા માટે સમયાંતરે સ્ટેટમેન્ટ આપવામાં આવશે.

# ઇન્ડિયા/ભારત ૨૦૧૫ રેફરન્સ એન્યુઅલ્સ હવેથી સહેલાઈથી ડાઉનલોડ થાય તેવાં ઈ-બુક્સનાં સ્વરૂપમાં પ્રાપ્ય

આપણા દેશ વિષે વિશ્વસનિય, અધિકૃત અને અદ્યતન માહિતી મેળવવા માગતા લોકો માટે ખુશખબર છે. પ્રતિષ્ઠિત એવી ઇન્ડિયા અને ભારત ૨૦૧૫ રેફરન્સ એન્યુઅલ્સ હવેથી ઈ-બુક્સનાં સ્વરૂપમાં સહેલાઈથી ડાઉનલોડ કરી શકાશે. માહિતી અને પ્રસારણ મંત્રાલયના પબ્લિકેશન ડિવિઝન દ્વારા સતત છેલ્લાં ૫૯ વર્ષોથી આ પુસ્તક બહાર પાડવામાં આવે છે. જે ભારતના લોકોના રાષ્ટ્રના વિકાસ અને સુખાકારી માટેના વિવિધ પાસાંઓના પ્રયત્નોનાં સાક્ષી બની રહ્યાં છે. દેશની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતાં લોકો માટે રેફરન્સ એન્યુઅલ્સ દ્વારા ઘણા લાંબા સમયથી જ્ઞાનના એક મજબૂત પાયાની રચના કરાઈ છે. હવે રેફરન્સ મટીરિયલને ડિજિટલ રૂપે ઈ-બુક્સનાં સ્વરૂપમાં લાવીને તેને વપરાશકારો માટે વધુ મૈત્રીપૂર્ણ અને વધુ સુલભ બનાવી દેવામાં આવ્યું છે.




૭ મે, ૨૦૧૫ના રોજ નવી દિલ્હી ખાતે ઇન્ડિયા ૨૦૧૫ અને ભારત ૨૦૧૫ની ઈ-બુક્સનું વિમોચન કરતાં માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અરૂણ જેટલીએ કહ્યું હતું કે, આ પ્રકાશનોને ઈલેક્ટ્રોનિક પ્રકાર (e-mode)માં પ્રાપ્ય બનાવવાથી ભારત અંગેની માહિતીના ખજાનાનો ઉપયોગ વિશાળ પ્રમાણમાં ડિજિટલ માધ્યમોના દર્શકો કરી શકશે. તેમણે કહ્યું હતું કે પ્રકાશન ઉદ્યોગમાં આવતા સમકાલીન બદલાવો સાથે માહિતી પ્રસારણ મંત્રાલયનો આ વિભાગ કદમ મિલાવી રહ્યો છે.




ટેકનિકલી રીતે આ ઈ-બુક્સ સર્વોત્તમ આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબની છે અને આ પુસ્તકોની પ્રિન્ટ આવૃત્તિની ભરોસાપાત્ર આબેહૂબ નકલ છે. ઈ-ઇન્ડિયા/ઈ-ભારત ૨૦૧૫ વાચકને અનુકૂળ હોય તેવી સોશિયલ મીડિયા ઉપર સહેલાઈથી શેર કરી શકવા ઉપરાંત હાઈપરલિંક્સ, હાઈલાઈટિંગ, બુકમાર્ક જેવી વિવિધ સુવિધાઓ પણ ધરાવે છે. આ પુસ્તકો વાચકોને સાનુકૂળ હોય તેવી સામગ્રીમાંથી સર્ચ કરી શકાય, સંદર્ભ સૂચિ, વાચવા માટે સુવ્યવસ્થિત, બેક-અપ અને પુનઃપ્રાપ્તિ જેવી સુવિધાઓ પૂરી પાડે છે. ઉપરાંત, પરીક્ષાની તૈયારી કરતાં યુવાનો, સંશોધકો, વિશ્લેષકો વગેરે પાસે પ્રિન્ટ થયેલી પુસ્તક તેમના સુધી પહોંચે એટલો સમય હોતો નથી, તેથી તેમના માટે ઈબુક્સ એક અદ્‌ભુત વિકલ્પ છે.




ગુગલ પ્લે બુક્સ અને ફ્લીપકાર્ટ જેવા પ્રમુખ ઈ-કોમર્સના માધ્યમો દ્વારા આ ઈ-બુક્સની કિંમત રૂ. ૨૬૩ જેટલી રાખવામાં આવી છે, જેનાથી વધુ ડિસ્કાઉન્ટ મળી રહે છે. જે-તે ઈ-રિટેલરની વેબસાઈટ પર જઈ અને ઇન્ડિયા યર બુક સર્ચ કરી તેને સરળતાથી ડાઉનલોડ કરી શકાય છે. ત્યારબાદ તો હાથમાં પુસ્તક હોય તેવી સહેલી રીતે તેનો ઉપયોગ કરી શકાય છે. ઈ-બુક્સ બહાર પડવાથી હવે લોકો ઝડપથી અને સહેલાઈથી સૌથી વધુ પ્રમાણભૂત એવા સ્ત્રોત પાસેથી આપણા દેશ અને સરકારી કાર્યક્રમો વિષે વિશ્વસનિય માહિતી મેળવી શકશે. પ્રિન્ટ બુક્સનું વેચાણ કે વહેંચણી કષ્ટદાયક અને લાંબી પ્રક્રિયા છે તેવા રીમોટ વિસ્તારોમાં રહેતા લોકો માટે આ ઈ-બુક્સ ખાસ મહત્ત્વની છે.

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૫ મે, ૨૦૧૫
પોસ્ટિંગ તા. ૧ જૂન, ૨૦૧૫

**YOJANA (GUJARATI), June 2015**

**O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ००७

## પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો

| | |
|---|---|
| માદામ ભિખાઈજી રુસ્તમજી કામા | ૬૦-૦૦ |
| ઠક્કરબાપા | ૮૦-૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦-૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ | ૭૦-૦૦ |
| વૈજ્ઞાનિકો | ૪૫-૦૦ |
| ભારતીય જનતાના ઇતિહાસની રૂપરેખા | ૭૦-૦૦ |
| આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫-૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬-૦૦ |
| સૌંદર્ય મીમાંસકો | ૫૦-૦૦ |
| કાલીદાસ કહાની | ૩૨-૦૦ |
| વાલ્મીકિ અને વ્યાસ | ૨૨-૦૦ |
| સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦-૦૦ |
| રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫-૦૦ |
| દાર્શનિકો અને ધાર્મિક અગ્રેસરો | ૨૮-૦૦ |
| તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮-૦૦ |
| ભારતીય જનજાતિઓ અતીતના ઝરુખેથી | ૧૦૦-૦૦ |
| રાજકુમારી નિહાલદે | ૧૨-૦૦ |
| દૃષ્ટાઓ અને ચિંતકો | ૫૦-૦૦ |
| સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮-૦૦ |
| કાકા સાહેબ કાલેલકર | ૨૧૦-૦૦ |
| સંગીતજ્ઞો | ૪૫-૦૦ |
| ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦-૦૦ |
| ગુજરાતમાં જાગૃતિની લહેર | ૭૨-૦૦ |
| મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫-૦૦ |
| કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫-૦૦ |
| લાલબહાદુર શાસ્ત્રી | ૭૦-૦૦ |
| સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦-૦૦ |
| ગુરુનાનકથી ગુરુગ્રંથ સાહેબ સુધી | ૧૬૦-૦૦ |
| ગાંધી-સચિત્ર જીવનકથા | ૧૨૫-૦૦ |
| નાના સાહેબ પેશ્વા | ૧૨૦-૦૦ |
| મહાત્મા જ્યોતિબા ફુલે | ૧૫૦-૦૦ |
| | કુલ રૂ. ૨૫૯૮-૦૦ |

**Printed and Published by Dr. (Ms) Sadhana Rout, Additional Director General and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, Lodhi Road, New Delhi-110 003**

Printed By : **Sahitya Mudranalaya Pvt. Ltd.,** 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 • Phone : 25469101-02

**Director & Chief Editor : Deepika Kachhal** **Dy. Director : Amita Maru**

For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 26100207 / 26105590**